# જૈન દર્શનમાં
# નયવાદની વિશિષ્ટતા



: લેખક :

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી મ.સા.

# જૈન દર્શનમાં નયવાદની વિશિષ્ટતા

: લેખક :

પ્રતિષ્ઠા શિરોમણિ - ગચ્છાધિપતિ
પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય
**સુશીલસૂરીશ્વરજી મ.સા.**

: સંપાદક :

જીર્ણોદ્ધાર પ્રેરક - સુમધુર પ્રવચનકાર
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

: પ્રકાશક :

**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**
જોધપુર (રાજ.)

**પુસ્તક : જૈન દર્શનમાં નયવાદની વિશિષ્ટતા**


**પ્રતિ : ૧૦૦૦**

**આવૃત્તિ : દ્વિતીય**

**મૂલ્ય : પઠન-પાઠન**


## પ્રાપ્તિ સ્થાન


**શ્રી અષ્ટાપદ જૈન તીર્થ**
સુશીલ વિહાર, વરકાણા રોડ
મુ. રાની સ્ટેશન
પિન : 306 115. જિ. પાલી (રાજ.)
Ph.: (02934) 222715
Fax : 223454

**આચાર્ય શ્રી સુશીલ સૂરિજી**
જ્ઞાન મંદિર
શાન્તિ નગર
પો. સિરોહી - 307 003 (રાજ.)

**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**
C/o. સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી
રાઈકા બાગ, પુરાની પુલિસ લાઈન,
પો. જોધપુર - 342 006 (રાજ.)
Ph.: (0291) 2511829, 2510621
Fax : 2511674


**સુશીલ સંદેશ પ્રકાશન મંદિર**
જી-૪/૬, રાની સતી નગર, પહેલે માળ
એસ. બી. રોડ, મલાડ (પશ્ચિમ)
પો. મુંબઈ - 400 064 (રાજ.)
Ph.: (022) 28897779, 28723362
Mobile : 098200 67121

**શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ**
C/o. શા. દેવરાજજી જૈન
૧૨૫, મહાવીર નગર, પો. પાલી - 306 401
Ph.: (02932) (O) Fax : 231667
(R) 230146
Mobile : Devrajji - 94141 19667
Rakesh - 98290 20667

**સુશીલ ફાઉન્ડેશન**
C/o. Mangilal MangalChand Tater
52, Maddox Street, Vepery
CHENNAI - 600 007
Ph.: (044) 26422632, 26422773
Fax : 26427698

**શ્રી સુશીલ ગુરુભક્ત મંડલ** C/o. શા. જુગરાજજી દાનમલજી શ્રીશ્રીમાલ
C/o. S. K. & Co.
51/53, New Hanuman Lane, Maru Bhawan
MUMBAI - 400 002 (M.H.)
Ph.: (O) 22015157 (R) 23712546 Mobile : 98690 07161

સાહિત્ય સમ્રાટ્




॥ નમામિ સાદરં
લાવણ્ય સૂરીશં ॥

શાસન સમ્રાટ્



॥ નમામિ સાદરં નેમિ સૂરીશં ॥

સંયમ સમ્રાટ્




॥ નમામિ સાદરં
દક્ષ સૂરીશં ॥

પ્રતિષ્ઠા શિરોમણિ - ગચ્છાધિપતિ



॥ નમામિ સાદરં
સુશીલ સૂરીશં ॥

જીર્ણોદ્ધાર પ્રેરક
સુમધુર પ્રવચનકાર



॥ નમામિ સાદરં જિનોત્તમ સૂરીશં ॥


# સમર્પણ

આસ્થા કે આયામ
ગુણોં કે નિધાન
કવિત્વ કે અજસ્રોત
જ્ઞાન ગુણ ઓત-પ્રોત

પરમોપકારી-ભવોદધિતારક-પરમકૃપાલુ
મેરી જીવન નૈયા કે સુકાની
પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.
ના કર-કમલોમાં સવિનય
સાદર સમર્પિત...

–વિજય જિનોત્તમસૂરિ


કૃપા છત્ર મુઝ પર સદા, રખના દીન દયાલ ।
યહી જિનોત્તમ ભાવના, રખના પૂર્ણ કૃપાલ ॥



# પ.પૂ. શાસન સમ્રાટ્ સમુદાયના
# વડિલ-ગચ્છાધિપતિ
# પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
# શ્રીમદ્ વિજય
# સુશીલસૂરીશ્વરજી મ.સા.

**: જીવન પરિચય :**

| | |
|---|---|
| **જન્મ** | : વિ.સં. ૧૯૭૩, ભાદ્રપદ શુક્લ દ્વાદશી, ૨૮ જૂન ૧૯૧૭, ચાણસ્મા (ઉ.ગુ.) |
| **માતા** | : શ્રીમતી ચંચલબેન મેહતા |
| **પિતા** | : શ્રી ચતુરભાઈ મેહતા |
| **નામ** | : ગોદડભાઈ |
| **પરિવાર ગૌત્ર** | : ચૌહાણ ગૌત્ર વીશા શ્રીમાલી |
| **સંયમી પરિવાર** | : પિતાજી તથા બે ભાઈ અને બહેને જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી |
| **દીક્ષા** | : વિ.સં. ૧૯૮૮ કાર્તિક (માર્ગશીર્ષ) કૃષ્ણા-૨, તા.૨૭ નવેમ્બર ૧૯૩૧ શ્રી પદ્મનાભ સ્વામી જૈન તીર્થ, ઉદયપુર (રાજ.) |
| **દીક્ષા નામ** | : પૂ. મુનિ શ્રી સુશીલ વિજયજી મ.સા. |
| **બડી દીક્ષા** | : વિ.સં. ૧૯૮૮, મહા સુદી પંચમી, શેરીસા તીર્થ (ગુજરાત) |
| **ગણિપદવી** | : વિ.સં. ૨૦૦૭, કાર્તિક (માર્ગશીર્ષ) કૃષ્ણા ૯, તા. ૧ ડિસેમ્બર ૧૯૫૦ વેરાવલ (ગુજરાત) |
| **પંન્યાસ પદવી** | : વિ.સં. ૨૦૦૭, વૈશાખ શુક્લા-૩, તા.૯ મે ૧૯૫૧, અમદાવાદ (ગુજરાત) |
| **ઉપાધ્યાય પદ** | : વિ.સં. ૨૦૨૧, માઘ શુક્લા-૩, તા.૪ ફેબ્રુઆરી ૧૯૬૫, મુંડારા (રાજસ્થાન) |
| **આચાર્ય પદ** | : વિ.સં. ૨૦૨૧, માઘ શુક્લા-૫, તા.૬ ફેબ્રુઆરી ૧૯૬૫, મુંડારા (રાજસ્થાન) |
| **સાહિત્ય સર્જન** | : લગભગ ૧૫૦ ગ્રંથ પુસ્તકોનું લેખન, પુસ્તકોનું અનુવાદ, ગ્રન્થોનું સમ્પાદન |
| **પ્રતિષ્ઠા** | : ૧૭૧ થી વધુ જૈન મંદિરોની પ્રતિષ્ઠા અને અંજનશલાકા (વિ.સં. ૨૦૧૭ થી વિ.સં. ૨૦૫૮ સુધી) |
| **જૈન તીર્થ નિર્માતા** | : શ્રી અષ્ટાપદ જૈન તીર્થ - સુશીલ વિહાર, રાની (રાજસ્થાન) |
| **અલંકરણ** | : સાહિત્યરત્ન, શાસ્ત્ર વિશારદ તથા કવિભૂષણ, મુંડારા (રાજસ્થાન) |
| **જૈનધર્મ દિવાકર** | : વિ.સં. ૨૦૨૭, જૈસલમેર (રાજસ્થાન) |
| **મરુધર દેશોદ્ધારક** | : વિ.સં. ૨૦૨૮, રાની સ્ટેશન (રાજસ્થાન) |
| **રાજસ્થાન દીપક** | : વિ.સં. ૨૦૩૧, પાલી-મારવાડ (રાજસ્થાન) |
| **શાસન રત્ન** | : વિ.સં. ૨૦૩૧, જોધપુર (રાજસ્થાન) |
| **શ્રી જૈન શાસન શણગાર** | : વિ.સં. ૨૦૪૬, મેડતા સિટી (રાજસ્થાન) |
| **પ્રતિષ્ઠા શિરોમણિ** | : વિ.સં. ૨૦૫૦, શ્રી નાકોડા જૈન તીર્થ, મેવાનગર (રાજસ્થાન) |
| **જૈન શાસન શિરોમણિ** | : વિ.સં. ૨૦૫૫, પાલી શહેરમાં |
| **પટ્ટ પરંપરા** | : શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માના વર્તમાન જૈન શાસનમાં તેમના જ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી મહારાજની સુવિહિત પરંપરાની ૭૭મી પાટ પર સુશોભિત તપાગચ્છાચાર્ય |



**સંપાદક**

## સુમધુર પ્રવચનકાર
## પ.પૂ. આચાર્યદેવ
## શ્રીમદ્ વિજય
## જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.

## મિતાક્ષરી પરિચય

| | |
|---|---|
| માતા | : શ્રી દાડમીબાઈ (વર્તમાનમાં પ.પૂ. સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.) |
| પિતા | : શ્રી ઉત્તમચન્દજી અમીચન્દજી મરડીયા (પ્રાગ્વાટ) |
| જન્મ | : જાવાલ, સં. ૨૦૧૮, ચૈત્ર વદ-૬, શનિવાર, ૨૭ માર્ચ ૧૯૬૨ |
| સાંસારિક નામ | : જયન્તીલાલ |
| શ્રમણ નામ | : પૂ. મુનિરાજ શ્રી જિનોત્તમ વિજયજી મ.સા. |
| ગુરુદેવ | : પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષા | : જાવાલ, સં. ૨૦૨૮, જ્યેષ્ઠ વદ-૫, રવિવાર, ૧૫ મે ૧૯૭૧ |
| બડી દીક્ષા | : ઉદયપુર, સં. ૨૦૨૮, આષાઢ શુક્લ-૧૦ |
| ગણિપદ | : સોજત સિટી, સં.૨૦૪૬, માગશર શુક્લ-૬, સોમવાર ૪ ડિસેમ્બર ૧૯૮૯ |
| પંન્યાસ પદ | : જાવાલ, સં.૨૦૪૬, જ્યેષ્ઠ શુક્લ-૧૦, શનિવાર, ૨ જૂન ૧૯૯૦ |
| ઉપાધ્યાય પદ | : કોસેલાવ, વિ.સં. ૨૦૫૩, મૃગશીર્ષ વદ-૨, બુધવાર ૨૭ નવેમ્બર ૧૯૯૬ |
| આચાર્ય પદ | : લાટાડા, વિ.સં. ૨૦૫૪, વૈશાખ શુક્લ-૬, ૧૨ મે ૧૯૯૭ |

**: પરિવારમાં દીક્ષિત :**

| | |
|---|---|
| દાદા | : પૂ. મુનિ શ્રી અરિહંત વિજયજી મ. |
| દાદી | : પૂ. સાધ્વી શ્રી ભાગ્યલતાશ્રીજી મ. |
| માતા | : પૂ. સાધ્વી શ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ. |
| ભુઆ | : પૂ. સાધ્વી શ્રી સ્નેહલતાશ્રીજી મ. |
| ભુઆ | : પૂ. સાધ્વી શ્રી ભવ્યગુણાશ્રીજી મ. |

॥ ॐ ह्रीँ नमो तित्थस्स ॥

**ધન્ય તીર્થ** **જય અષ્ટાપદ**

રાજસ્થાન શણગાર... ભારત ભૂષણ... ગોડવાડ ગૌરવ...


સંપૂર્ણ ભારત વર્ષમાં પ્રથમ પ્રયાસ...

# શ્રી અષ્ટાપદ જૈન તીર્થ

સુશીલ વિહાર, વરકાણા રોડ, રાની - 306 115

જિ. પાલી (રાજ.)

Ph.: (02934) (O) 222715 Fax : 223454



**શુભ પ્રેરણા**

પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.**

પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

સેવા-પૂજા-ભક્તિનું અનુપમ ધર્મસ્થાન

: સુવિધાઓ :

ભોજન અને ભાતાશાળા, આધુનિક યાત્રી નિવાસ, યાતાયાત સાધન.

દર્શનાર્થે પધારી આત્મ-શાન્તિ પ્રાપ્ત કરો.

સર્વજન હિતાય - સર્વજન સુખાયની

સત્પ્રેરણાથી પ્રકાશીત હિન્દી પત્રિકા...

અવશ્ય વાંચો... અવશ્ય વાંચો...

# સુશીલ સન્દેશ

: માનદ સમ્પાદક :

શ્રી નૈનમલ વિનયચંદ્રજી સુરાણા, સિરોહી

★ શું આપ આપના જીવનને સુસંસ્કારોથી સુવાસિત કરવા માંગો છો ?

★ શું આપ જૈન ધર્મના રહસ્ય, જૈન ઈતિહાસ-તત્વજ્ઞાન, જૈન આચાર-પ્રેરણાદાયી વાર્તાઓ વાંચીને જીવનને ધર્મથી સુવાસિત કરવા માંગો છો ?

★ હાઁ ! તો આજે જ **સુશીલ-સન્દેશ**ના આજીવન સભ્ય બનો.

**અનેકવિધ વિશેષતાઓથી પરિપૂર્ણ**

**જીવનમાં સદાચાર-પવિત્રતાનો સન્દેશ મોકલનાર...**

**છેલ્લા ૧૮ વર્ષોથી નિયમિત પ્રકાશિત**

આજીવન સદસ્ય (સભ્ય) માત્ર રૂપિયા 711/-

**સુશીલ-સન્દેશ**

**ના સદસ્ય અવશ્ય બનો...**

આપનો સહયોગ અવશ્ય પ્રાપ્ત થાઓ...

: સમ્પર્ક સૂત્ર :

**સુશીલ સન્દેશ પ્રકાશન મન્દિર**


જી-૪/૬, રાની સતી નગર, પહેલે માળે, એસ. બી. રોડ,

મલાડ (પશ્ચિમ), મુ. મુંબઈ - 400 064.

# શ્રી જૈન શાસન સેવા ટ્રસ્ટ (રજિ.)

**કાર્યાલય : ૧૨૫, મહાવીર નગર, પાલી (રાજ.)**

સહયોગ... સદ્ભાવના...



સેવા... સંસ્કાર...

**રૂા. ૧,૧૧૧ નો સહયોગ આપી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરો...**

## શુભ આશીર્વાદ

**પ્રતિષ્ઠા શિરોમણિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સુશીલ સૂરીશ્વરજી મ.સા.**
**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ.સા.**

## પાવન પ્રેરણા

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધ સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની**
**પૂ.સાધ્વીશ્રી લલિતપ્રભાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ.સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી મ.સા.ની શિષ્યા**
**પૂ. સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા., પૂ.સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. (પૂ. માતાજી મ.)**
**પૂ. સાધ્વીશ્રી શીલગુણાશ્રીજી મ.સા., પૂ.સાધ્વીશ્રી પ્રફુલ્લપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા**

## ટ્રસ્ટ મંડલ


**અધ્યક્ષ** : શા. હસ્તિમલજી દેવીચંદજી મુઠલિયા, તખતગઢ (મુંબઈ)
**ઉપાધ્યક્ષ** : શા. હુકમીચંદજી તારાચંદજી, કૈલાશનગર (ચૈન્નઈ)
શા. દિલીપકુમારજી પુખરાજજી, શિવગંજ (સિમોગા)
**મહાસચિવ** : શા. બાબુલાલજી હસ્તિમલજી કોઠારી, રાની (પાલી)
**સચિવ** : શા. મંછાલાલજી કુંદનમલજી, તખતગઢ (મુંબઈ)
**કોષાધ્યક્ષ** : શા. દેવરાજજી દીપચંદજી રાઠોડ, જવાલી (પાલી)
**સહ-કોષાધ્યક્ષ** : શા. મહાવીરચંદજી દેવીચંદજી પાલરેચા, દુદાડા (બાલોતરા)
**ટ્રસ્ટી** : શા. પ્રકાશચંદજી ગેનમલજી, જાવાલ (ચૈન્નઈ)
શા. પન્નાલાલજી રિખબચંદજી, જાવાલ (ચૈન્નઈ), શા. ઘેવરચંદજી ભૂરમલજી, અગવરી (નેલ્લૂર)
સંઘવી શ્રી હસમુખભાઈ ધનરાજજી, મંડાર (દિલ્લી), શા. અશોકકુમારજી ઘીસુલાલજી રાઠોડ,
ચાંચોડી (પૂના), શા. દેવરાજજી કિસ્તુરચન્દજી, રામાજી ગુડા (ભિવન્ડી)

॥ ॐ ह्रीँ अर्हद्भ्यो नमो नमः ॥

# જૈનદર્શનમાં નયવાદની વિશિષ્ટતા

વિશ્વમાં અનેક પ્રકારના વાદો છે. જૈનદર્શનમાં જેમ સ્યાદ્વાદ-અનેકાન્તવાદની સર્વોત્કૃષ્ટતા અને કર્મવાદની સર્વોત્તમતા સુપ્રસિદ્ધ છે તેમ નયવાદની પણ વિશિષ્ટતા સુવિખ્યાત છે.

જૈનદર્શનમાં એ નયવાદની વિશિષ્ટતાનું જ માત્ર અત્રે દિગ્દર્શન કરાવાય છે.

સમસ્ત વિશ્વના સર્વ ભાવો હસ્તામલકવત ક્ષણે ક્ષણે પ્રત્યક્ષ કરનાર સર્વજ્ઞ એવા કેવલજ્ઞાનીને અર્થાત્ પૂર્ણજ્ઞાનીને નયજ્ઞાનની અપેક્ષા હોતી નથી. તેઓને તો પ્રમાણજ્ઞાન જ અપેક્ષિત છે. જેઓ જગતમાં અપૂર્ણજ્ઞાની એટલે અધુરાજ્ઞાની છે તેઓને તો નયજ્ઞાનની અત્યંત આવશ્યકતા રહે છે.

## નયનું લક્ષણ

"नयतीति नयः"-લઈ જાય તે "નય" કહેવાય.

આવા નયના સાધારણ લક્ષણથી સહજ પ્રશ્ન થાય કે- કોને ક્યાં લઈ જાય ?

ત્યારે જણાવવું જોઈએ કે, વિશ્વની કોઈ પણ વસ્તુ અનેક ધર્માત્મક છે. આવી અનેક અવયવોથી સમન્વિત વસ્તુને સ્વ અભિપ્રેત (પોતાને ઈષ્ટ) અવયવમાં લઈ જવી તેને "નય" કહેવામાં આવે છે.

આજ વસ્તુને વિસ્તૃત કરી વિચારીએ તો જુદી જુદી રીતે પણ લક્ષણો દષ્ટિગોચર થાય છે. જુઓ-

(१) नानास्वभावेभ्यो व्यावृत्त्यैकस्मिन् स्वभावे वस्तु नयति प्राप्नोतीति नयः ।

-વસ્તુને અનેક ભિન્ન ભિન્ન સ્વભાવોમાંથી વ્યાવૃત્ત (દૂર) કરી એક સ્વભાવમાં લાવવી, પ્રાપ્ત તે "નય" કહેવાય છે.

(२) अनन्तधर्माध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्म विशिष्टं नयति प्रापयति संवेदनकोटिमारोहयतीति नयः ।

-અનંત ધર્મથી સમન્વિત વસ્તુને પોતાને ઈષ્ટ કોઈ એક ધર્મમાં લઈ જવી, અર્થાત્ પોતાના જ્ઞાનનો વિષય બનાવવી તે "નય" કહેવાય છે.

(३) सर्वत्रानन्तधर्माध्यासिते वस्तुनि एकांश-ग्राहको बोधो नयः ।

-વસ્તુમાત્રમાં અનંત ધર્મનો અધ્યાસ રહેલો છે, તેમાંથી એક અંશ ગ્રહણ કરનાર જે જ્ઞાન તે "નય" કહેવાય છે.

(४) प्रमाणेन संगृहीतार्थैकांशो नयः ।

-પ્રમાણ વડે કરીને સંગ્રહ કરેલા અર્થનો જે એક અંશ તે "નય" કહેવાય છે.

(५) ज्ञातुरभिप्रायः श्रुतविकल्पो वा इत्येके ।

-જ્ઞાતાનો અભિપ્રાય અથવા શ્રુતનો વિકલ્પ તે "નય" કહેવાય છે. (એમ કેટલાક કહે છે.)

(६) नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्वार्थ-स्यांशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्राय-विशेषो नयः ।

પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે કરીને નિશ્ચિત કરેલ વસ્તુના અંશને

જે ગ્રહણ કરે, અને બાકીના અંશો અંગે ઉદાસીન રહે, અર્થાત્ અંશોનો નિષેધ ન કરે તે "નય" કહેવાય છે.

આ રીતે નયના અનેક લક્ષણો છે. તે સર્વેનો સારાંશ એજ છે કે-

એક જ વસ્તુને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવી. આજ નયનું કાર્ય છે.

## નયના ભેદો

નય અનંત છે. કારણકે પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મો રહેલા હોવાથી પ્રત્યેક ધર્મને જણાવનારા નયો પણ અનંતા છે. ભિન્ન વસ્તુઓમાં રહેલા અનંત અંશોના એકેક અંશને કથન કરનારા વક્તના જે વચન તે સર્વે નય છે.

આ અંગે કહ્યું છે કે-

"जावईया वयणपहा तावईया चेव हुंति नयवाया।
जावईया नयवाया तावईया चेव परसमया ।।"

(सम्मति सूत्र, ३-४७)

"જેટલા વચનપથ છે તેટલા જ નયવાદ છે, અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય છે."

આ રીતે અનંતા નયોનું જ્ઞાન છદ્મસ્થ આત્મા કરવા માટે કે જાણવા માટે શક્તિમાન થઈ શકે નહીં. માટે જ જ્ઞાની મહાપુરુષો એ સંક્ષેપમાં તેના પ્રકારો-ભેદોનો સમાવેશ કર્યો છે. તે આ પ્રમાણે-

નય બે પ્રકારે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, આ અંગે કહ્યું છે કે-

"णिच्छय-ववहारनया मूलिमभेदा णयाण सव्वाणं।
णिच्छयसाहणहेऊ दव्वयपज्जदिया मुणह ॥"

સર્વ નયોના મૂળ ભેદ નિશ્ચયનય અને વ્યવહારનય છે તેમાં નિશ્ચય નયના સાધન હેતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક જાણો.

દ્રવ્યાર્થિકનય-એટલે "गुणपर्यायवद्‌द्रव्यम्" । (तत्त्वार्थ० अ० ६, सू० ३७)

ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે, અર્થાત્ ગુણ અને પર્યાય જેને હોય તે દ્રવ્ય કહેવાય છે.

આ દ્રવ્ય જ છે અર્થ કે પ્રયોજન જેનું તે દ્રવ્યાર્થિકનય કહેવાય છે.

દિગમ્બર મતાનુસાર આ દ્રવ્યાર્થિકનયના દશ ભેદ છે તેમાં ત્રણ શુદ્ધ દ્રવ્યાર્થિક, ત્રણ અશુદ્ધ દ્રવ્યાર્થિક અને શેષ ચાર બન્નેથી પૃથગ્ સ્વતંત્ર છે.

તે દશોના નામો નીચે પ્રમાણે છે-

(૧) કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય, (૨) ઉત્પાદ-વ્યય ગૌણત્વેન સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય, (૩) ભેદ કલ્પના ગૌણત્વેન સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનય, (૪) કર્મોપાધિ સાક્ષેપ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય, (૫) ઉત્પાદવ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક નય, (૬) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય, (૭) અન્વયદ્રવ્યાર્થિક નય, (૮) સ્વ-દ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય, (૯) પરદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય અને (૧૦) પરમભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક નય.

હવે ક્રમશઃ આ દશ ભેદોનું યત્કિંચિત્ સ્વરૂપ વિચારીએ.

## (૧) કર્મોપાધિ નિરપેક્ષ (રહિત)
## શુદ્ધદ્રવ્યાર્થિક નય

કર્મની ઉપાધિની અપેક્ષા વિના દ્રવ્ય અંગે જે કહેવું તે કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિક નય કહેવાય છે.

આ શુદ્ધ દ્રવ્યાર્થિક નય શુદ્ધાત્મ સ્વરૂપને આગળ કરે છે, પણ કર્મવશ થતી ભિન્ન ભિન્ન સ્થિતિઓને આગળ કરતો નથી.

"जीवः सिद्धसदृशः शुद्धात्मा ।" -જીવ છે તે સિદ્ધમાન શુદ્ધાત્મા છે. અર્થાત્ આ નય સર્વ સંસારી જીવોને સિદ્ધ સમાન ગણે છે.

આ જ હકીકત નીચેની ગાથાથી પુષ્ટ થાય છે.

"मग्गण-गुणठाणेहिं य,
चउदसहि हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी सव्वे सुद्धा हु सुद्धणया ।।"

(द्रव्यसंग्रह गाथा-१३)

ચૌદ માર્ગણા અને ચૌદગુણસ્થાનકની વિચારણા અશુદ્ધ નયને આશ્રયીને છે. શુદ્ધનયને આશ્રયીને તો સર્વ સંસારી જીવો ખરેખર શુદ્ધ છે એમ જાણવું.

શુદ્ધદ્રવ્યાર્થિક નય નો આ ભેદ છે. (૧)

## (૨) ઉત્પાદ વ્યય ગૌણત્વેન સત્તાગ્રાહક
## શુદ્ધદ્રવ્યાર્થિક નય

ઉત્પાદ અને વ્યયને ગૌણ કરી સત્તા (ધ્રૌવ્ય) ને મુખ્યપણે જે ગ્રહણ કરે તે ઉત્પાદ વ્યય ગૌણત્વેન સત્તાગ્રાહક શુદ્ધભ્યાર્થિક નય કહેવાય છે.

આ નય કહે છે કે- "द्रव्यं नित्यम्" દ્રવ્ય નિત્ય છે.તેના સ્વરૂપમાં કોઈ પણ કાળે ફેરફાર થતો નથી. ભલે પ્રતિસમય ઉત્પાદ વ્યયરૂપ પર્યાયોમાં પરિવર્તન થતું હોય તો પણ દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ અર્થાત્ દ્રવ્યની મૂળ સત્તા ત્રણે કાલમાં અવિચલિત રહે છે. સદા કાયમ જ રહે છે.

શુદ્ધ દ્રવ્યાર્થિક નય નો આ ભેદ છે. (૨)

## (૩) ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય

ભેદની કલ્પનાની અપેક્ષા જે ન રાખે તે ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

આ શુદ્ધ દ્રવ્યાર્થિક નય તે તે દ્રવ્યના ગુણપર્યાયો તે તે દ્રવ્યસ્વરૂપ માને છે, પરંતુ ભિન્ન-જુદા માનતો નથી. માટે જ કહ્યું છે કે-

"निजपर्यायस्वभावत्वादभिन्नं द्रव्यम् ।"

પોતાના ગુણ, પર્યાય સ્વભાવથી અભિન્ન તે દ્રવ્ય.

આત્મા જ્ઞાનાદિ ગુણો અને પર્યાયો આત્મા કરતાં ભિન્ન નથી, તેમજ પુદ્‌ગલના રૂપાદિ ગુણો અને ઘટપટાદિક પર્યાયો પુદ્‌ગલ કરતાં ભિન્ન નથી, અર્થાત્ અભિન્ન છે એ જ વાતનું સમર્થન આ નય કરે છે. ભેદની અર્પણા નહીં કરતાં અભેદની અર્પણા કરે છે.

શુદ્ધ દ્રવ્યાર્થિક નય નો આ ભેદ છે. (૩)

## (૪) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય

કર્મની ઉપાધિની અપેક્ષા રાખીને દ્રવ્ય અંગે જે કહેવું તે કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

આ નય આત્મામાં કર્મની ઉપાધિથી જે ફેરફાર થાય છે

અર્થાત્ પરિવર્તન થાય છે, તેની અપેક્ષા આગળ કરીને આત્માના તે સ્વરૂપને માન્ય રાખે છે. માટે જ કહ્યું છે કે- "क्रोधादिकर्मजभाव आत्मा" ક્રોધાદિ કર્મભાવવાળો આત્મા.

અહીં આત્માને ક્રોધાદિ સ્વભાવવાળો કહ્યો, તે કર્મની ઉપાધિને લઈને, અર્થાત્ કર્મને લઈને ક્રોધાદિ ભાવમાં વર્તતો આત્મા ક્રોધાદિ ભાવવાળો કહેવાય છે.

લોહપિંડ અને અગ્નિ ભિન્ન છે, છતાં પણ અગ્નિથી લાલચોળ બનેલા લોઢાના ગોળાને અગ્નિનો ગોળો કહેવામાં આવે છે.

એ જ પ્રમાણે આત્મા પણ જે સમયે જેવા ભાવે પરિણમે, તે સમયે તેવા ભાવરૂપે કહેવાય છે.

આથી જ આત્માના તેવા ક્રોધ મોહનીયાદિ કર્મના ઉદયથી થતા પરાવર્તનોની અપેક્ષાને વશ થતા ભેદોને માન્ય રાખીને સિદ્ધાંતકારે સિદ્ધાંત (શાસ્ત્ર) માં જણાવેલા આઠ પ્રકારના આત્માના ભેદો પ્રસિદ્ધ છે.

## (૫) ઉત્પાદ-વ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક નય

ઉત્પાદ (ઉત્પત્તિ) અને વ્યય (વિનાશ) ની અપેક્ષા રાખીને સત્તાનું જે ગ્રહણ કરવું તે "ઉત્પાદ-વ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

સત્તાના ક્ષેત્રમાં કામ કરી રહેલ આ દ્રવ્યાર્થિક નય ઉત્પાદ અને વ્યયને પણ જ્યારે માન્ય રાખે છે ત્યારે જ તે અશુદ્ધ તરીકે કહેવાય છે. આથી જ આ નય અશુદ્ધ છે. તેને ગૌણભાવે પણ ઉત્પાદ અને વ્યયની અપેક્ષા માન્ય રાખી છે.

જુઓ- સોનાની કંઠી હોય, તેને ભાંગીને કડું કરવામાં આવે ત્યારે સોનું કાયમ રહે છે એ તો વ્યાજબી છે, પરંતુ સોનાની કંઠીનો વિનાશ અને સોનાના કડાંની ઉત્પત્તિ જે થાય છે તે પણ આ નયને માન્ય રાખવું પડ્યું છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી મ.શ્રીએ** દ્રવ્યગુણ પર્યાયના રાસમાં આવતી ઢાળ પાંચમીમાં એટલા જ માટે કહ્યું છે કે-

**"તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉત્પત્તિ સાપેખો રે;**
**ઉત્પાદ વ્યય ધ્રુવ એક ઇં, સમઇં દ્રવ્ય જિન પેખો રે."**

(ગ્યાન૦ ૧૪)

મુખ્યપણે નય પોતના અર્થોને ગ્રહણ કરવામાં પણ સપ્તભંગીને આગળ કરીને તે પ્રવૃત્તિ કરે છે એટલે દ્રવ્યાર્થિક નય પર્યાયાર્થિક નયના વિષયને ગૌણભાવે માન્ય રાખે તેમાં તેના નયપણાને હાનિ પહોંચી શકે નહીં.

આથી આ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેને માન્ય રાખે છે છતાં તેને નય તરીકે સમ્બોધી શકાય છે.

## (૬) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય

ભેદ કલ્પનાની અપેક્ષા જે રાખે તે "ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

ગુણ અને ગુણીમાં જે ભેદ છે તે વાસ્તવિક નથી, પણ કાલ્પનિક છે. આ કાલ્પનિક ભેદ પણ દ્રવ્યાર્થિક નયને ગૌણભાવે માન્ય રાખવો પડે છે. તેથી જ આ નય અશુદ્ધ છે.

"જ્ઞાન અને આત્મા" અભિન્ન છે અર્થાત્ જુદા નથી. એમ

જે માનવામાં આવે તો જ્ઞાનવાળો આત્મા અથવા આત્માનું જ્ઞાન એ પ્રમાણે જે કહેવાય છે તે અસત્ય-મિથ્યા થશે.

એ જ પ્રમાણે "રૂપ અને પુદ્ગલ" પણ જુદા નથી એમ જો માનવામાં આવે તો રૂપવાળા પુદ્ગલો અથવા પુદ્ગલોનું રૂપ પ્રમુખ જે કહેવાય છે તે પણ અસત્ય-મિથ્યા થશે એ અસત્ય-મિથ્યા છે એમ દ્રવ્યાર્થિક નય કહેતો નથી, પણ ત્યાં ભેદની અવસ્થાને તે માન્ય રાખે છે.

જુઓ- "भिक्षोः पात्रम्, सुवर्णस्य कटकम् " -સાધુનું પાત્ર અને સોનાનું કડું. અહીં ભેદમાં ષષ્ઠી વિભક્તિ હોવા છતાં પણ બન્ને સ્થળે ફેર છે. "भिक्षोः पात्रम्" ત્યાં જે ભેદ છે તે મુખ્ય છે અને "सुवर्णस्य कटकं च" ત્યાં જે ભેદ છે તે ગૌણ છે, કાલ્પનિક છે.

આ કાલ્પનિક ભેદ ગૌણભાવે હોવા છતાં પણ આ નયે માન્યો છે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રીએ "દ્રવ્યગુણ પર્યાયરાસ" માં ઢાળ પાંચમીમાં એટલા જ માટે જણાવ્યું છે કે-

**"ગહત ભેદની કલ્પના, છઠ્ઠો તેહ અશુદ્ધો રે,**
**જિમ આતમના બોલિઇં, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે."**

(ગ્યાન૦ ૧૫)

## (૭) અન્વય દ્રવ્યાર્થિક નય

ગુણ અને પર્યાયના વિષયમાં દ્રવ્યનો જે અન્વય કરવો તે "અન્વય દ્રવ્યાર્થિક નય" કહેવાય છે. જે દ્રવ્યરૂપ એક સ્વભાવને કહે છે. આ નય અન્વય સ્વભાવને આગળ કરીને સર્વ દ્રવ્યોને

ગુણ-પર્યાય સ્વરૂપે જાણે છે.

"गुणपर्यायवद् द्रव्यम् । (तत्त्वार्थ० अ० ५, सू०३७)"

-ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. એટલે ગુણ અને પર્યાય જેને હોય તે "દ્રવ્ય" કહેવાય છે. (૩૭)

આથી દ્રવ્યનો સ્વભાવ ગુણપર્યાય છે, ગુણ અને પર્યાયના વિષયમાં દ્રવ્યનો અન્વય છે.

તેથી કરીને દ્રવ્યાર્થદેશે દ્રવ્યને જાણે છે તે સાથે તદ્નુગત સર્વ ગુણ અને પર્યાયોને પણ જાણે છે.

## (૮) સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય

સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને જે ગ્રહણ કરે તે "સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

આ નય કોઈપણ દ્રવ્યની વિચારણા કરતાં સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ અને સ્વભાવના વિચારપૂર્વક તેને દ્રવ્ય સત્તા-સત્‌પણું સ્થિર કરે છે, જેમકે આત્મા. એ દ્રવ્યની વિચારણા કરતાં આત્મા-જીવનું ચેતન એ સ્વદ્રવ્ય છે, ઉર્ધ્વલોક, અધોલોક કે તીર્છાલોક પૈકી જે ક્ષેત્રમાં તે વર્તતો હોય એ તેનું સ્વક્ષેત્ર છે, ઉત્સર્પિણી આદિ જે કાળમાં તેની સ્થિતિ હોય તે તેનો સ્વકાળ છે અને જ્ઞાનાદિક ગુણો એ તેનો સ્વભાવ છે. એ પ્રમાણે આત્માની એટલે જીવની સત્તાનો નિર્ણય આ સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક નય કરે છે.

એ જ પ્રમાણે ઘટ-પટાદિક પદાર્થોમાં પણ આ નય નીચે પ્રમાણે નિર્ણય કરે છે. જુઓ-

જ્યારે કોઈ પણ પ્રાણી ઘટ દ્રવ્યનો વિચાર કરે ત્યારે તે ઘટ (ઘડો) જે માટીરૂપ દ્રવ્યથી બનેલો હોય તે માટીરૂપ દ્રવ્ય તે

ઘટનું સ્વદ્રવ્ય છે, જે ક્ષેત્રમાં બનેલો હોય તે ક્ષેત્ર એ ઘટનું સ્વક્ષેત્ર છે, જે કાળમાં બનાવવામાં આવ્યો હોય તે કાળ એ ઘટનો સ્વકાળ છે, અને લાલ અથવા કાળો જે પ્રકારનો ઘડો હોય એ તેનો સ્વભાવ છે.

એ પ્રમાણે ઘટની સત્તાનો પણ નિર્ણય આ નયે કર્યો. આ રીતે પટ વગેરેમાં પણ સમજી લેવું.

## (૯) પરદ્રવ્યાદિ ગ્રાહક-દ્રવ્યાર્થિક નય

પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવને જે ગ્રહણ કરે તે પરદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિકનય કહેવાય છે.

આ નય પણ પૂર્વના નયની જેમ જ્યારે જગતના કોઈ પણ દ્રવ્યની વિચારણા કરે છે ત્યારે તેના પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરસ્વભાવની પણ વિચારણા કરવાપૂર્વક દ્રવ્યની અસત્તાઓ નિર્ણય કરે છે, અર્થાત્ તે તે દ્રવ્યો અસત્ છે એમ આ નય જણાવે છે. જુઓ-

"परद्रव्यचतुष्टयाऽपेक्षया द्रव्यं नास्ति" પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ એ પરજાતિની અપેક્ષાએ દ્રવ્ય અસત્ છે.

માટીના બનાવેલા ઘટમાં તન્તુ એ પરદ્રવ્ય છે, મહાગુજરાતના બનાવેલા ઘટમાં મહારાષ્ટ્ર વગેરે ક્ષેત્ર એ પરક્ષેત્ર છે, ગ્રીષ્મકાળમાં બનાવેલા ઘટમાં શીતકાળ એ પરકાળ છે, અને શ્યામ બનાવેલા ઘટમાં શ્વેત એ પરભાવ છે.

એ પ્રમાણે આ નય પર દ્રવ્યાદિ ચારની વિચારણા કરવા પૂર્વક તે તે દ્રવ્યમાં અસત્પણું પ્રતિપાદન કરે છે.

## (૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક નય

દ્રવ્યમાં રહેલા અનેક ભાવો પૈકી પરભાવને ગ્રહણ કરનાર જે હોય તે પરભાવગ્રાહક દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

પ્રત્યેક દ્રવ્યમાં ભાવો તો અનેક છે, પણ તેમાં પરમભાવ તો એક હોય છે, તેનાથી તે દ્રવ્ય ઓળખાય છે અને અન્યથી જુદું પડે છે.

જુઓ-"ज्ञानमय आत्मा" જ્ઞાનવાળો તે આત્મા. અહીં આત્મદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, લેશ્યા, સુખ પ્રમુખ અનંતભાવો-અનંત ગુણો છે. તે સર્વમાં જ્ઞાન એ મુખ્ય છે-પરમ છે. માટે જ આ નય આત્માના જ્ઞાનગુણને પરમ ભાવ સ્વરૂપ ગ્રહણ કરે છે.

"दर्शनमय आत्मा, चारित्रमय आत्मा, यावत् सुखमय आत्मा" એમ પણ કહેવાય, તો પણ આ પરભાવગ્રાહક નયે "ज्ञानमय आत्मा" ગ્રહણ કરેલ હોવાથી એમ જ કહેવાય છે.

પુદ્ગલ વગેરે અજીવદ્રવ્યથી આત્મદ્રવ્યની ભિન્નતા જણાવનાર જ્ઞાન છે.

પુદ્ગલમાં પણ રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગેરે અનંતાગુણો છે. તે સર્વમાં રૂપ એ મુખ્ય છે. માટે જ આ નય પુદ્ગલના રૂપગુણને પરમ ભાવસ્વરૂપ ગ્રહણ કરે છે. અર્થાત્ તેમાં રહેલા અન્ય ગુણોને આ નય ગ્રહણ કરતો નથી.

આ પ્રમાણે દ્રવ્યાર્થિક નયના દશ ભેદ જણાવ્યા.

હવે પર્યાયનું લક્ષણ, પર્યાયાર્થિક નયનું સ્વરૂપ અને તેના છ ભેદો નીચે પ્રમાણે જણાવાય છે.

## પર્યાયનું લક્ષણ-

"पर्येति उत्पादमुत्पत्तिं विपत्तिं च प्राप्नोतीति पर्यायः" ઉત્પત્તિ એટલે ઉત્પાદ અને વિપત્તિ એટલે વિનાશ. અર્થાત્ ઉત્પત્તિ અને વિનાશને જે પામે તે પર્યાય કહેવાય છે.

અથવા "स्वभाव-विभावरूपतया याति पर्येति परिणमतीति पर्यायः" -સ્વભાવ-વિભાવરૂપે જે પરિણમે તે પર્યાય કહેવાય છે.

આ અંગે કહેવામાં આવ્યું છે કે-

"अनादिनिधने द्रव्ये, स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जन्ति निमज्जन्ति, जलकल्लोलवज्जले ॥"

અનાદિ અનંત એવા દ્રવ્યમાં તેના પર્યાય પ્રતિક્ષણે ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. જેમ જળમાં તરંગ ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે તેમ.

આ રીતે પ્રથમ પર્યાયનું લક્ષણ સમજવું. એ પર્યાય બે પ્રકારે છે. સહભાવી અને ક્રમભાવી. તેમાં (૧) સહભાવી પર્યાય તે ગુણ કહેવાય છે. જેમકે, આત્માના જ્ઞાન વગેરે.

અહીં આત્માનો ગુણ જ્ઞાન આદિ છે. તે જ્ઞાનાદિ ગુણ કોઈમાં વ્યક્તિરૂપે, અને કોઈમાં શક્તિરૂપે છે. જુઓ- કેવલિમાં જ્ઞાનાદિ ગુણ સંપૂર્ણ વ્યક્ત-પ્રગટ થયા છે, અને સૂક્ષ્મ નિગોદના જીવમાં જ્ઞાનાદિ ગુણ સત્તારૂપે જે અર્થાત્ શક્તિરૂપે જ રહેલા છે.

(૨) ક્રમભાવી પર્યાય તે પર્યાય કહેવાય છે.

જેમકે-સુખ અને દુઃખ, હર્ષ અને શોક વગેરે આત્માના પર્યાય છે.

જ્યારે આપણે સુખ અનુભવીએ ત્યારે તેમાં સુખ પર્યાય છે, અને એ સુખનું જ્ઞાન પણ પર્યાય છે.

ક્ષણાન્તર પછી આપણે દુઃખ અનુભવીએ ત્યારે તેમાં દુઃખ પણ પર્યાય છે, અને એ દુઃખનું જ્ઞાન પણ પર્યાય છે.

આમાં પ્રથમ ક્ષણે જે સુખ પર્યાય હતો તે દ્વિતીય ક્ષણે દુઃખ પર્યાય થયો.

આથી જ સુખ-દુઃખ ક્રમભાવી પર્યાય ગણાય છે. અનુભવવા પર્યાય તો સુખ-દુઃખ બન્નેમાં તે રૂપ જ છે, માટે સહભાવી પર્યાય મનાય છે.

વળી બીજી રીતે પણ પર્યાયના બે ભેદ છે. અર્થપર્યાય અને વ્યંજનપર્યાય...

તેમાં અર્થપર્યાયને ગ્રહણ કરનાર દ્રવ્ય માત્ર છે, અને વ્યંજનપર્યાયને ગ્રહણ કરનાર જીવ ને પુદ્ગલ છે.

અર્થ પર્યાય સૂક્ષ્મ સૂક્ષ્મ વર્તમાન કાલસ્પર્શિ છે, અને વ્યંજનપર્યાય ત્રિકાળવર્તી છે.

વળી પર્યાય ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે-

**(૧) સ્વભાવદ્રવ્ય વ્યંજનપર્યાય-**

જીવ દ્રવ્ય આશ્રયીને-ચરમ શરીરથી કિંચત્ ન્યૂન સિદ્ધ પર્યાય. તથા પુદ્ગલ દ્રવ્ય આશ્રયીને-અવિભાગિ પુદ્ગલ પરમાણુ.

**(૨) સ્વભાવ ગુણ વ્યંજન પર્યાય-**

જીવદ્રવ્ય આશ્રયીને-જીવની જ્ઞાનાદિક અનંત ચતુષ્ટયી તથા પુદ્ગલ દ્રવ્ય આશ્રયીને-પુદ્ગલ પરમાણુના એક રસ, એક ગંધ, એક વર્ણ અને બે અવિરુદ્ધ સ્પર્શ.

**(૩) વિભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય-**

જીવદ્રવ્ય આશ્રયીને-જીવની ચારગતિ અથવા ચોરાશી લાખ જીવાયોનિ. પુદ્ગલ દ્રવ્ય આશ્રયીને-દ્વિઅણુ, ત્રિઅણુ ઈત્યાદિ.

**(૪) વિભાવ ગુણ વ્યંજન પર્યાય-**

જીવદ્રવ્ય આશ્રયીને-જીવના મતિ વગેરે. તથા પુદ્ગલ દ્રવ્ય આશ્રયીને-રસથી રસાંતર, ગંધથી ગંધાંતર, વર્ણથી વર્ણાંતર અને સ્પર્શથી સ્પર્શાંતર. ઉક્ત એ ચાર વ્યંજનપર્યાય જાણવા. વળી એકત્વ અને પૃથક્ત્વ પ્રમુખ પણ પર્યાયનાં લક્ષણ છે.

આજ કથનને સ્પષ્ટ કરી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં આવતી ગાથા નીચે પ્રમાણે છે -

"एगत्तं च पुहत्तं च संखा संठाणमेव च ।
संजोगो य विभागो य पज्जवाणं तु लक्खणं ।।"

એકત્વ, પૃથક્ત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગ અને (च) થી પર, અપર, દૂર, નજીક, નવું, જુનું એ વગેરે પર્યાયનાં લક્ષણ છે.

ભિન્ન ભિન્ન પરમાણુનો બનાવેલો છતાં આ ઘટ છે, એવા પ્રકારનું એકત્વ રૂપ જ્ઞાન જેના દ્વારા થાય તે "એકત્વ પર્યાય" જાણવો. તથા આ વસ્તુ આનાથી ભિન્ન છે, અથવા આટલી સંખ્યામાં છે, અથવા આવા પ્રકારના આકારની છે, અથવા આની સાથે સંયુક્ત છે, અથવા આથી વિયુક્ત છે, નવી કે જુની છે; ઈત્યાદિ જ્ઞાન જેણે ફરીને થાય છે તે દ્રવ્યના પર્યાય સમજવાના છે. આ પ્રમાણે પર્યાયના અનેક લક્ષણ છે.

## પર્યાયાર્થિક નયનું સ્વરૂપ

પર્યાય જ છે પ્રયોજન જેનું, અથવા પર્યાય જ છે અર્થ જેનો તે પર્યાયાર્થિક નય કહેવાય છે. આ પર્યાયાર્થિક નયના પણ છ પ્રકાર (ભેદ) છે. તે આ પ્રમાણે-

### (૧) અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય

સમસ્ત વિશ્વમાં કેટલાએક પદાર્થો શાશ્વત અને પુદ્‌ગલના પર્યાય સ્વરૂપ છે. તેનો પણ આ શુદ્ધ પર્યાયાર્થિક નય સ્વીકાર કરે છે.

જુઓ-"पुद्‌गलपर्यायो भेर्वादिनित्यः" મેરુ વગેરે પુદ્‌ગલ પર્યાય નિત્ય છે.

અર્થાત્ વિશ્વમાં વર્તી રહેલ મેરુ પર્વત, શાશ્વતી સિદ્ધશિલા અને રત્નપ્રભાદિક પૃથ્વીઓ, શાશ્વત વિમાનો અને શાશ્વત જિનપ્રતિમાઓ વગેરે સર્વ અનાદિકાલથી છે અને અનંતકાળ પર્યંત રહેવાના છે. તે સર્વ પુદ્‌ગલ પર્યાયો નિત્ય છે. ભલે તેમાં પરસ્પર પુદ્‌ગલોનું સંક્રમ (ફેરફાર) થયા કરે, તો પણ તેના સંસ્થાનાદિકમાં ફેર પડતો નથી. માટે જ ઉપરોક્ત એ સર્વ પર્યાયો વાસ્તવિક છે.

જો કે શુદ્ધ પર્યાયાર્થિક નય દરેક પર્યાયને અનિત્ય માને છે તો પણ ઉપરોક્ત મેરુ આદિ પુદ્‌ગલ પર્યાય નિત્ય છે એમ પણ આ અનાદિ નિત્ય પર્યાયાર્થિક નય સ્વીકારે છે માટે તે શુદ્ધ છે.

### (૨) સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય-

"सिद्धपर्यायो नित्यः" -સિદ્ધપર્યાય નિત્ય છે. જ્યારે સકલકર્મનો ક્ષય કરીને આત્મા મોક્ષમાં જાય છે, સિદ્ધપદ પ્રાપ્ત

કરે છે, ત્યારે સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલ સિદ્ધ પર્યાયનો પ્રારંભ એ આદિ છે, અને કોઇપણ કાળે એ સિદ્ધ પર્યાય વિનાશ પામવાનો નથી, માટે નિત્ય છે.

આથી જ સિદ્ધ પર્યાય સાદિ નિત્ય કહેવાય છે. વાસ્તવિક શુદ્ધ હોવાથી સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક એવા નયને એ માન્ય છે.

**(૨) અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય-**

સત્તાને ગૌણ કરી ઉત્પાદ અને વ્યયને મુખ્ય ગ્રહણ કરનારો જે સ્વભાવ તે આ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નયનો છે.

આ નય ઉત્પાદ અને વ્યયને મુખ્ય માને છે, પણ ધ્રૌવ્યને મુખ્ય માનતો નથી. સર્વ પર્યાય ફર્યા જ કરે છે એમ આ નય જણાવે છે. માટે જ કહ્યું છે કે-

"समयं समयं प्रति पर्याया विनाशिनः ।"

પર્યાયો જે છે તે સમયે સમયે વિનાશી છે.

આમાં કથન કરાએલ વિનાશ એ શબ્દથી તેનો પ્રતિપક્ષી ઉત્પાદ પણ સમજી લેવો. કારણેકે, ઉત્પાદ અને વિનાશ એ બન્નેનો સમ્બન્ધ અવિનાભાવી છે.

અહીં ધ્રવતા-સત્તા ગૌણપણે છે. માટે સત્તા ગૌણત્વેન ઉત્પાદ વ્યય ગ્રાહક એવો આ અનિત્યશુદ્ધ-પર્યાયાર્થિકનય વિશેષ વ્યાપક છે.

**(૪) નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય-**

આ નય પર્યાયને માને છે. "एकस्मिन् समये उत्पाद्व्यय ध्रौव्यात्मकः पर्यायः ।"

એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ પર્યાય છે.

અર્થાત્ એક સમયમાં પર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે કરીને સહિત છે.

આ રીતે કહેવું ન જોઈએ, કારણકે પર્યાયનું શુદ્ધ રૂપ તો સત્તા ન દેખાય ત્યારે જ કહી શકાય. અહીં તો મૂળ સત્તા પણ જણાય છે, માટે નિત્ય છતાં આ નય અશુદ્ધ છે.

પર્યાય સત્ છે કે અસત્ ? એના પ્રત્યુત્તરમાં પણ તેને કહેવું જ પડે કે પર્યાત્ સત્ છે. હવે જ્યારે પર્યાય એ સત્ છે, તો પછી તેમાં સત્નું લક્ષણ ઘટવું જ જોઈએ.

"उत्पाद-व्यय-ध्रौव्य युक्तं सत्" -અર્થાત્ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય યુક્ત જે હોય તે સત્ કહેવાય છે.

આથી ઉત્પાદ-વ્યયને જ માનનાર આ નયને પણ પર્યાય ધ્રૌવ્ય યુક્ત પણ છે એમ માનવું પડે છે અને કહેવું પણ પડે છે. તેથી તે અશુદ્ધ કહેવાય છે.

આ રીતે ધ્રૌવ્ય એટલે નિત્ય તેને પણ માન્ય રાખનાર એવો આ નય સત્તા સાપેક્ષ નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક કહેવાય છે.

## (૫) કર્મોપાધિ નિરપેક્ષ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય-

આ નય પ્રત્યેક આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર-વિર્ય વગેરે પર્યાયો એક સરખા છે, તેમાં કાંઈ ભેદ નથી એમ જણાવે છે.

જેમ પ્રત્યેક પુદ્ગલના પર્યાયો રૂપ-રસ-ગંધ-સ્પર્શ છે, તેમ સિદ્ધાત્માના જ્ઞાનાદિ પર્યાયો અને સંસારી આત્માના જ્ઞાનાદિ પર્યાયો પણ એક સરખા છે. નિત્ય છે. શાશ્વત માટે જ કહ્યું છે કે-

“संसारी जीवः सिद्धसदृक् शुद्धात्मा ।”

-સંસારી જીવ-આત્મા છે, તે સિદ્ધ સમાન શુદ્ધ આત્મા છે.

સંસારી જીવને કર્મોપાધિ હોવા છતાં, તેની વિવક્ષા આ નય કરતો નથી, એટલે જીવની જ્ઞાનાદિ શુદ્ધ નિત્ય પર્યાયની વિવિક્ષાએ કર્મોપાધિ નિરપેક્ષ (રહિત) નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહેવાય છે.

**(૬) કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય-**

જે દ્રવ્યના જે પર્યાયો વાસ્તવિક ન હોય તો પણ પર્યાયોને માને ત્યારે તે અશુદ્ધ કહેવાય છે. એવા અશુદ્ધ પર્યાયો અનિત્ય હોય છે. કર્મોપાધિની અપેક્ષાવાળા હોય છે માટે જ આ નય કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક કહેવાય છે.

“संसारिणामुत्पत्तिमरणे स्ते ।” -સંસારી જીવોને જન્મ-મરણ છે.

અહીં જન્મ-જરા-મરણાદિ પર્યાયો જીવના સ્વાભાવિક સ્વપર્યાયો નથી, પણ કર્મરૂપી ઉપાધિના સંયોગને લઈને છે. જીવના એ અશુદ્ધ પર્યાયો છે. તેનાથી છૂટવા માટે-મોક્ષ મેળવવા માટે જીવ પ્રયત્ન કરે છે.

અર્થાત્-કર્મોપાધિથી ઉત્પન્ન થયેલ એવા જન્મ-મરણાદિ રૂપ અશુદ્ધ અને અનિત્ય પર્યાયોને દૂર કરવા માટે જ આત્માર્થી, મોક્ષાર્થીનું પ્રવર્તન છે.

ઉપરોક્ત એ પર્યાયાર્થિક નયના છ ભેદ જાણવા. પૂર્વે કથન કરેલ દ્રવ્યાર્થિક નયના દશ ભેદ અને આ પર્યાયાર્થિક નયન છ ભેદ દિગમ્બર મતાનુસાર જણાવ્યા છે.

જગતમાં અનેક વિચારધારાઓ ભિન્ન-ભિન્ન અપેક્ષાએ

ચાલે છે. તે સર્વ અસત્ય છે, મિથ્યા છે એ પ્રમાણે એકાંતે કહેવાય કે મનાય પણ નહિં. તેમજ ભિન્ન-ભિન્ન વિચારધારાઓ સર્વ સત્ય જ છે એમ પણ કહી શકાય છે માની શકાય નહિં.

કારણકે-નયવિચારણા ઘણી જ ગંભીર અને ઘણા જ વિસ્તારવાળી છે. તેનું સ્વરૂપ સમજવા માટે જીજ્ઞાસુઓએ સ્વબુદ્ધિને સ્થિર અને સૂક્ષ્મ રાખવાની અતિ આવશ્યકતા છે.

દ્રવ્યાર્થિક નયના અને પર્યાયાર્થિક નયના ભેદો અંગે ઉપરોક્ત દિગમ્બર મતાનુસાર જે કથન કરવામાં આવ્યું છે. તેમાં જે કાંઇ યુક્તિયુક્ત હોય તે માન્ય રાખવું અને જે યુક્તિસંગત ન હોય તેનું પ્રમાર્જન કરવું એ ઉચિત છે.

આ સમ્બન્ધમાં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રીએ "દ્રવ્યગુણ પર્યાય રાસ" માં અને સ્વરચિત અન્ય ગ્રંથોમાં યુક્તિ યુક્ત વિશુદ્ધ પ્રમાર્જન કર્યું છે. તેમજ દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે નવ નયો છે. તેનું પણ યુક્તિસંગત સુંદર પ્રમાર્જન કર્યું છે. અહીં તેનો નિર્દેશ કર્યો નથી, માટે જીજ્ઞાસુ મહાનુભાવોને તે તે ગ્રંથોનું અવલોકન કરવા ભલામણ છે.

## (૩) નૈગમાદિ સાત નયો

નયો અનંતા હોવા છતાં પણ તેનું જ્ઞાન છદ્મસ્થ આત્માઓ કરવા શક્તિમાન ન હોવાથી, તેનો સંક્ષેપમાં સાત નયોમાં સમાવેશ જ્ઞાની મહાપુરૂષોએ કર્યો છે.

વસ્તુના અનંત ધર્મોનું કથન સાત જ નયોથી કેવી રીતે શક્ય બને ? આ પ્રમાણે કોઈને શંકા થાય તો તેનું સમાધાન એ છે કે- કેટલાક નયો અર્થપ્રધાન છે, અને કટેલાક નયો

શબ્દપ્રધાન છે. અર્થપ્રધાન નયો અર્થની પ્રરૂપણા કરનારા છે. તેના દ્વારા અર્થના અંશનું કથન કરાય છે. શબ્દપ્રધાન નયો શબ્દથની પ્રરૂપણા કરનારા છે. અર્થાત્ શબ્દ દ્વારા સ્વાભિપ્રાય વ્યક્ત કરનારા છે. તેનાથી શબ્દનું પ્રતિપાદન થાય છે.

અર્થપ્રધાન અને શબ્દપ્રધાન એ બન્ને નયોને અભિપ્રાય ભેગો કરવાથી વસ્તુ માત્રનું પરિપૂર્ણ પ્રતિપાદન થતું હોવાથી (નૈગમાદિ) સાતનયો દ્વારા જ સંપૂર્ણ પ્રત્યેક વસ્તુનું જ્ઞાન થઈ શકે છે. માટે સાત કરતાં વિશેષ નયોની આવશ્યકતા રહેતી નથી.

હવે નૈગમાદિ સાત નયોનું સ્વરૂપ નીચે પ્રમાણે જણાવાય છે.

**સાતનયો** (૧) નૈગમ, (૨) સંગ્રહ (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત.

આ સાત નયો છે. સૂત્રમાં પણ મૂલનયો સાત જ કહ્યા છે, "सत्तमूलणया पन्नत्ता" ક્રમશઃ તેનું સ્વરૂપ વિચારીએ.

**(૧) નૈગમનય-**

"नैके गमाः इति नैगमः" નથી એક જેને ગમ તે નૈગમ. અર્થાત્ જેને વસ્તુનું જ્ઞાન કરવા માટે એક પ્રકાર નથી. પણ અનેક પ્રકાર છે તેને નૈગમનય કહેવામાં આવે છે. આવા જ પ્રકારની નૈગમનયની વ્યુત્પત્તિ "अनुयोगद्वार" અને તેની વૃત્તિ આદિમાં પણ પ્રકાશેલ છે. જુઓ-

"णेगेहिं माणेहिं मिणइत्ति णेगमस्स य निरुती ।
सेसाणं पि णयाणं लक्खणमिणमो सुणह वोच्छं ।।१।।"

અર્થાત્-અનેક પ્રમાણ (સામાન્ય-વિશેષ જ્ઞાનાદિ) વડે જે નય માપે (ગ્રહે, વસ્તુનો નિશ્ચય કરે) તે નૈગમ. આ નૈગમની નિર્યુક્તિ એટલે વ્યુત્પત્તિ છે. અન્યનયોનું લક્ષણ પણ આ પ્રમાણે કહીશું.

(૧) "नैकगम" શબ્દ મુખ્ય રાખીને "क" નો "पृषोदशदित्व" ને લઈને લોપ થવાથી "नैगम" શબ્દ બને છે. તેનો અર્થ એ થાય છે કે- જે નય અનેક પ્રમાણોથી વસ્તુની વિચારણા કરે તે નૈગમનય કહેવાય છે.

અથવા "निगमो विकल्पस्तत्र भवो नैगमः" -નિગમ એટલે વિકલ્પ, તેમાં જે હોય તે નૈગમનય કહેવાય છે.

આ નય લોકપ્રસિદ્ધ વસ્તુનો પ્રતિપાદક છે. વસ્તુમાં રહેલા સામાન્ય અંશને પણ માને છે અને વસ્તુમાં રહેલા વિશેષ અંશને પણ માને છે. તેમજ વસ્તુના સામાન્ય અંશ અને વિશેષ અંશ એ બન્નેએ ગૌણ મુખ્યભાવે પણ માને છે.

અર્થાત્ આ નય વસ્તુને સામાન્યથી વિચારે છે, વિશેષથી વિચારે છે, અને સામાન્ય વિશેષથી પણ વિચારે છે. જુઓ-

(૧) ઘટ બનાવવા માટે જંગલમાં માટી લેવા જતા એવા પ્રજાપતિ કુંભારને પૂછવામાં આવે કે, "અરે ચેતનજી ! હાલમાં તમારી શું પ્રવૃત્તિ ચાલે છે?" આ રીતે પૂછવામાં આવે ત્યારે તે જવાબ આપશે કે, "માટીના ઘડા બનાવવાની પ્રવૃત્તિ ચાલે છે."

ચેતનજી કુંભારની આ પ્રવૃત્તિ પ્રારંભમાં જંગલમાંથી માટી લાવવાની ક્રિયાથી માંડીને ઘડો તૈયાર કરવા સુધીની એ સમસ્ત પ્રવૃત્તિ ઘટ (ઘડા) ની છે.

અહીં આ નૈગમનય ઘડામાં રહેલ સામાન્ય અંશ માટીને પણ સત્ય માને છે, અને વિશેષ અંશ આકૃતિને પણ સત્ય માને છે.

સામાન્ય સિવાય વિશેષ અને વિશેષ સિવાય સામાન્ય કોઇ પણ સ્થળે દૃષ્ટિગોચર થતું નથી. જ્યાં જોઇએ ત્યાં સામાન્યથી યુક્ત વિશેષ, અને વિશેષથી યુક્ત સામાન્ય જ દૃષ્ટિગોચર થાય છે. અર્થાત્ દેખાય છે. આથી એ સ્પષ્ટ થાય છે કે આ નય સામાન્ય અને વિશેષ એ બન્ને અંશોને ગૌણમુખ્ય પણે માનનાર છે.

વિશેષને મુખ્ય રાખીને આ નૈગમનય વ્યવહાર ચલાવે છે, તેમજ તેને માન્ય પણ રાખે છે. આ દષ્ટાંત વિશેષની મુખ્યતા જણાવે છે.

(૨) એકદા રામજી નામનો પ્રજાપતિ-કુંભાર પોતાના ગામની સીમમાં આવ્યો, અને ત્યાંથી ધીરેધીરે ચાલતાં પોતાના ઘરે પહોંચવા થયો. ત્યાં સુધીમાં કોઇએ તેને પૂછયું કે, "ક્યાં આવ્યો ?" ત્યારે તેણે કહ્યું કે -મારા ગામમાં.

અહીં સામાન્યને પ્રધાન રાખીને કહેવામાં આવ્યું છે તેને પણ આ નૈગમનય માન્ય રાખે છે. આ દષ્ટાંત સામાન્યની મુખ્યતા જણાવે છે.

(૩) સીતારામ નામનો એક બુદ્ધિશાલિ સૂત્રધાર-સુથાર હતો. તેને ચંદનના કાષ્ઠમાંથી એક મનોહર મંજુષા-પેટી બનાવી. એ સમયે કોઇએ તેને પૂછયું કે "આ શું છે ? " ત્યારે તેણે કહ્યું કે-

આ પદાર્થ છે, આ અચેતન વસ્તુ છે, આ પુદ્ગલ દ્રવ્ય છે,

આ ઔદારિક પુદ્‌ગલ છે, આ વનસ્પતિકાય છે, આ કાષ્ઠ છે, ને પ્રાંતે આ મંજુષા-પેટી છે.

આ પ્રમાણે અપાયેલા એ સર્વ પ્રત્યુત્તરો સત્ય છે. કારણ કે, તેમાં સામાન્ય અને વિશેષ એ બન્ને ક્રમશઃ ઉત્તરોત્તર ચાલ્યા આવે છે.

તે સર્વને આ નૈગમનય માન્ય રાખે છે. આ દૃષ્ટાંત સામાન્ય અને વિશેષ એ બન્નેની ઉત્તરોત્તર મુખ્યતા-ગૌણતા જણાવે છે.

આ નૈગમનયના ત્રણ ભેદ દ્રષ્ટિગોચર થાય છે. તે આ પ્રમાણે-

(૧) ધર્મદ્વયગોચર નૈગમનય, (૨) ધર્મીદ્વય-ગોચર નૈગમનય, અને (૩) ધર્મ-ધર્મીગોચર નૈગમનય

**(૧) ધર્મદ્વયગોચર નૈગમનય-**

ધર્મદ્વયને ગ્રહણ કરનાર આ નય છે. જુઓ-

"सत् चैतन्यमात्मनि" આત્મામાં સત્ ચૈતન્ય ધર્મ (એટલે વ્યંજન પર્યાય) છે. આમાં આત્મા દ્રવ્યના સત્ અને ચૈતન્ય એ બે ધર્મનું કથન કર્યું છે તેમાં સત્ નામનો વ્યંજન પર્યાય વિશેષરૂપે હોવાથી અમુખ્ય એટલે ગૌણ છે, અને ચૈતન્ય નામનો વ્યંજનપર્યાય વિશેષ્ય રૂપે હોવાથી મુખ્ય છે.

આ પ્રમાણે એક ધર્મની મુખ્યતા અને બીજા ધર્મની અમુખ્યતાને કરીને પદાર્થનો પિંડિતાર્થ પ્રતિપાદન કરનાર નૈગમ નયનો આ પ્રથમ (પહેલો) ભેદ છે.

**(૨) ધર્મીદ્વય ગોચર નૈગમનય** - ધર્મીદ્વયને ગ્રહણ કરનાર આ નય છે. જુઓ- "वस्तुपर्यायवद् द्रव्यम्" -વસ્તુ પર્યાયવાળું એ દ્રવ્ય (છે.)

આમાં દ્રવ્યનું કથન દ્રવ્ય અને વસ્તુ પર્યાયવત્ એમ બે ધર્મી વડે કર્યું છે. તેમાં "દ્રવ્ય" નામનો ધર્મી વિશેષ્યરૂપે હોવાથી મુખ્ય છે, અને "વસ્તુ" નામનો ધર્મી વિશેષણરૂપે હોવાથી અમુખ્ય છે. અર્થાત્ તે ગૌણ છે.

આ પ્રમાણે એક ધર્મી (દ્રવ્ય) ના મુખ્યપણાએ અને બીજા ધર્મીના ગૌણપણાએ કરીને વસ્તુનો સમૂહાર્થ જે કથન રૂપ છે તે જ નૈગમનયનો આ દ્વિતીય (બીજો) ભેદ છે.

**(૩) ધર્મ-ધર્મી ગોચર નૈગમનય**-ધર્મ અને ધર્મી ઉભયને ગ્રહણ કરનાર આ નય છે. જુઓ-

"क्षणमेकं सुखी विषयासक्तजीव:" -વિષયમાં આસક્ત થયેલ આત્મા-જીવ એક ક્ષણ સુખી છે.

આમાં વસ્તુનું કથન સુખી (ધર્મ) અને વિષયાસક્ત જીવ (ધર્મી) એમ ધર્મ અને ધર્મી બન્ને વડે કર્યું છે.

તેમાં વિષયાસક્ત જીવ દ્રવ્ય (ધર્મી) વિશેષ્યરૂપે હોવાથી મુખ્ય છે અને સુખી વ્યંજન પર્યાય (ધર્મ) વિશેષરૂપે હોવાથી અમુખ્ય છે. અર્થાત્ તે ગૌણ છે.

આ પ્રમાણે ધર્મીની મુખ્યતા અને ધર્મની ગૌણતાએ કરીને વસ્તુનો સમૂહાર્થ જે કથનરૂપ છે તે જ નૈગમનયનો આ તૃતીય (ત્રીજો) ભેદ છે.

વળી આ નૈગમનયના બીજી રીતે પણ ત્રણ પ્રકાર દ્રષ્ટિ ગોચર થાય છે.

તે આ પ્રમાણે-

(૧) ભૂતનૈગમ, (૨) ભાવિનૈગમ અને (૩) વર્તમાન નૈગમ.

**(૧) ભૂતનૈગમ :** (भूतार्थे वर्तमानारोपकारक नैगम:) ભૂતમાં એટલે જે પ્રસંગો બન્યા હોય અને તેને કેટલાય વર્ષો વીતી ગયા હોય, તો પણ પ્રતિવર્ષ તે પ્રસંગોની ઉજવણી કરતા જ હોય છે. જુઓ-

"આજ દિવાલી પર્વના દિવસે અર્થાત્ આસો વદિ અમાવસ્યાના દિવસે શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા મોક્ષે પધાર્યા. પૂ. સૂરિસમ્રાટ્ શ્રી વિજય **નેમિસૂરીશ્વરજી** ગુરુ મહારાજા સ્વર્ગે સિધાવ્યા."

ભૂતકાળની એ વાત આજ પણ એ દિવસનું આરાધન કરતાં એ પ્રસંગ આપણી દૃષ્ટિ સામે ખડો થાય છે.

ભૂતકાળના એ વાસ્તવિક દીપાવલિ (દિવાલી) ના દિવસમાં આજના દિવાલીના દિવસને આરોપિત કરવો એ જ આ ભૂતનૈગમનું કાર્ય છે. અર્થાત્ ભૂતકાળની વાત વર્તમાનમાં આરોપિત થતી હોય, તેને પણ આ નય માન્ય રાખે છે.

**(૨) ભાવિનૈગમ** - (भविष्यार्थे भूतार्थारोष-कारक:) ભવિષ્યમાં જે હજી થવાનું છે, તેનું થઇ ગયા રૂપે જે કહેવું તે ભાવિનૈગમ કહેવાય છે. જુઓ- "અર્હંત સિદ્ધ થયા જ."

જે આત્મા અરિહંત તેરમે સયોગી ગુણસ્થાનકે વર્તતા જીવન્મુક્ત કેવલી-ભવસ્થ કેવલી દેહાતીત નથી થયા, પણ થવાના છે તે થયા રૂપે અર્થાત્ તેને આ સિદ્ધ છે એમ કહેવામાં આવે તો તે વાસ્તવિક-વ્યાજબી છે. એ પ્રમાણે આ નૈગમનય જણાવે છે.

પંદર પ્રકારના સિદ્ધ પૈકી ગૃહસ્થલિંગે કેવલજ્ઞાન પામેલા ભરત મહારાજા, તથા અન્યલિંગે કેવલજ્ઞાન પામેલા

વલ્કલચીરી સિદ્ધ થયા છે એમ કહેવામાં લેશમાત્ર પણ અનુચિતપણું નથી. કારણકે, ભવસ્થ કેવળી એ સિદ્ધસ્થ થવાના જ છે એમાં શંકાને સ્થાન જ નથી.

ભાવિ સિદ્ધ થવાના છે તેનો જ વર્તમાનમાં આરોપ કરવામાં આવ્યો છે. એ વાતને આ ભાવિનૈગમ માન્ય રાખે છે.

**(૩) વર્તમાન નૈગમ-** (भूत-भविष्यार्थे वर्तमानारोप-कारकनैगमः) કરવા માંડેલું કાર્ય હજી થોડું થયું છે, પૂર્ણ થયું નથી, ત્યાં જે કહેવું કે કાર્ય થયું તે વર્તમાન નૈગમ કહેવાય છે.

જુઓ- "ઓદન એટલે ભાત રંધાય છે" અથવા "ભાત રાંધે છે"

અહીં ચૂલા ઉપર ચડાવેલા ચોખા છે. તેમાં કેટલાક દાણા સીજી ગયા છે અર્થાત્ રંધાઈ ગયા છે અને કેટલાક દાણા સીજી રહ્યા છે અર્થાત્ રંધાય છે, તેમજ કેટલાક દાણા સીજવાના છે અર્થાત્ રંધાવાના છે.

આમ હોવા છતાં પણ ચૂલા ઉપર ચડતા ચોખા ભાતને કોઈ પણ વ્યક્તિ એમ નથી કહેતું કે થોડા દાણા રંધાયા છે, થોડા રંધાય છે અને થોડા રંધાશે ત્યાં તો ભૂતક્રિયા અને ભાવિક્રિયા એ બન્નેને વર્તમાનમાં સમાવી દઈને ઓદન-ભાત-ચોખા રંધાય છે, એમ વ્યવહારમાં બોલાય છે. એ વાતને આ વર્તમાન નૈગમ માન્ય રાખે છે.

આ રીતે સંક્ષેપમાં નૈગમનયનું સ્વરૂપ સમજવું.

**(૨) સંગ્રહનય-** "संगृहणातीति संग्रहः" જે મેળવી લે તે સંગ્રહ કહેવાય.

"सामान्यमात्रग्राही परामर्शः संग्रहः" -સામાન્યને જ

ગ્રહણ કરનાર જે પરામર્શ એટલે બોધ તે સંગ્રહનય કહેવાય છે.

"स्वजातेर्धृष्टेष्टाभ्यामविरोधेन विशेषाणा-मेकरुपतया यद्ग्रहणं संग्रहः ।"

-સ્વજાતિને દૃષ્ટ (પ્રત્યક્ષ) થી અને ઈષ્ટ (પરોક્ષ, શાસ્ત્ર, આગમ, અનુમાન, લોકવ્યવહાર) થી અવિરુદ્ધપણે વિશેષનું એકરૂપપણે જે ગ્રહણ કરવું તે સંગ્રહનય કહેવાય છે.

આ સંગ્રહનયની નિર્યુક્તિ એટલે વ્યુત્પત્તિ "श्रीअनुयोग-द्वार" માં પણ નીચે પ્રમાણે જણાવી છે.

"संगहियपिंडियत्थं संगहवयणं समासओ बिंति० ।"

-સમ્યગ્ પ્રકારે ગ્રહણ કરેલ જે એક પિંડ (સમૂહ, જાતિ) રૂપ થયેલો અર્થ વિષય (પદાર્થ, દ્રવ્ય) તે સંગ્રહનયનું વાક્ય સંક્ષેપથી (શ્રી તીર્થંકરાદિ) કહે છે.

અર્થાત્ સંગૃહીત એક જાતિરૂપ જે અર્થ તે સંગ્રહનય કહેવાય છે.

આ રીતે સંગ્રહનયની વ્યાખ્યાઓ જોવાય છે. વિશ્વમાં અનંતા પદાર્થો પડેલા છે. પ્રત્યેકનું વ્યક્તિત્વ સ્વતંત્ર હોવા છતાં પણ આ નય વિશ્વનો તે તે પદાર્થનું વ્યક્તિત્વ ગૌણ કરી એકબીજા પદાર્થોને એક રૂપે ઓળખવાનું અને ઓળખાવવાનું કાર્ય કરે છે.

અર્થાત્ આ નય વિશ્વના સમસ્ત જડ અને ચેતન પદાર્થોના સત્રૂપેણ સંગ્રહ કરવાપૂર્વક અખિલ વિશ્વને એકરૂપ માને છે. દ્રવ્યરૂપેણ સર્વ જડ-ચેતન દ્રવ્યોને, આત્મારૂપે સર્વ

આત્માઓને, દેવરૂપે સર્વ દેવોને, મનુષ્યરૂપે સર્વ મનુષ્યોને તિર્યંચરૂપે સર્વ તિર્યંચોને, નારકીરૂપે સર્વ નારકીઓને, ત્રસરૂપે સર્વ ત્રસોને અને સ્થાવરરૂપે સર્વ સ્થાવરોને એક માને છે.

જગતમાં સામાન્ય (સત્) અંશને છોડીને વિશેષ જેવું કંઇ જ નથી. ભેદ જેવી વસ્તુને આ નય માનવા તૈયાર નથી.

જીવને છોડી સંસારી અને મુક્ત એ રીતે ભેદ જ ક્યાં છે ? જીવત્વ ઉભયમાં (સંસારી અને મુક્તમાં) સમાન હોવાથી ભેદ જ કેમ માની શકાય ?

ભેદને નહીં માનનાર એવો આ સંગ્રહનય વસ્તુના ઉભય અંશમાંથી માત્ર સામાન્ય અંશનો ગ્રાહક છે.

આ સંગ્રહનયના બે ભેદ છે. (૧) ઓઘસંગ્રહ અને (૨) વિશેષસંગ્રહ.

**(૧) ઓઘસંગ્રહ એટલે સામાન્ય સંગ્રહ-** સર્વ દ્રવ્યો પરસ્પર અવિરોધી છે, એક છે, સર્વમાં સત્તાપણું સમાન છે, એમ આ નય માને છે.

**(૨) વિશેષ સંગ્રહ-** સર્વ જીવો પરસ્પર અવિરોધી છે. અર્થાત્ સર્વ જીવોમાં ચૈતન્ય એક સરખું હોવાથી સર્વ સમાન છે, અવિરોધી છે, એમ આ નય માને છે. વિશ્વના સમસ્ત પદાર્થો એકમાં આવી જાય એ સર્વથી ઉત્કૃષ્ટ સંગ્રહ છે. એ એક જ પ્રકારનો છે.

થોડા થોડા પદાર્થોને એકમાં સમાવેશ કરનાર એ અવાન્તર સંગ્રહ છે. તેના અનેક ભેદો છે. વળી સંગ્રહનય બીજી રીતે પણ બે પ્રકારનો છે. (૧) પર-સંગ્રહનય અને (૨) અપરસંગ્રહનય.

**(૧) પરસંગ્રહનય** - પૂર્ણપણે વિશેષોમાં ઉદાસીનતા ભજતો સત્તામાત્ર દ્રવ્યને જે માને તે પરસંગ્રહનય કહેવાય છે.

અભેદપણે સત્ હોવાથી વિશ્વ એક છે એમ આ નય કહે છે. કારણકે, "સત્" એ જ્ઞાનરૂપ સામાન્ય હેતજનિય સત્તાના અભેદને લઈને વિશ્વની એકતારૂપતા ગ્રહણ કરી છે માટે.

**(૨) અપરસંગ્રહનય** - દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ, પર્યાયત્વ વગેરે અવાન્તર સામાન્યને માને અને તેના ભેદમાં ઉદાસીનતાનું આલંબન જે કરે તે અપરસંગ્રહ-નય કહેવાય છે.

આ નય ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવનું દ્રવ્યપણાની અભેદતાને લઈને ઐક્ય માને છે.

અહીં જીવાદિ પ્રત્યેક દ્રવ્યમાં દ્રવ્યત્વ સામાન્ય હોવાથી અભેદપણે એ સર્વનું ઐક્ય ગ્રહણ થાય છે; અને ધર્મ, ગુણ, સ્વભાવ વગેરે વિશેષ ભેદમાં ગજનિમીલિકાની જેમ ઉપેક્ષા કરવામાં આવે છે.

દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદ પૈકી બીજા ભેદ તરીકે આ સંગ્રહ નય છે.

આ રીતે સંક્ષેપમાં સંગ્રહનયનું સ્વરૂપ સમજવું.

**(૩) વ્યવહાર નય** -

"संग्रहेण गृहीतानां गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं योनाभिसन्धिना क्रियते स व्यवहारः ।"

-સંગ્રહનયે ગ્રહણ કરેલ સત્ત્વાદિ (દ્રવ્યત્વાદિ) પિંડિતાર્થનું વિધિપૂર્વક વિવેચન-વ્હેંચણ જેના વડે કરાય તે વ્યવહાર નય કહેવાય છે.

વળી, "भेदोपचारतया वस्तु व्यह्रियत इति व्यवहार ।:"

-ભેદના ઉપચારે કરીને વસ્તુની વ્હેંચણી જે કરાય તે "વ્યવહાર નય" કહેવાય છે.

"श्री अनुयोगद्धार" માં પણ વ્યવહાર નયની નિર્યુક્તિ જણાવી છે. તે આ પ્રમાણે-

"वच्चति (इ) विणिच्छि (च्छ) यत्थं ववहारो सव्वदव्वेसु ।।"

જતો રહ્યો છે પિંડરૂપ સામાન્ય જેમાંથી એવા વિશેષરૂપ અર્થમાં જે વર્તે તે વ્યવહાર-સર્વદ્રવ્યમાં (જાણવો.).

જ્યારે સંગ્રહનય ભિન્ન ભિન્ન પદાર્થોનો સંગ્રહ કરવા પૂર્વક વિચાર કરે છે ત્યારે આ વ્યવહાર નય પ્રત્યેક પદાર્થોને પૃથગ્ કરવા પૂર્વક વિચાર કરે છે. અર્થાત્ સંગ્રહનયની સામી બાજુએ રહીને આ નય સંગ્રહનયે ગ્રહણ કરેલ વસ્તુનું વિધિપૂર્વક પૃથક્કકરણ કરે છે.

આ જ વાતની પુષ્ટિ નીચેનો શ્લોક કરે છે.

"संग्रहेण गृहीतानामर्थानां विविपूर्वकः ।
व्यवहारो भवेद्यस्माद् व्यवहारनयस्तु सः ।।"

(तत्त्वार्थ सार पीठिका, ४६)

-સંગ્રહનયે ગ્રહણ કરેલ પદાર્થોનો વિધિપૂર્વક જેના દ્વારા વ્યવહાર થાય તે વ્યવહાર નય છે. આ નય એમ કહે છે કે- "જગત્ સત્ છે" એમ બોલવા માત્રથી તેનો ખ્યાલ આવી શકતો નથી. માત્ર જીવ કે સત્ આટલું કહેવા માત્રથી વસ્તુનો બોધ થઈ શકતો નથી, તેમજ વસ્તુનો અબાધિત વ્યવહાર પણ થઈ શકતો નથી. તેથી કરીને આ નય તેના વિભાગ કરી સમજાવે

છે. વ્યવહારોપયોગી વસ્તુ કેમ બને એમાં આ નય પ્રયત્નશીલ રહે છે. જુઓ-

જે સત્ છે, તે દ્રવ્ય અથવા પર્યાય, પણ હોય, દ્રવ્યમાં પણ કોઈ દ્રવ્ય ચેતનવંત હોય તો કોઈ દ્રવ્ય અચેતનવંત પણ હોય. એ જ પ્રમાણે પર્યાયમાં પણ કોઈ પર્યાય સહભાવી હોય અને કોઈ પર્યાય ક્રમભાવી પણ હોય.

ઉદાહરણ તરીકે વિચારીયે તો પણ સમજાશે કે, સત્ દ્રવ્યના બે ભેદ છે. એક જીવસ્વરૂપ અને બીજું અજીવસ્વરૂપ તેમાં જીવના પણ બે ભેદ છે. એક સંસારી અને બીજા મુક્ત (સિદ્ધ) તેમાં પણ સંસારી જીવના બે ભેદ છે. એક ત્રસ અને બીજા સ્થાવર.

એ પ્રમાણે પ્રત્યેકના ભેદો કરીને અર્થાત્ પદાર્થોને છૂટા કરીને આ વ્યવહારનય સમજાવે છે. વળી સંગ્રહનયના વિષયનું વિભાગીકરણ કરવા પૂર્વક વસ્તુને વ્યવહારોપયોગી બનાવે છે.

સંગ્રહનય જેમ બે પ્રકારે જણાવ્યો તેમ આ વ્યવહારનય પણ બે પ્રકારે જણાવાય છે. તે આ પ્રમાણે-

**સામાન્ય સંગ્રહભેદક વ્યવહાર અને વિશેષ સંગ્રહભેદક વ્યવહાર.**

સામાન્ય સંગ્રહને છૂટો પાડનાર જે વ્યવહારનય તે સામાન્ય સંગ્રહભેદક વ્યવહાર કહેવાય છે અને વિશેષ સંગ્રહને છૂટો પાડનાર જે વ્યવહાર નય તે વિશેષસંગ્રહભેદક વ્યવહાર કહેવાય છે.

આ બન્નેમાં "સામાન્ય સંગ્રહભેદક વ્યવહાર" એક પ્રકારે

છે, અને "વિશેષ સંગ્રહભેદક વ્યવહાર" અનેક પ્રકારે છે.

વળી વ્યવહાર નયના અન્ય પણ અનેક ભેદો જોવામાં આવે છે. સંક્ષેપમાં તે નીચે પ્રમાણે છે,

"नयानां समीपे उपनया:" -નયોની નજીક જે રહે તે ઉપનયો કહેવાય છે.

એ ઉપનયો ત્રણ પ્રકારે છે. (૧) સદ્‌ભૂત વ્યવહાર ઉપનય, (૨) અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય, અને (૩) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય.

આ ત્રણે ઉપનયો વ્યહારને આશ્રયીને હોવાથી તેનો સમાવેશ વ્યવહાર નયમાં થાય છે.

**(૧) પહેલો સદ્‌ભૂત વ્યવહાર ઉપનય-**

ગુણ અને ગુણી, દ્રવ્ય અને પર્યાય, સંજ્ઞા અને સંજ્ઞી, કારક અને કારકી, ક્રિયા અને ક્રિયાવત્, સ્વભાવ અને સ્વભાવવત્ એના ભેદથી ભેદનું જે કથન કરે તે સદ્‌ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે.

ધર્મ અને ધર્મિનો ભેદ બતાવનાર આ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય છે. તે પણ બે પ્રકારે છે.

(૧) શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય, અને (૨) અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય.

ધર્મિમાં શુદ્ધ ધર્મનો ભેદ જણાવનાર શુદ્ધ કહેવાય છે. અને ધર્મિમાં અશુદ્ધ ધર્મનો ભેદ જણાવનાર અશુદ્ધ કહેવાય છે.

આત્મ દ્રવ્ય સદ્‌ભૂત છે, કેવળજ્ઞાન એ આત્માનો ગુણ શુદ્ધ છે. છટ્ઠી વિભક્તિનો પ્રયોગ કરવા પૂર્વક એ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર તેમાં ભેદ સ્થાપન કરે છે એ જ પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્યમાં

પણ એ શુદ્ધ સદ્ભૂત વ્યવહાર કહે છે કે- પુદ્ગલ દ્રવ્ય સદ્ભૂત છે, તેનો રૂપગુણ શુદ્ધ છે, છટ્ટી વિભક્તિના પ્રયોગ કરવા પૂર્વક તેમાં પણ વ્યવહાર ભેદ સ્થાપન કરે છે.

આ સમ્બન્ધમાં અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર એમ જણાવે છે કે-

મતિજ્ઞાન એ આત્માનો ગુણ છે, પણ તે શુદ્ધ નથી. એ જ પ્રમાણે પીતરૂપ એ પુદ્ગલનો ગુણ છે, પણ તે શુદ્ધ નથી. કારણ કે, તે તે દ્રવ્યના મૂળભૂત ગુણો શુદ્ધ કહેવાય છે, ગુણો તે શુદ્ધ ગણાતા નથી.

આથી મતિજ્ઞાનાદિ કે પીતરૂપાદિ ગુણો એ શુદ્ધ ગુણો નથી, પણ અશુદ્ધ ગુણો છે.

**(૨) બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય-**

એક દ્રવ્યના ધર્મનું બીજા ધર્મમાં જે આરોપણ કરવું તે અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે.

તેના નવ પ્રકાર છે. તે આ પ્રમાણે-

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર, (૨) ગુણમાં ગુણનો ઉપચાર, (૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર, (૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર, (૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર, (૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર, (૭) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર, (૮) ગુણમાં પર્યાયનો ઉપચાર અને (૯) પર્યાયમાં ગુણનો ઉપચાર.

ઉક્ત એ નવ પ્રકારની ક્રમશઃ વિચારણા નીચે પ્રમાણે છે.

**(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર-**

આગમ ગ્રંથમાં કહ્યું છે કે- "ક્ષીરનીરની જેમ જીવ પુદ્ગલ સાથે મળેલ છે." માટે જીવ દ્રવ્યમાં પુદ્ગલનો ઉપચાર થાય

છે તેથી જીવને પુદ્ગલ કહી શકાય.

આ દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર થયો.

**(૨) દ્રવ્યમાં ગુણનો ઉપચાર**

"આત્માની કૃષ્ણ લેશ્યા." આમાં લેશ્યા એ આત્માની પરિણતિ અર્થાત્ આત્માનો ભાવ છે અને અરૂપી ગુણ છે. તેમાં જે કૃષ્ણ વર્ણ છે તે પુદ્ગલનો ગુણ છે. અહીં લેશ્યારૂપી આત્મગુણમાં કૃષ્ણવર્ણ એ પુદ્ગલનો ઉપચાર કરવામાં આવ્યો છે. એ જ પ્રમાણે આત્માની નીલ લેશ્યામાં, કાપોત લેશ્યામાં, તેજો લેશ્યામાં, પદ્મલેશ્યામાં અને શુકલલેશ્યામાં પણ સમજવું. આ દ્રવ્યમાં ગુણનો ઉપચાર થયો.

**(૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર-**

"હાથી-અશ્વનો સ્કંધ." આમાં હાથી-ઘોડા એ આત્મદ્રવ્યના અસમાન જાતિ દ્રવ્ય પર્યાય છે. તેમાં જે સ્કંધ છે તે પુદ્ગલના પર્યાય છે. તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે. અર્થાત્ તે પર્યાયને પુદ્ગલ સ્કંધરૂપે ઓળખાવા એ આત્મા-દ્રવ્ય પર્યાયમાં પુદ્ગલ દ્રવ્ય પર્યાયનો ઉપચાર કર્યો છે, એમ કહેવાય.

આ પર્યાયમાં પર્યાયનો ઉપચાર થયો.

**(૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર-**

"હું ગૌરવર્ણો છું., હું શ્યામવર્ણો છું." એટલે હું ઉજળો છું, હું કાળો છું એમ કહેવાય છે. આમાં હું એ આત્મદ્રવ્ય છે. તેમાં જે ગૌરવર્ણ કે શ્યામવર્ણ છે તે પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે. તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્-આત્મા અરૂપી છે. તે કાંઈ ધોળો કે કાળો નથી. ધોળા કે કાળા તો પુદ્ગલો છે.

આમ છતાં આત્માને માટે "હું ઉજળો છું, હું ધોળો છું." આ રીતે જે કહેવાય છે તે ઉપચારથી છે. માટે જ આત્મદ્રવ્યમાં પુદ્ગલ ગુણનો ઉપચાર થયો છે, એમ કહેવાય.

આ દ્રવ્યમાં ગુણનો ઉપચાર થયો.

**(૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર-**

"હું દેહ શરીર છું." આમાં હું એ આત્મદ્રવ્ય છે. તેમાં જે દેહ-શરીર છે તે પુદ્ગલનો જાતિ દ્રવ્ય પર્યાય છે. તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્ દેહ-શરીર એ પુદ્ગલ પર્યાય છે. હું તેથી પણ તે આત્મ દ્રવ્યમાં પુદ્ગલ પર્યાય એવા શરીરનો ઉપચાર કર્યો છે. તેથી "હું દેહ-શરીર છું." એમ કહેવાય.

આ દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર થયો.

**(૬) ગુણમાં દ્રવ્યનો ઉપચાર-**

"એ ગોરવર્ણ એ આત્મા છે." આમાં ગોરવર્ણ એ પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે. તેમાં આત્મારૂપી અન્ય દ્રવ્ય છે. તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્-પુદ્ગલ દ્રવ્યના ગુણમાં આત્મદ્રવ્યનો ઉપચાર થયો છે. તેથી ગોરવર્ણવાળી વ્યક્તિને ઉદ્દેશીને ઉજળો આ... છે, એમ કહેવાય. એ જ પ્રમાણે શ્યામવર્ણવાળી વ્યક્તિને ઉદ્દેશીને કાળો આ... છે, એમ કહેવાય.

"આ ગુણમાં દ્રવ્યનો ઉપચાર થયો."

**(૭) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર-**

"દેહ-શરીર એ આત્મા." આમાં દેહ-શરીર એ પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે. તેમાં અન્ય દ્રવ્ય આત્મા છે. તેનો

ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્-પુદ્ગલ પર્યાયરૂપ શરીરમાં આત્મ દ્રવ્યનો ઉપચાર કર્યો છે. તેથી "શરીર એ આત્મા" એમ કહેવાય છે.

આ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર થયો.

**(૮) ગુણમાં પર્યાયનો ઉપચાર-**

"મતિતનુ" એટલે "મતિજ્ઞાન એ શરીર છે." -આમાં મતિજ્ઞાન એ આત્મદ્રવ્યનો ગુણ છે. તેમાં શરીર એ તો પુદ્ગલનો પર્યાય છે તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્-મતિજ્ઞાન એ આત્માના ગુણમાં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર કર્યો. તેથી "મતિજ્ઞાન એ શરીર છે." એમ કહેવાય.

આ ગુણમાં પર્યાયનો ઉપચાર થયો.

**(૯) પર્યાયમાં ગુણનો ઉપચાર-**

"તનુમતિ" એટલે "શરીર એ મતિજ્ઞાન." આમાં શરીર એ પુદ્ગલનો પર્યાય છે. તેમાં મતિજ્ઞાન એ આત્મદ્રવ્યનો ગુણ છે. તેનો ઉપચાર અહીં કરવામાં આવ્યો છે.

અર્થાત્-શરીરરૂપ પુદ્ગલ પર્યાયમાં મતિજ્ઞાન-રૂપ આત્મગુણનો ઉપચાર કર્યો. તેથી "શરીર એ મતિજ્ઞાન" એમ કહેવાય.

આ પર્યાયમાં ગુણનો ઉપચાર થયો.

એ પ્રમાણે નવ ભેદો અસદ્ભૂત વ્યવહારના જાણવા.

વળી તેના ત્રણ ભેદો જુદી રીતે જોવાય છે. તે આ પ્રમાણે-

(૧) સ્વજાતિ અદ્ભૂત વ્યવહાર, (૨) વિજાતિ અસદ્ભૂત વ્યવહાર અને (૩) સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર.

**(૧) સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર-**

પોતાની જાતિની અપેક્ષાએ જે વ્યવહાર થાય તે સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે. જેમકે-પરમાણુ જ્યારે સ્કંધમાં જોડાયેલો હોય ત્યારે તે પ્રદેશ તરીકે કહેવાય છે. અનેક પ્રદેશો સાથે સમ્બન્ધવાળો હોવાથી તે બહુપ્રદેશી તરીકે પણ કહી શકાય.

બહુપ્રદેશી થવાની યોગ્યતા લક્ષ્યમાં લઈને કેવલ સ્વતંત્ર પરમાણુને બહુપ્રદેશી તરીકે જો કહીએ તો તે સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર કહેવાય. અહીં તો કેવલ સ્વતંત્ર પરમાણુ છે. સ્કંધમાં જોડાએલ નથી માટે અપ્રદેશ છે આમ હોવા છતાં પણ તે કેવલ સ્વતંત્ર પરમાણુને તેની જાતિની અપેક્ષા લક્ષ્યમાં રાખીને જે બહુપ્રદેશી તરીકે કહ્યો તે સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર થયો એમ સમજવું.

**(૨) વિજાતિ અસદ્ભૂત વ્યવહાર-**

વિજાતિની અપેક્ષાએ જે વ્યવહાર થાય તે વિજાતિ અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

જેમકે-મતિજ્ઞાન એ અરૂપી આત્માનો ગુણ છે. અને મૂર્તપણું એ રૂપી પુદ્ગલનો ગુણ છે. આમ હોવા છતાં પણ તેમાં ઉપચાર કરવા પૂર્વક "મતિજ્ઞાન મૂર્ત છે." એમ જે કહેવું તે વિજાતિ અસદ્ભૂત વ્યવહાર છે.

અર્થાત્-મતિજ્ઞાનને ઉત્પન્ન કરનારા સાધનો ઈન્દ્રિયો અને વિષયના સમ્બન્ધો વગેરે સર્વ મૂર્ત છે, માટે અમૂર્ત એવું મતિજ્ઞાન પણ મૂર્ત છે એવો જે ઉપચાર કરાય છે તે વિજાતીય છે. આ વિજાતિ-અસદ્ભૂત વ્યવહાર સમજવો.

**(૩) સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર-**

સ્વજાતિની અને વિજાતિની એમ બન્નેની અપેક્ષાએ જે વ્યવહાર થાય તે સ્વજાતિ વિજાતિ અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

જેમકે-જીવ એ જ્ઞાનની સ્વજાતિ છે, અને અજીવ એ વિજાતિ છે. આમ હોવા છતાં પણ જીવાજીવ એ વિષયક જ્ઞાન છે. એમ જે કહેવું તે સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર છે. અહીં વ્યવહારનો નિયામક વિષયતા સમ્બન્ધ નથી, તો પણ તેનો વ્યવહાર કરવામાં આવ્યો છે. માટે તે સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર સમજવો.

(અહીં વિષયતા સંબંધને આશ્રયીને કહેવામાં આવ્યું છે પણ તે વિષયતા સમ્બન્ધ કાલ્પનિક છે.)

એ પ્રમાણે બીજો અસદ્ભૂત વ્યવહાર ઉપનય નવભેદવાળો અને પ્રકારાન્તરેણ ત્રણ ભેદવાળો જાણવો.

**(૩) ત્રીજો ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય-**

એક ઉપચારથી બીજો ઉપચાર કરવામાં જે આવે તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે.

આના પણ ત્રણ પ્રકાર છે. તે આ પ્રમાણે- (૧) સ્વજાતિ-ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય, (૨) વિજાતિ-ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય અને (૩) સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહભૂત ઉપનય હવે ક્રમશઃ એ ત્રણે પ્રકાર-ભેદને વિચારીએ.

**(૧) સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય એટલે,**

સ્વજાતિમાં ઉપચરિત વ્યવહાર જે કરવો તે. જેમકે- "પુત્ર, સ્ત્રી આદિ મારાં છે"

અહીં પુત્ર, સ્ત્રી આદિ મારા છે એવો જે વ્યવહાર થાય છે તે ઉપચારે છે, મારાં એવો આત્માનો સમ્બન્ધ એ પણ ઉપચરિત છે, કિન્તુ વાસ્તવિક નથી. તેમાં પુત્રાદિક પણ આત્મા છે અને કથન કરનાર પણ આત્મા છે. એ બન્ને પરસ્પર સજાતિ છે. માટે જ આ કથન સ્વજાતિ-ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયનું છે એમ જાણવું.

**(૨) વિજાતિ-ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય-**

એટલે વિજાતિમાં ઉપચરિત વ્યવહાર જે કરવો તે, જેમકે "વસ્ત્ર, ભૂષણાદિક મારાં છે" આમાં વસ્ત્ર, ભૂષણાદિક એ પુદ્ગલનો પર્યાય છે. એટલે વસ્ત્ર, ભૂષણાદિક એવું જે નામ આપવામાં આવ્યું છે તે ઉપચરિત છે. અર્થાત્ કાલ્પનિક છે. આત્માને માટે તો વિજાતીય છે. આમ છતાં પણ તેમાં "મારાં" એવો સ્વસમ્બન્ધ જણાવેલો હોવાથી આ કથન વિજાતિ-ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપાયનું છે એમ સમજી લેવું.

**(૩) સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય-**

એટલે સ્વજાતિ અને વિજાતિ એ બન્નેમાં ઉપચરિત વ્યવહાર જે કરવો તે. જેમકે-

"આ દેશ મારો છે." ઈત્યાદિ જે કહેવામાં આવે છે તે પણ ઉપચરિત છે. તેમાં આત્માનો સમ્બન્ધ એ પણ ઉપચરિત છે. વળી જીવ-અજીવ એ બન્નેનું સ્વરૂપ હોવાથી કથન કરનાર આત્માને તે સ્વજાતિ અને વિજાતિ એમ બન્ને છે. માટે જ આ

કથન સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયનું છે એમ સમજવું.

એ પ્રમાણે ત્રીજો ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય ત્રણ ભેદવાળો જાણવો.

આ ઉપરાંત અધ્યાત્મનયના મૂળ બે ભેદમાં પણ વ્યવહાર નયનું સ્થાન છે. જુઓ-

નયચક્ર વગેરે ગ્રંથોમાં અધ્યાત્મનયના મૂળ બે ભેદ જણાવ્યા છે. નિશ્ચયનય અને વ્યવહારનય. તેમાં નિશ્ચયનયને આશ્રયીને (૧) શુદ્ધ નિશ્ચયનય અને (૨) અશુદ્ધ નિશ્ચયનય એમ બે ભેદ નિશ્ચયનયના કહ્યા છે, અને વ્યવહારને આશ્રયીને (૧) સદ્ભૂત વ્યવહાર અને (૨) અસદ્ભૂત વ્યવહાર એમ બે ભેદ વ્યવહારનયના પણ કહેલા છે.

સદ્ભૂત વ્યવહારનયના (૧) ઉપચરિત સદ્ભૂત વ્યવહાર અને (૨) અનુપચરિત સદ્ભૂત વ્યવહાર, એમ બે ભેદ જણાવ્યા છે. તથા અસદ્ભૂત વ્યવહાર નયના (૧) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર અને (૨) અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર એમ ભેદ પ્રતિપાદન કર્યો છે. આ નયનો વિષય મુખ્ય વિશેષ છે. વળી આ નય ભેદગ્રાહી છે અને દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદ પૈકીનો છે.

**(૪) ઋજુસૂત્રનય-**

ઋજુ એટલે વર્તમાન કાળની વસ્તુ, અને સૂત્ર એટલે ગુંથવું-જાણવું. અર્થાત્ વર્તમાન કાળમાં વર્તતી વસ્તુને જ જે જાણે તે ઋજુસૂત્ર કહેવાય.

આ નયના લક્ષણમાં પણ એજ વાતનું સમર્થન નીચે પ્રમાણે છે.

"ऋजु वर्तमानक्षणस्थायि पर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्नभिप्राय ऋजुसूत्रः ।"

અર્થાત્ -ઋજુ વર્તમાન ક્ષણ સ્થાયિ પર્યાયને જ મુખ્યપણે જે ઈચ્છે, ગ્રહણ કરે તે "ઋજુસૂત્ર" કહેવાય છે.

"શ્રી અનુયોગદ્વાર" માં ઋજુસૂત્રનયની નિર્યુક્તિ એટલે વ્યુત્પત્તિમાં પણ કહ્યું છે કે-

"पच्चुप्पन्नगाही ऊज्जुसुओ णयविही मुणेयव्वो ।"

વ્યુત્પન્નગ્રાહી-વર્તમાનને ગ્રહણ કરનારો તે ઋજુસૂત્ર નયવિધિ જાણવો.

આ નય ભૂતકાળમાં વર્તતા પદાર્થોના કે ભવિષ્યકાળમાં વર્તતા પદાર્થોના વિચાર કરતો નથી. કિન્તુ કેવલ વર્તમાન કાલમાં વર્તતા પદાર્થોનો વિચાર કરે છે. તેમાં પણ પોતાને અનુરૂપ જે વિચાર હોય તે કરે છે, પરંતુ પારકો વિચાર કરતો નથી.

એ નયનું મંતવ્ય એવા પ્રકારનું છે કે-વર્તમાન-કાલીન વસ્તુ જ વિદ્યમાન છે, સત્ છે. ભૂતકાલીન વસ્તુ કે ભવિષ્યકાલીન વસ્તુ વર્તમાનકાલમાં વિદ્યમાન નથી જ તેથી કરીને આ નય વર્તમાનકાલીન સ્વકીય વસ્તુને જ સત્ માને છે. ભૂતકાલીન ભવિષ્ય-કાલીન અને પરકીય વસ્તુને સત્ માનતો નથી. જેમકે- ભૂતકાળમાં કોઈ રાજા, મહારાજા કે પ્રધાન હોય, અથવા ભવિષ્યકાળમાં કોઈ રાજા, મહારાજા કે પ્રધાન થવાનો હોય તો તેને આ ઋજુસૂત્ર નય રાજા, મહારાજા કે પ્રધાન કહેતો નથી.

વર્તમાનમાં જે રાજા, મહારાજા કે પ્રધાન હોય તેને જ રાજા, મહારાજા કે પ્રધાન કહે છે જેવી રીતે વ્યવહારનય સામાન્યને વ્યવહારોપયોગી ન હોવાથી સત્ તરીકે માનતો નથી, તેવી રીતે વ્યવહાર નયના વિષયભૂત અતીત, આનગત્ અને પરકીય વસ્તુને પણ વ્યવહારોપયોગી ન હોવાથી આ ઋજુસૂત્ર નય પણ સત્ તરીકે માનતો નથી. અર્થાત્-પ્રયોજન સાધક નથી, માટે અતીત, અનાગત કે પરકીય વસ્તુ અસત છે. સાંપ્રતકાલીન સ્વકીય વસ્તુ જ સત્ છે.

આથી ઋજુસૂત્ર નય એમ કહે છે કે-મારે તો ભૂતકાળનું કે ભવિષ્યકાળનું શું કામ છે ? ભૂત અને ભવિષ્ય એ તો કુટિલપણાનાં લક્ષણ છે. મારે તો કામ છે કેવલ વર્તમાનકાળનું જ. તેમાંય સ્વકીય વસ્તુનું જ, નહીં કે પરકીય વસ્તુનું.

આ નય પણ બે પ્રકારે છે. તે આ પ્રમાણે - (૧) સૂક્ષ્મ ઋજુસૂત્રનય અને (૨) સ્થૂલ ઋજુસૂત્રનય.

તેમાં **(૧) સૂક્ષ્મ ઋજુસૂત્ર નય** - સર્વ પર્યાય ને ક્ષણિક માને છે.જેમકે- "પર્યાય એક સમય જ રહે છે." અર્થાત્ પ્રતિક્ષણે પ્રત્યેક ફરે છે. સમય ફરતાં પર્યાય ફરે એ કથન સૂક્ષ્મ દષ્ટિપૂર્વક વિચાર કરવાથી સ્પષ્ટપણે જણાય છે.

**(૨) સ્થૂલ ઋજુસૂત્ર નય** - દીર્ધકાળ પર્યંત એટલે લાંબા કાળ સુધી રહેતા પર્યાયને પણ માન્ય રાખે છે. જેમકે- "મનુષ્યાદિ પર્યાય તેના આયુપ્રમાણ કાલ ટકે છે" અર્થાત્ મનુષ્ય-દેવ વગેરે પર્યાયો છે. તેને આ સ્થૂલ ઋજુસૂત્રનય માન્ય રાખે છે.

પર્યાયાર્થિકનયનો આ પ્રથમ પ્રકાર (પહેલો ભેદ છે.)

(૫) શબ્દનય-

"शब्यते-आहूयतेऽनेनाभिप्रायेणार्थः इति शब्दः ।"

-શબ્દ દ્વારા જે સ્વાભિપ્રાય એટલે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તે શબ્દનય કહેવાય છે. વળી શબ્દનયનું લક્ષણ નીચે પ્રમાણે પણ છે.

"कालादिभेदेन ध्वनेरर्थ भेदप्रतिपाद्यमानः शब्दः।"

-કાલાદિભેદ વડે કરીને ધ્વનિના અર્થભેદનું પ્રતિપાદન કરનાર જે હોય તે શબ્દનય કહેવાય છે.

"શ્રી અનુયોગદ્વાર" માં શબ્દનયની નિર્યુક્તિ એટલે વ્યુત્પત્તિ પણ નીચે પ્રમાણે જણાવી છે.

"इच्छति विसेसियतरं पच्चुप्पन्नं नओ सद्दो ।।"

-આ પ્રત્યુત્પન્નને-વર્તમાનને વધારે વિશેષિતપણે એટલે વિશેષ ભેદથી જે ઈચ્છે તે શબ્દનય છે.

આ નય શબ્દથી વાચ્ય વસ્તુને જ મુખ્યરૂપે ગ્રહણ કરે છે. વ્યાકરણ-વ્યુત્પત્તિ દ્વારા સિદ્ધ થયેલા સર્વ શબ્દોને સ્વીકારે છે. પ્રકૃત્તિ-પ્રત્યયાદિકથી પણ અર્થમાં રૂઢ થયેલા એવા સર્વ શબ્દોને માન્ય રાખે છે.

જ્યાં લિંગભેદ કે વચનભેદ થયેલાય ત્યાં સમાન અર્થ છે એમ આ નય સ્વીકારતો નથી. એવા સ્થલમાં તો અર્થ ભેદ માને છે.

ઋજુસૂત્રની જેમ લિંગ, વચન, કાલાદિના ભેદથી શબ્દને અભિન્ન ન માનતાં આ નય ભિન્ન જુદા માને છે.

વળી આ નય ઋજુસૂત્રની જેમ ચારે નિક્ષેપાને નહીં માનતાં માત્ર ભાવનિક્ષેપોને જ સત્ માને છે. તેમજ પર્યાય ભેદે અર્થભેદ માનવા પણ આ નય તૈયાર નથી.

અનેક પર્યાયોથી વાચ્ય વસ્તુને એકજ માને છે. એ સર્વ નીચે જણાવેલા દ્રષ્ટાંતોથી સમજાશે.

**(૧) લિંગભેદ અથવા જાતિભેદનું દ્રષ્ટાંત** - "તટ, તટી, તટા" - આમાં "કેવો કેવી, કેવું" એ ત્રણેના લિંગપર્યાય જુદા છે. તેથી કરીને ધ્વનિના અર્થમાં પણ ફેરફાર જણાય છે. આથી એ ત્રણેના અર્થ જુદા જુદા છે એમ આ નય કહે છે.

**(૨) સંખ્યાભેદ અથવા વચનભેદનું દ્રષ્ટાંત** - "દારા, કલત્રમ્" એ બન્ને સમનાર્થિક હોવા છતાં પણ તેની સંખ્યામાં અને તેના વચનમાં ફેર છે. જુઓ- "દારા" (સ્ત્રીઓ-બહુવચન), અને "કલત્રમ્" (સ્ત્રી-એકવચન.)

એ જ પ્રમાણે "આપ" (પાણી-બહુવચન) અને "જલમ્" (પાણી-એકવચન) એ બન્ને દ્રષ્ટાંતમાં એકાર્થવાચી છતાં સંખ્યા ભેદને લઈને આ નય બન્નેને ભિન્ન માને છે.

**(૩) કાળભેદનું દ્રષ્ટાંત** - "સુમેરૂ હતો, છે અને હશે" આમાં "હતો" એ ભૂતપર્યાય, "છે" એ વર્તમાન પર્યાય, અને "હશે" એ ભાવિપર્યાય. કાળત્રયરૂપ પર્યાયના ભેદને લઈને "સુમેરૂ" એ ધ્વનિના અર્થમાં પણ ભેદ જણાય છે. અર્થાત્- કાળત્રયના ભેદને લઈને સુમેરૂ દ્રવ્યના ભેદનું પણ આ નય દ્વારા પ્રતિપાદન થાય છે. અહીં કાલત્રયની મુખ્યતા છે અને સુમેરૂનું દ્રવ્યપણે જે અભેદપણું તેની ગૌણતા છે.

**(૪) કારકભેદનું ઉદાહરણ** - "તે કુંભ કરે છે, અને તેનાથી કુંભ ભરાય છે" આમાં "તે કુંભ કરે છે" અને "તેનાથી કુંભ ભરાય છે" એ બન્ને કારક પર્યાય ભિન્ન ભિન્ન હોવાથી, "કુંભ"

એ ધ્વનિના અર્થમાં પણ ભેદ જણાય છે. અહીં કારક પર્યાયની મુખ્યતા છે, અને કુંભ દ્રવ્યની ગૌણતા છે.

**(૫) પુરૂષભેદનું દ્રષ્ટાંત** - "ગચ્છામિ" (હું જાઉં છું ), "ગચ્છસિ" (તું જાય છે), અને "ગચ્છતિ" (તે જાય છે.)

આમાં "મિ" એટલે હું એ પહેલો પુરુષ છે, "સિ" એટલે તું એ બીજો પુરુષ છે, અને "તિ" એટલે તે એ ત્રીજો પુરૂષ છે. એ પુરૂષભેદરૂપ પર્યાયભેદ થયો.

એ જ પ્રમાણે "હું મોદક (લાડવો) ખાઈશ, તે તો અતિથિ ખાઈ ગયો."

અહીં પણ "હું" પહેલો પુરૂષ છે, અને "અતિથિ" એ ત્રીજો પુરૂષ છે. એ પુરૂષભેદરૂપ પર્યાય ભેદ થયો.

**(૬) ઉપસર્ગ ભેદનું દ્રષ્ટાંત** - "તે સંસ્થિત છે. તે અવસ્થિત છે" અહીં "સ્થિતિ" ધ્વનિમાં "સ" અને "અવ" એ રૂપ ઉપસર્ગ પર્યાયથી ભેદ જણાય છે.

કવચિત્ અર્થના ભેદનું પણ મુખ્યપણે ગ્રહણ કરાય છે. જુઓ-

"कर्णादिषु तिष्टते यः" -જે કર્ણાદિકમાં પ્રકાશિત અથવા સ્થિત છે. અહીં "તિષ્ઠતે" થી અર્થભેદની પ્રતીતિ થાય છે.

ચત્ ધ્વનિ એનો એ હોય તો પણ અર્થ ભેદ પ્રધાનપણે ગ્રહણ કરાય છે.

જેમકે-"નવકમ્બલઃ શાલિભદ્રઃ" આમાં ધ્વનિ એનો એ છતાં બે ભિન્ન ભિન્ન અર્થ મુખ્યપણે પ્રતીત થાય છે.

૧-નવકાંબળી જેની પાસે છે એવો શાલિભદ્ર.

૨-નવ એટલે નવી કાંબળ જેની પાસે છે એવો શાલિભદ્ર.

આ પ્રમાણે શબ્દનું લિંગ, વચન ઈત્યાદિ ફરવાથી અર્થભેદ આ શબ્દ નય માને છે.

આગળ જણાવાતા સમભિરૂઢ નયની માફક વ્યુત્પત્તિ ભેદથી અર્થભેદ આ નય માનતા નથી.

આ શબ્દ નય પર્યાયાર્થિક નયનો બીજો ભેદ છે.

**(૬) સમભિરૂઢ નય-**

"पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहा (जानन्) समभिरुढः ।"

-વ્યુત્પત્તિભેદે કરીને પર્યાયવાચી શબ્દોમાં જે ભિન્ન અર્થ ઉત્પન્ન કરે અર્થાત્ વસ્તુનો ભેદ જાણે-માને તે સમભિરૂઢનય કહેવાય છે.

"શ્રી અનુયોગદ્વાર" માં આ સમભિરૂઢનયની નિર્યુક્તિ એટલે વ્યુત્પત્તિ અંગે કહ્યું છે કે-

"वत्थुओ संकमणं होइ अवत्थु णए समभिरुढे ।"

અર્થાત્-વસ્તુ થકી જે સંક્રમણ તે સમભિરૂઢ-નયના મતમાં અવસ્તુ છે.

આ નય શબ્દભેદે પણ અર્થ માને છે. અને પર્યાય શબ્દોનું અર્થથી અભેદપણું છે તેની ઉપેક્ષા કરે છે અર્થાત્ તેને ગૌણ રાખે છે. આથી આ નયનું મંતવ્ય એવા પ્રકારનું છે કે "ઈન્દ્ર" શબ્દનો અર્થ અને "શક્ર" વગેરે શબ્દનો અર્થ ભિન્ન છે. "ઘટ" શબ્દનો અર્થ અને "કુંભ" વગેરે શબ્દનો અર્થ જુદો છે. જુઓ-

૧ इन्दनात् इन्द्रः- ઐશ્વર્યને લઈ ઈન્દ્ર.

૨ शकनात् शक्रः- શક્તિને લઈ શક્ર.

३ पूर्दारणात् पुरन्दरः- પૂ. નામના રાક્ષસનો વિનાશ
કરવાથી પુરંદર.

૪ "शच्याः पतिः शचिपतिः- શચિનોં પતિ શચિપતિ.

આમાં ઈન્દ્ર, શક્ર, પુરંદર અને શચિપતિ એ સર્વે પર્યાય વાચક શબ્દો છે તેમાં એકાર્થપણું હોવા છતાં પણ તેને ગૌણ કરી શબ્દ પર્યાયના ભેદે તેના અર્થનું પણ ભિન્નપણું આ નય માને છે.

એ જ પ્રમાણે "ઘટ", "કુંભ", "કલશ" આદિમાં પણ જાણવું "ઘટ" શબ્દનો અર્થ અને "કુંભ" શબ્દનો અર્થ જુદો છે. લોકમાં જે એક અર્થ છે તે તો શબ્દ નયની અપેક્ષાએ છે. આ નયની અપેક્ષાએ નથી. "ઘટ", "કુંભ", "કલશ" ઈત્યાદિ શબ્દો પણ "પટ", "મઠ", "સ્તમ્ભ" વેગેરે શબ્દોની જેમ ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિવાળા હોવાથી તે જુદા જુદા અર્થના વાચક છે કારણકે, એક શબ્દથી એક જ વસ્તુ વાચ્ય થઈ શકે, પણ એક અર્થમાં અનેક શબ્દની પ્રવૃત્તિ ન હોઈ શકે. જુઓ "ઘટ", શબ્દથી "ઘટ" વાચ્ય બની શકે, પણ "કલશ" કે "કુંભ" નહિ એ જ રીતે "કુટ" શબ્દથી "કુટ" વાચ્ય બની શકે, પણ "કુંભ" કે "ઘટ" નહિ. માટે જ કહેવાય છે કે- "ઘટનાત્ ઘટ" "કુટનાત્ કુટઃ" ઈત્યાદિ.

આ સમભિરૂઢ નય પર્યાયાર્થિક નયનો ત્રીજો ભેદ છે.

**એવંભૂતનય-**

"शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविशिष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवं भूतः ।"

-જે ક્રિયાને લઈને શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયા વિશિષ્ટ અર્થને વસ્તુ પ્રકાશે ત્યારે જ એવંભૂતનય કહેવાય છે.

આ નય એમ જણાવે છે કે- જ્યારે શબ્દથી વાચ્ય અર્થની પ્રવૃત્તિ થતી હોય ત્યારે જ તે વસ્તુનો તે શબ્દથી વ્યવહાર થઈ શકે. અર્થાત્ જ્યાં તે તે શબ્દ અર્થની પ્રવૃત્તિ થતી હોય તો જ ત્યાં તે તે શબ્દનો ઉપયોગ કરવો એ ઉચિત છે.

તે તે શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે તે સમયે તે વસ્તુમાં ક્રિયા થતી હોય તો જ તેને સત્ તરીકે આ નય માને છે. ક્રિયા શબ્દને જ સ્વીકારે છે. જુઓ-

(૧) તીર્થંકર પરમાત્મા જ્યારે દેશના આપી રહ્યા હોય ત્યારે જ તે તીર્થંકર કહેવાય, પણ દેવછંદામાં બિરાજમાન તીર્થંકર પરમાત્માને તીર્થંકર ન કહેવાય એમ આ નય કહે છે.

(૨) રાજા જ્યારે છત્ર-ચામરાદિકથી શોભતો હોય ત્યારે જ તે રાજા કહેવાય, પણ સ્નાન કરતો હોય કે ભોજન કરતો હોય તે વખતે તેને રાજા ન કહેવાય એમ આ નય જણાવે છે.

(૩) ઐશ્વર્ય અનુભવવાની ક્રિયા કરતો હોય ત્યારે જ ઈન્દ્ર કહેવાય. શક્તિ ક્રિયામાં પરિણત હોય ત્યારે જ શક્ર કહેવાય. પુરુને વિદારવામાં પ્રવર્તેલો હોય ત્યારે જ પુરંદર કહેવાય. એ ત્રણે દૃષ્ટાંત આ એવંભૂત નયનાં જાણવાં.

એ ઉપરાંત આ અવભૂત નય (૧) જાતિ, (૨) ગુણ (૩) ક્રિયા, (૪) સંબંધ અને (૫) યદચ્છા એ પાંચ પ્રકારની શબ્દ પ્રવૃત્તિને નિશ્ચયથી નહિં, પણ વ્યવહાર માત્રથી જ સ્વીકારે છે.

તે આ પ્રમાણે-

(૧) જાતિશબ્દ એ ક્રિયા શબ્દ જ છે.

જેમકે- "ગચ્છતીતિ ગૌઃ" જવાની ક્રિયા કરે તે ગાય. એ જ

પ્રમાણે "આશુગામિત્વાદશ્વઃ" જલદી જવાની ક્રિયા કરે તે અશ્વ (ઘોડો).

અહિં ગૌઃ ત્યાં ગાયપણું અને અશ્વઃ ત્યાં અશ્વપણું એવા જાતિવાચક શબ્દોનું ક્રિયા વાચક શબ્દ હોવાથી.

આ પ્રમાણે અન્ય જાતિશબ્દોમાં પણ જાણવું.

(૨) ગુણ શબ્દ પણ એ ક્રિયા શબ્દ જ છે.

જેમકે- "શુચોભવનાત્ શુક્લઃ" પવિત્ર હોવાની ક્રિયાને લઈને શુક્લ. એ જ પ્રમાણે "નીલભવાત્ નીલઃ" નીલનની ક્રિયાને લઈને નીલ. અહીં શુક્લ અને નીલ એવા ગુણ શબ્દોનું ક્રિયા શબ્દ હોવાથી.

આ રીતે અન્ય ગુણ શબ્દોમાં પણ સમજવું.

(૩) ક્રિયા એ પણ ક્રિયા શબ્દ જ છે. "હોવાપણું" "થવાપણું", "જવાપણું", "દેવાપણું" વગેરે ક્રિયા સામાન્યનું સર્વવ્યાપિપણું હોવાથી.

(૪) સંયોગ સમ્બન્ધી શબ્દ પણ ક્રિયા શબ્દ જ છે.

જેમકે- "દણ્ડોડસ્યાતીતિ દણ્ડી" એની પાસે દંડ છે માટે દંડી એ દંડ અને દંડીના સંયોગ સમ્બન્ધરૂપ શબ્દ ક્રિયાશબ્દ છે.

એ જ પ્રમાણે સમવાય સમ્બન્ધી શબ્દ પણ ક્રિયાશબ્દ જ છે.

જેમકે- "વિષાણમસ્યાસ્તીતિ વિષાણી" વિષાણ એટલે શિંગડું આને છે માટે વિષાણી. અર્થાત્ શિંગડાવાળું.

અહીં વિષાણ ને વિષાણીના સમવાય સમ્બન્ધરૂપ શબ્દ ક્રિયાશબ્દ જ છે. આથી હોવારૂપ ક્રિયાનું મુખ્યપણું હોવાથી એનો બોધ થાય છે.

(૫) યદૃચ્છા શબ્દ પણ ક્રિયા શબ્દ જ છે. જેમકે "દેવ ! એનં દેયાત્ ઈતિ દેવદત્તઃ" હે દેવ ! એને આપો.

એ જ પ્રમાણે "યજ્ઞ ! એનં દેયાત્ ઈતિ યજ્ઞદત્તઃ" યજ્ઞ ! એને આપો.

એ બન્ને સ્થળમાં યદૃચ્છા શબ્દનું ક્રિયાશબ્દ હોવાથી.

ઉક્ત એ પાંચે પ્રકારની શબ્દ પ્રવૃત્તિને વ્યવહાર માત્રથી જ આ એવંભૂત નયે સ્વીકારી છે.

આ પ્રમાણ એવંભૂત નયનું સ્વરૂપ સમજવું.

દિગમ્બરો ઉક્ત એ સાત નયો ઉપરાંત દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોને પણ સ્વતંત્ર માને છે. જેનું વર્ણન પૂર્વે જણાવ્યું છે.

આથી દિગમ્બરના મતમાં નવ નયો થાય છે. તે નવ નયોના પેટા ભેદ ૨૮ માને છે. તે આ પ્રમાણે

મૂળ નયો અને તેના ભેદો

| | | |
|---|---|---|
| (૧) દ્રવ્યાર્થિકનય | - | ૧૦ |
| (૨) પર્યાયાર્થિકનય | - | ૬ |
| (૩) નૈગમનય | - | ૩ |
| (૪) સંગ્રહનય | - | ૨ |
| (૫) વ્યવહારનય | - | ૨ |
| (૬) ઋજુસૂત્રનય | - | ૨ |
| (૭) શબ્દનય | - | ૧ |
| (૮) સમભિરૂઢ | - | ૧ |
| (૯) એવંભૂતનય | - | ૧ |
| | | ૨૮ |

આ નવ નયો અને તેના ૨૮ ભેદો ઉપરાંત પણ દિગમ્બરો ત્રણ ઉપનય માને છે. તેનું સ્વરૂપ પણ પૂર્વે જણાવ્યું છે.

એ સર્વમાં જેટલું સત્ય હોય તેટલું સ્વીકારવું. કારણકે સત્યનો સ્વીકાર કરવાથી આત્મામાં સાચા શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય છે.

શ્વેતામ્બરો કહે છે - દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ બન્ને સ્વતંત્ર નયો નથી. નૈગમાદિ સાત નયોમાં એ બન્ને સમાઇ જાય છે. એ બન્ને નયો અન્તર્ભાવિત હોવાથી તેને જુદા માની શકાય નહીં.

શિષ્ટ-સંમત એ નૈગમાદિ સાતજ નયો છે. સૂત્રમાં પણ મૂલ નયો સાત જ પ્રતિપાદન કર્યા છે. જુઓ- "સત્તમૂલણયા-પન્નતા" એ પ્રમાણે સૂત્ર છે. તે સૂત્રથી વિરૂદ્ધ નવ નયની પ્રરૂપણા એ ઉત્સૂત્ર છે. આથી નયોની સંખ્યા નવ કહેનાર દેવસેન દિગમ્બર ઉત્સૂત્રભાષી છે. તેનું વચન મિથ્યા છે.

નયો તો સાત જ છે. એ જ સત્ય છે. વાસ્તવિક છે અને યથાર્થ છે.

એ સાતે નયોમાં પૂર્વ પૂર્વના નયો કરતાં ઉત્તરોત્તર નયનો વિષય સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષતમ છે. પ્રથમના નૈગામાદિ ચાર નયો અર્થને જ પ્રધાન માનતા હોવાથી તે અર્થનયો કહેવાય છે. પછીના શબ્દાદિ ત્રણ નયો શબ્દને જ પ્રધાન માનતા હોવાથી તે શબ્દનયો કહેવાય છે.

એ નૈગમાદિ સાતે નયો સાચા તો ત્યારે જ કહેવાય કે પોતે ઈતર નય સાપેક્ષ રહી સ્વવિષય ગ્રાહક બને ત્યારે જ. નહીંતર એકાંત પોતાના જ અંશની કલ્પના રૂપ કલંક પંકતી તો મલિન જ છે.

અર્થાત્ એક સ્વયમેવ કલ્પેલો ધર્મ જ સ્વીકારે અને અન્ય અંશોનો નિષેધ કરે તો તે નય નહીં પણ દુર્નય છે. એકાંત પોતના જ વિષયને સત્ય માની અન્ય નયોનું ખંડન કરનાર સુનય નહીં પણ કુનય કહેવાય છે. શ્રી જિનેન્દ્રદેવના શાસનમાં યત્કિંચિત્ કથન પણ નય રહિત નથી. તીર્થંકર પરમાત્માએ જે જે કહ્યું છે તે સર્વસ્વ સાપેક્ષ જ કહ્યું છે.

એ વાતનું સમર્થન વિશેષાવશ્યક ગ્રંથમાં મળે છે.

જુઓ- "વિશેષાવશ્યક" માં કહ્યું છે કે-

“नत्थि नएहिं विहणं सुत्तं अत्थो अ जिणमए किंचि ।
आसज्ज उ सोयारं नए नयविसारओ बूया ॥”

-જિનમતમાં સૂત્ર તથા અર્થ નય વિના નથી, માટે નય વિશારદ એટલે નયના જાણકાર પુરૂષોએ નય અનુસાર કહેવું. અર્થાત્ શ્રોતાએ યોગ્ય સાપેક્ષ જે રીતે ઘટી શકે તે રીતે કહેવું.

આથી જ એ સાતે નયો ભેગા મળી સંપૂર્ણ વસ્તુ સ્વરૂપનું વાસ્તવિક યથાર્થ પ્રતિપાદન કરે છે. કારણકે-ભગવાન જિનેશ્વરોએ પ્રત્યેક નયને પોતાનું વક્તવ્ય રજુ કરવાનો અધિકાર આપ્યો છે, પરંતુ અન્ય નયોને માન્ય વિષયનો તિરસ્કાર કરવાનો કે ખંડન કરવાનો અધિકાર આપ્યો નથી. એ જ જૈનદર્શનના નયવાદની વિશિષ્ટતા છે.

નયના સાતસો ભેદ-

જગતમાં જેટલા વચનના વ્યવહારો છે તેટલા નયના માર્ગો છે. તે જાણવા માટે નયો સાત અથવા પાંચ પ્રતિપાદન કરવામાં આવ્યા છે.

જુઓ-“सप्त मूलनयाः पञ्च इत्यादेशान्तरम् ।”

(૧) નૈગમ, (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ, (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત

આ પ્રમાણે મૂલનયો સાત છે. છેલ્લા શબ્દાદિ ત્રણ નયોને સ્થાને શબ્દનય એક જ માનવામાં આવે તો નયો પાંચ છે.

નૈગમાદિ એ મૂલનયના પ્રત્યેકના સો સો ભેદો "આવશ્યક સૂત્ર" માં જણાવ્યા છે. તેથી કરીને એ સાતે નયના ઉત્તરભેદો સાતસો અથવા એ પાંચે નયના પાંચસો થાય છે.

આ અંગે "આવશ્યકસૂત્ર" માં કહ્યું છે કે-

“इक्किक्को य सयविहो, सत्तसया णया हवंति एमेव।
अण्णो वि हु आएसो, पंचेव सया णयाणं तु ॥”

અર્થાત્- એકેકના સો ભેદ એટલે નૈગમાદિ એ સાતના સર્વ મળી ૭૦૦ ભેદ થાય છે. તે આ પ્રમાણે-

| | | | |
|---|---|---|---|
| (૧) | નૈગમનયના | - | ૧૦૦ ભેદ |
| (૨) | સંગ્રહનયના | - | ૧૦૦ ભેદ |
| (૩) | વ્યવહારનયના | - | ૧૦૦ ભેદ |
| (૪) | ઋજુસૂત્ર નયના | - | ૧૦૦ ભેદ |
| (૫) | શબ્દ નયના | - | ૧૦૦ ભેદ |
| (૬) | સમાભિરૂઢ નયના | - | ૧૦૦ ભેદ |
| (૭) | એવંભૂત નયના | - | ૧૦૦ ભેદ |
| | | | ૭૦૦ |

એ સાતના સર્વ મળી ૭૦૦ ભેદ જાણવા છેલ્લા શબ્દાદિ ત્રણ નયને એક શબ્દનયમાં જ જો ગણીએ તો નૈગમાદિક પાંચ ભેદ થતાં તે દરેકના સો સો ભેદ કરતાં ૫૦૦ ભેદ થાય છે.

નયોને જાણવા માટે આ શૈલી વ્યાજબી છે. વળી સામાન્યગ્રાહી નૈગમનયનો સંગ્રહનયમાં અને વિશેષગ્રાહી નૈગમનયનો વ્યવહાર નયમાં સમાવેશ કરીએ તો મૂળ નય છ થતાં તે દરેકના સો સો ભેદ કરતાં ૬૦૦ ભેદ થાય છે.

વળી નૈગમ-સંગ્રહ-વ્યવહાર એ ત્રણ અર્થનય અને ચોથો શબ્દનય એમ ચાર મૂળ નય ગણીએ તો તે પ્રત્યેકના સો સો ભેદ કરતાં ૪૦૦ ભેદ થાય છે.

આ સિવાય બીજી રીતે પણ ૪૦૦ ભેદ અથવા ૨૦૦ ભેદ જોવામાં આવે છે. તે આ રીતે-

(૧) નૈગમનય, (૨) સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર લક્ષણ એક અર્થનય, (૩) એક શબ્દનય અને (૪) એક પર્યાયાર્થિક નય એ ચાર મૂળ ભેદ સ્વીકારીએ તો દરેકના સો સો ભેદ કરતાં ભેદ થાય છે.

અથવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્નેને જ મૂળનય સ્વીકારીએ તો તે પ્રત્યેકના સો સો ભેદ કરતાં ૨૦૦ ભેદ થાય છે.

**નય વિષયક મુખ્ય-ગૌણ ભાવની વિચારણા-**

વિશ્વમાં પૂર્ણજ્ઞાનીને નયજ્ઞાનની અપેક્ષા ભલે ન હોય, પણ અપૂર્ણ જ્ઞાનીને તો નયજ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

સમસ્ત જગતના સમસ્ત પદાર્થો ઉત્પાદ-વ્યય ને ધ્રુવ સ્વરૂપ છે. એ સત્ય હકીકત જ્ઞાનદૃષ્ટિએ નિરીક્ષણ કરનારા-જોનારા જાણી શકે. બીજા તો ભ્રમણામાં જ પડે. ગોથાં ખાધા જ કરે.

દુનિયાને જ્ઞાની આત્માઓ પણ જોવે છે અને મૂર્ખ-જડ આત્માઓ પણ જોવે છે. આમ છતાં પણ બન્નેના નિરીક્ષણમાં

જોવામાં ઘણું જ અંતર હોય છે.

વસ્તુની વાસ્તવિક કિંમત તેનું સ્વરૂપ જાણતો હોય તે જ આંકી શકે. મૂર્ખ કે જડ વ્યક્તિ આંકી શકે નહિં.

પ્રમાણવાદી જીવ કે અજીવ, ઘટ કે પટ એમ વિશ્વના પ્રત્યેક પદાર્થ દ્રવ્ય-ગુણ અને પર્યાય રૂપ છે એમ મુખ્યપણે કહે અને માને, પણ મુખ્ય-ગૌણભાવ ન કરે.

નયવાદી પણ પ્રત્યેક પદાર્થને દ્રવ્ય-ગુણ અને પર્યાય રૂપ ત્રણ સ્વરૂપ માને, પણ તે મુખ્ય-ગૌણભાવે.

અર્થાત્ એક નય પોતાના મંતવ્યને મુખ્યપણે સ્વીકારે અને બીજા નયના મંતવ્યને ગૌણપણે સ્વીકારે. જુઓ-

દ્રવ્યાર્થિક નય પદાર્થને દ્રવ્યરૂપે કહે છે અને માને છે તેમ જ મુખ્યપણે અને ગૌણપણે તે પદાર્થ ગુણપર્યાય સ્વરૂપ છે એનો પણ તે સ્વીકાર કરે છે. એ જ પ્રમાણે પર્યાયાર્થિક નય મુખ્યપણે ગુણપર્યાય સ્વરૂપ એમ માને છે અને કહે પણ છે. તેમ જ ગૌણરૂપે તે દ્રવ્ય સ્વરૂપ છે એનો પણ તે સ્વીકાર કરે છે.

કોઈ પણ નય ગૌણપણે અન્ય નયના વિષયને માન્ય રાખે તો જ તેનું નયપણું છે. એક નય બીજા નયના વિષયને ગૌણભાવે સ્વીકારે છે એ વિષયની સ્પષ્ટતા વિશેષાશ્યક સૂત્રમાં અને સમ્મતિ તર્ક મહાગ્રંથ વગેરેમાં પણ કરેલી છે.

વિશેષ જીજ્ઞાસુઓને એ નયવિષયક મુખ્ય-ગૌણ ભાવની સૂક્ષ્મ વિચારણા જાણવા માટે ઉપરોક્ત પ્રમાણભૂત ગ્રંથો જોવા જોઈએ.

**નયાભાસનું સ્વરૂપ-**

પૂર્વે નયોનું સંક્ષિપ્ત સ્વરૂપ જણાવ્યું. હવે નયાભાસનું પણ સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે જણાવાય છે.

જ્યારે "स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः"

એટલે-પોતાના અર્થને સ્વીકારનાર અને અન્યના અર્થનો તિરસ્કાર નહિ કરનાર સુનય છે.

ત્યારે "स्वार्थग्राहो इतरांशप्रतिक्षेपी दुर्नयः"

એટલે પોતાના અર્થને સ્વીકારનાર અને અન્યના અર્થનો તિરસ્કાર કરનાર દુર્નય છે.

સુનય ગૌણભાવે પણ બીજા નયના વિષયને માન્ય રાખે છે, માટે તે સુનય કહેવાય છે.

દુર્નય-કુનય ગૌણભાવે પણ બીજા નયના વિષયને માન્ય રાખતો નથી, માટે તે દુર્નય-કુનય કહેવાય છે.

દુર્નય કહો, કુનય કહો કે નયાભાસ કહો એ સર્વે એક જ છે.

**નયાભાસનુ લક્ષણ-**

"स्वाभिप्रेतपादं शादितरांशापलापी नयाभास ।"

-સ્વાભિપ્રેત એટલે પોતે ગ્રહણ કરેલો અર્થાત્ ઈચ્છેલો એવો જે અર્થનો અંશ તે સિવાય અન્ય અંશનો અપલાપ (નિષેધ-વિપ્રતિપત્તિ) કરતો છતો નયની જેમ જે ભાસે તે નયાભાસ કહેવાય છે. અર્થાત્ સ્વઈષ્ટ અંશને માન્ય રાખી અન્ય નયોના અભિપ્રાયનો અપલાપ કરનાર નયને નયાભાવ કહેવામાં આવે છે.

તેના ભેદો આ પ્રમાણે છે-

(૧) નૈગમાભાસ, (૨) સંગ્રહાભાસ, (૩) વ્યવહારભાસ, (૪) ઋજુસૂત્રાભાસ, (૫) શબ્દાભાસ, (૬) સમભિરૂઢભાસ, અને (૭) એવંભૂતાભાસ.

એ સાતે પ્રકારના નયાભાસોને નિરુપણ દ્વારા ક્રમશઃ વિચારીએ.

(૧) નૈગમાભાસ-

ધર્મદ્વયને, ધર્મીદ્વયને અથવા ધર્મ-ધર્મીને એકાંત જે ભિન્ન ભિન્ન માને તે નૈગમાભાસ કહેવાય છે. જેના દ્રષ્ટાંતો નીચે પ્રમાણે છે.

(૧) "भास्मनि सत् चैतन्येपरस्पर मत्यन्तं पृथग्भूते ।"

-આત્મામાં સત્ત્વ અને ચૈતન્ય એ બન્ને ધર્મ પરસ્પર અત્યંત ભિન્ન છે.

અહીં સત્ત્વ અને ચૈતન્ય ધર્મદ્વયને પરસ્પર એકાંત ભિન્ન માનવા રૂપ ધર્મદ્વય નૈગમાભાસ છે.

(૨) "वस्तुपर्यायवद् द्रव्यम्" -વસ્તુ-પર્યાયવાળું એ દ્રવ્ય (છે.)

અહીં દ્રવ્ય અને વસ્તુ એ બન્ને ધર્મી છે. તે ધર્મીદ્વયને પરસ્પર એકાંત ભિન્ન માનવારૂપ ધર્મીદ્વય નૈગમાભાસ છે.

(૩) "क्षणमेकं सुखी विषयासक्तः जीवः" -વિષયાસક્ત જીવ એક ક્ષણ સુખી છે. અહીં "સુખી" એ ધર્મ છે, અને "વિષયાસક્ત જીવ" ધર્મી છે. એમાં દ્રવ્ય અને પર્યાયને પરસ્પર એકાંત ભિન્ન માનવા રૂપ ધર્મ-ધર્મી નૈગમાભાસ છે. વિશ્વમાં એકાંત નયો ઉપર ભિન્ન ભિન્ન દર્શનોની ઉત્પત્તિ થયેલી છે. તે પૈકી ન્યાયદર્શન અને વૈશેષિક દર્શન પણ છે. એ બન્ને દર્શનો નૈગમનયને માને છે.

**ન્યાયદર્શન-** સંશય, પ્રમેય વગેરે સોળ પદાર્થ જણાવે છે. તેમાં પ્રમેય જે દ્રવ્ય વસ્તુનો સ્વભાવ છે; તેને દ્રવ્યથી એકાંત ભિન્ન માને છે. માટે એ નૈગમનયાભાસ છે.

**વૈશેષિકદર્શન-** દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એ સાત પદાર્થ જણાવે છે. તેમાં દ્રવ્ય અને ગુણ પરસ્પર એકાંત ભિન્ન પદાર્થ માને છે, માટે એ નૈગમનયાભાસ છે.

ન્યાયદર્શન અને વૈશેષિક દર્શન એ બન્ને વિશ્વમાં પૃથ્વીત્વ, ઘટત્વ, સત્તા સામાન્યનું સ્વતંત્ર અસ્તિત્વ માને છે. તેમજ પરમાણુ એ પણ સ્વતંત્ર વિશેષ નામનો પદાર્થ છે. એ રીતે જણાવે છે.

આથી ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન એ બન્ને નૈગમાભાસી છે એમ સમજવું.

**(૨) સંગ્રહાભાસ-**

વિશેષમાત્રનો પરિહાર કરી, એકાંત સામાન્ય જે માનવું તે સંગ્રહાભાસ કહેવાય છે. અથવા પર્યાયનો નિષેધ કરી એકાંત દ્રવ્યને માનવું તે પણ "સંગ્રહાભાસ" કહેવાય છે. તે બે પ્રકારે છે. (૧) પરસંગ્રહાભાસ અને (૨) અપરસંગ્રહાભાસ.

**(૧) પર સંગ્રહાભાસ-** વિશેષ માત્રનો નિષેધ કરી, એકાંત સત્તા સામાન્યને સ્વીકારનાર અર્થાત્ સત્તાદ્વૈતને માનનાર આ પર સંગ્રહાભાસ છે.

તે કહે છે કે- "સત્તા" માત્ર જ તત્ત્વ છે. અર્થાત્ જગતમાં બીજું કાંઇ તત્ત્વ જ નથી. આવી માન્યતાવાળા સર્વે અદ્વૈતવાદી દર્શનો પર સંગ્રહાભાસ તરીકે જાણવા.

જેમકે વેદાન્ત દર્શન વગેરે. વેદાન્તદર્શન સંગ્રહનયને માને છે. એક જ સત્ એવા પરમ બ્રહ્મને એકાંતે પારમાર્થિક તત્ત્વ તરીકે એ વેદાન્તદર્શન સ્વીકારે છે.

દ્રવ્યનું "સત્ત્વ" સ્વીકારે છે એ બરાબર છે, પણ એકાંત સત્ત્વ, સત્ત્વ વ્યતિરિક્ત અન્ય કંઈજ નહિં. એ માન્યતા હોવાથી તે વેદાન્તદર્શન પણ પર સંગ્રહાભાસ છે. આથી પર સંગ્રહાભાસી વેદાન્તદર્શન છે એમ જાણવું.

**(૨) અપર સંગ્રહાભાસ-**

દ્રવ્યત્વ, ગુણત્વ આદિને જ એકાંતે માનનાર અને તેના વિશેષનો નિષેધ કરનાર અપર સંગ્રહાભાસ છે.

તે કહે છે કે-"દ્રવ્યત્વ એજ મહત્વ છે." અર્થાત્ દ્રવ્યમાં રહેલા ગુણ વગેરે તત્ત્વ નથી.

સામાન્યપણે વસ્તુ છે, પણ સામાન્ય-વિશેષ ઉભયપણે નથી.

**(૩) વ્યવહારાભાસ-**

અપરમાર્થિક દ્રવ્યપર્યાયના વિભાગને ગ્રહણ કરનાર આ વ્યવહારાભાસ છે.

નાસ્તિક ચાર્વાક દર્શન પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણથી સિદ્ધ એવા જીવ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરેને માનતું નથી. લોક પ્રત્યક્ષથી જીવપણું દષ્ટિગોચર નથી માટે જીવ નથી, એમ જાહેર કરી સ્વકલ્પનાએ સ્થૂલ દષ્ટિએ લોકવર્ગને કુમાર્ગે પ્રવર્તાવે છે.

અર્થાત્ તે જીવના દ્રવ્યપર્યાય વિભાગને એ તો કલ્પનારૂપ છે. એવા આરોપે કરીને તેનું અસમર્થન કરે છે અને ભૂતચતુષ્ટય

(પૃથ્વી, પાણી, તેજ, વાયુ) વિભાગનું સમર્થન કરે છે. ચર્મચક્ષુથી જેટલું દેખાય તેટલું દ્રવ્ય છે એમ એ માને છે.

આ પ્રમાણે સ્વકલ્પનાએ ચાર્વાકદર્શનની દ્રવ્ય અંગે જે વિચારધારા છે તે વિતથ છે-અસત્ય છે.

આથી જ વ્યવહારને અનુસરસાર એ નાસ્તિક ચાર્વાકદર્શન વ્યવહારાભાસી છે.

**(૪) ઋજુસૂત્રાભાસ-**

દ્રવ્યનો સર્વથા અપલાપ (નિષેધ) કરી વર્તમાન પર્યાયને ગ્રહણ કરનાર આ ઋજુસૂત્રાભાસ છે. તથાગત એટલે ગૌદ્ધ દર્શન ક્ષણવિનાશી પર્યાયને જ મુખ્યપણે માને છે, પણ તે પર્યાયના આધારભૂત દ્રવ્યને માનતું નથી.

આથી જ ઋજુસૂત્રને અનુસરનાર એ બૌદ્ધદર્શન ઋજુસૂત્રાભાસી છે.

**(૫) શબ્દાભાસ-**

"तद्‌भेदंन तस्य तमेव समर्थयमानस्तदाभासः ।"- કાલાદિ ભેદ વડે કરીને વિભિન્ન શબ્દના અર્થનું પણ એકાન્ત ભિન્નત્વ જે માને તે શબ્દાભાસ કહેવાય છે.

અર્થાત્ કાલ-લિંગ-પુરૂષ-સંખ્યા-કારક ભેદને જ ગ્રહણ કરનાર આ શબ્દાભાસ છે. "સુમેરુ હતો છે અને હશે" ઈત્યાદિ. ભિન્ન કાલના શબ્દો એકાંત ભિન્ન અર્થ જ જણાવે છે, કારણકે ભિન્નકાળવાચી હોવાથી તેવા સિદ્ધ થયેલ અન્ય શબ્દની જેમ.

આ પ્રમાણે શબ્દભેદને એકાંત અર્થભેદ જે માનવો તે શબ્દાભાસ છે.

**(૬) સમભિરૂઢભાસ-**

"पर्यायध्वनीनामभिधेयनानात्वमेव-कक्षीकुर्वाणस्तदाभासः।"

પર્યાયધ્વનિના અભિધેય જુદા જુદા જ એમ એકાંત કહેનાર આ સમભિરૂઢભાસ છે. તે એકાર્થવાચી એવા ભિન્ન ભિન્ન રૂઢ શબ્દોના વ્યુત્પત્તિભેદ પૂર્વક ભિન્ન અર્થ કરી તે તે શબ્દોમાં પ્રતીત થતા એવા રૂઢ એકાર્થને એકાંત નિષેધ કરે છે. જુઓ-

જેમ કરિ, કુરંગ, કરભ વગેરે શબ્દો ભિન્ન હોવાથી ભિન્નાર્થ-વાંચી છે. તેમ ઈન્દ્ર, શક્ર, પુરંદર વગેરે શબ્દો નામૈક્યતાવાળા હોવા છતાં પણ ભિન્ન શબ્દ હોવાથી ભિન્ન અર્થવાળા જ છે.

**(૭) એવંભૂતાભાસ-**

"क्रियानाविष्टे वस्तुशब्दवाच्यतया प्रतिक्षिपं स्तु तदाभासः।"

-શબ્દમાં જે ક્રિયાનો વાચ્યાર્થ હોય અને તે ક્રિયા યુક્ત જે વસ્તુ હોય, તેને જ એ શબ્દ લગાડાય એ ક્રિયા શૂન્યને નહીં જ એવા પ્રકારનો નિષેધ જે કરે તે એવંભૂતાભાસ કહેવાય છે.

અર્થાત્-ક્રિયાશૂન્ય વસ્તુ શબ્દવાચ્ય નથી જ એમ કહેનાર આ એવંભૂતાભાસ છે. જેમકે વિશિષ્ટચેષ્ટાશૂન્ય એવી ઘટ નામની વસ્તુ ઘટ શબ્દ વાચ્ય નથી, કેમકે ઘટ એવા શબ્દની પ્રવૃત્તિ જેનાથી થઈ શકે એવા નિમિત્તવાળી ક્રિયા તેમાં નથી, પટની જેમ.

અહીં સ્વક્રિયાશૂન્ય, ઘટાદિ વસ્તુને ઘટાદિ શબ્દ ન લગાડવો એમ એકાંત નિષેધ જે કરાય છે તે પ્રમાણબાધિત છે.

આ પ્રમાણે એવંભૂતનયાભાસ સમજવો.

ઉક્ત એ નૈગમાદિ સાત નયાભાસ જણાવ્યા હવે એ સિવાય અન્ય નયાભાસ પણ જણાવાય છે.

(૮) **દ્રવ્યાર્થિકાભાસ-** દ્રવ્યને જ ગ્રહણ કરી પર્યાયનો પ્રતિક્ષેપ કરનાર આ દ્રવ્યાર્થિકાભાસ છે.

(૯) **પર્યાયાર્થિકાભાસ** - પર્યાયને જ ગ્રહણ કરી દ્રવ્યનો પ્રતિક્ષેપ કરનાર આ પર્યાયાર્થિકાભાસ છે.

(૧૦) **અર્થનયાભાસ** - અર્થને જ ગ્રહણ કરી શબ્દનો પ્રતિક્ષેપ કરનાર આ અર્થનયાભાસ છે.

(૧૧) **શબ્દનયાભાસ** - શબ્દને જ ગ્રહણ કરી અર્થનો પ્રતિક્ષેપ કરના આ શબ્દનયાભાસ છે.

(૧૨) **અર્પિતનયાભાસ** - અર્પિતને જ સ્વીકારી અન-ર્પિતનો અનાદર કરનાર આ અર્પિતનયાભાસ છે.

(૧૩) **અનર્પિતનયાભાસ** - અનર્પિતને સ્વીકાર અર્પિતનો અનાદર કરનાર આ અનર્પિતનયાભાસ છે.

(૧૪) **વ્યવહારાભાસ** - લોક વ્યવહારને જ આગલ કરી તત્ત્વનો નિષેધ કરનાર આ વ્યવહારાભાસ છે.

(૧૫) **નિશ્ચયાભાસ** - તત્ત્વનો જ અભ્યુપગમ કરી વ્યવહારનો નિષેધ કરનાર આ નિશ્ચયાભાસ છે.

(૧૬) **જ્ઞાનનયાભાસ** - જ્ઞાનનો જ આગ્રહ કરી ક્રિયાનો અપલાપ કરનાર આ જ્ઞાનનયાભાસ છે.

(૧૭) **ક્રિયાનયાભાસ** - ક્રિયાનો જ આગ્રહ કરી જ્ઞાનનો અપલાપ કરનાર આ ક્રિયાનયાભાસ છે.

આ પ્રમાણે એ સર્વે નયાભાસ સ્વ ઈષ્ટ અંશને માન્ય રાખી બીજા નયોના અભિપ્રાયનો અપલાપ કરનારા છે.

"**સ્યાત્**" શબ્દથી લાંછિત નયો જ પ્રમાણભૂત છે. જ્યાં "**સ્યાત્**" શબ્દથી સમલંકૃત નય હોય છે ત્યાં અન્ય નયોના વિષયોનો તે વિરોધ કરતો નથી.

જેમકે- (૧) **નૈગમનય-**

જ્યારે આપણે કોઈપણ વસ્તુનું સામાન્ય અને વિશેષ સ્વરૂપાત્મક અને લક્ષણાત્મક વર્ણન કરીશું, ત્યારે તે બન્ને સ્વરૂપનો નૈગમનય સ્વીકાર કરશે; પણ તેનો પરિચય તે જુદી-જુદી રીતે આપશે.

વિશ્વના સર્વ વ્યવહારમાં નૈગમનયની પ્રધાનતા છે. "સ્યાત્" પદથી સમલંકૃત આ નૈગમનયને માનનાર અને તે પ્રમાણે ચાલનાર જો અન્ય નયોનો વિરોધ ન કરે તો જૈનદર્શનની દષ્ટિએ તે સમ્યગ્દષ્ટિ કહેવાય છે, અને નૈગમનય સિવાય અન્ય નયોનો જો વિરોધ કરે તો તે મિથ્યાદષ્ટિ કહેવાય છે.

અંગ્રેજીમાં આ નૈગમ નયને "Fognrative knowledge" એમ પણ કહે છે.

(૨) સંગ્રહનય - આ નય વસ્તુના સામાન્ય સ્વરૂપનો પરિચય આપે છે. નૈગમનયમાં આપણે સામાન્ય અને વિશેષ એવા બે સ્વરૂપો જોયા, તેમાંથી વસ્તુના સામાન્ય સ્વરૂપને જ સ્વીકારનાર આ નય છે. હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે ત્યારે તે વસ્તુના સામાન્ય સ્વરૂપને જ માત્ર ઓળખાવે છે, છતાં પણ અન્યનયોનો વિરોધ કરતો નથી.

અંગ્રેજીમાં આ સંગ્રહનયને "Colletive or Synthetle approach" એમ કહે છે.

(૩) વ્યવહારનય- આ નય વસ્તુના વિશેષ સ્વરૂપને જ માત્ર માને છે. જ્યારે નૈગમનયે વસ્તુના સામન્ય અને વિશેષ એવા બે સ્વરૂપોને જુદા જુદા બતાવ્યા, સંગ્રહનયે એમાંના સામાન્ય સ્વરૂપનું નિરુપણ કર્યું, ત્યારે આ વ્યવહાર નય વસ્તુનું

સામાન્ય રૂપથી જે સંગ્રહીકરણ સંગ્રહનયે કર્યું છે તેના વિભાગ કરીને વસ્તુમાં રહેલા વિશેષાર્થને પૃથગ્ કરી, આપણને તે "વિશેષ" સ્વરૂપનો પરિચય આપે છે વળી આ નય વિશેષથી ભિન્ન એવા કોઈ સામાન્ય તરફ દૃષ્ટિ જ કરતો નથી.

હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે, ત્યારે વસ્તુના વિશેષ સ્વરૂપની વાત કરશે તો પણ તે અન્ય નયોનો વિરોધ કરશે નહીં.

અંગ્રેજીમાં આ વ્યવહાર નયને "Practicol qndigeduv Distributi or Analyteal ahhroach" એમ કહે છે.

**(૪) ઋજુસૂત્રનય** - આ નય વર્તમાનકાળવર્તી અને પોતાની જ વસ્તુને માને છે. સૂક્ષ્મ અને સ્થુળ પ્રકારે પણ વસ્તુની વર્તમાન અવસ્થાને સ્વીકારે છે. કોઈપણ વસ્તુની ભૂત કે ભાવી અવસ્થાને માનતો નથી.

હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે, ત્યારે વસ્તુના પોતાના વર્તમાન પર્યાયોને (સ્વરૂપોને) જ માનવા છતાં પણ તે અન્ય નયોનો વિરોધ કરશે નહીં.

અંગ્રેજી ભાષામાં આ ઋજુસૂત્રનયને "The Thuiqhiuft presult condition" એમ કહેવામાં આવે છે.

**(૫) શબ્દનય** - આ નય અનેક શબ્દોએ કરીને ઓળખાતા એવા એક પદાર્થને એક જ માને છે. એ પ્રમાણે હોવા છતાં, શબ્દના લિંગ અને વચન જુદા જુદા હોય તો પણ તે પદાર્થને જુદા જુદા ગ્રહણ કરે છે.

વળી જે શબ્દ જે અર્થ જણાવતો હોય, તે અર્થને જણાવવા માટે તે જ શબ્દ વાપરે છે.

લિંગ (જાતિ), વચન, કાળાદિક દ્વારા વસ્તુમાં જે ફેરફાર થતો હોય, તેને પણ તે ફેરફાર મુજબના અર્થમાં જણાવે છે.

અર્થાત્ - "આ નય વ્યાકરણભેદે અર્થભેદ બતાવે છે"

હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે ત્યારે અનેક શબ્દો વડે કરીને ઓળખાતા એવા એક પદાર્થને એક જ માનવા છતાં પણ તે અન્ય નયોને વિરોધ કરશે નહીં.

અંગ્રેજી ભાષામાં આ શબ્દનયને "Yvammaticol Ahhrooch" એમ કહેવામાં આવે છે.

(૬) **સમાભિરૂઢનય** - આ નય શબ્દભેદે અર્થભેદ માને છે. ભિન્ન ભિન્ન શબ્દોના વ્યુત્પત્તિથી થતા ભિન્ન ભિન્ન અર્થને માન્ય રાખી, શબ્દભેદે વસ્તુને પૃથગ્ માને છે.

જ્યારે શબ્દનય કુંભ-કળશ-ઘટ વગેરે ભિન્ન શબ્દોથી ઓળખાતા એવા પદાર્થને એક જ માને છે. ત્યારે આ સમભિરૂઢ નય કુંભ-કળશ-ઘટ એ ત્રણે શબ્દોથી ઓળખાતા પદાર્થને એક નહિ પણ ભિન્ન ભિન્ન માને છે.

આ નયની વિશિષ્ટતા એ છે કે, શબ્દના પ્રચલિત અર્થને નહિ, પણ તેના મૂળ અર્થને તે બતાવે છે.

હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે ત્યારે શબ્દભેદે અર્થભેદ માનવા છતાં પણ તે અન્ય નયોનો વિરોધ કરશે નહીં.

અંગ્રેજીમાં આ સમભિરૂઢ નયને "Speciale Knowledge" એ પ્રમાણે કહે છે.

(૭) **એવંભૂતનય** - આ નય શબ્દના ક્રિયાત્મક અર્થને ગ્રહણ કરે છે. જે સમયે ક્રિયા થતી હોય તે જ સમયે ક્રિયાના તે જ અર્થમાં તે શબ્દને ઘટાવે છે. તેથી કરીને આ નય ક્રિયાશીલ (Active) નય કહેવાય છે. જ્યારે "શબ્દનય વ્યાકરણભેદે અર્થભેદ" જણાવે છે. ત્યારે "આ એવંભૂતનય ક્રિયા ભેદે અર્થભેદ" બતાવે છે.

હવે જ્યારે આ નય "સ્યાત્" પદથી સમલંકૃત બને છે ત્યારે ક્રિયાભેદે અર્થભેદ માનવા છતાં પણ તે અન્ય નયોનો વિરોધ કરશે નહીં.

હવે એ નૈગમાદિ સાતે નયો પોતે ઈતર નય સાપેક્ષ રહી સ્વ વિષય ગ્રાહક બન્યા કહી શકાય.

આથી જ એ સાતે નયો ભેગા મળી સંપૂર્ણ વસ્તુ સ્વરૂપનું વાસ્તવિક યથાર્થ પ્રતિપાદન કરી શકે છે.

આ સાતે નય મળીને જે શ્રુત જણાવે છે તે "પ્રમાણ શ્રુત" કહેવાય છે.

નૈત્રમાદિ એ સાતે નયો પરસ્પર સાપેક્ષ જ્યાં સુધી છે ત્યાં સુધી જ તે સત્ય-સાચા છે. અન્યથા મિથ્યા છે. દુર્નય છે.

**નૈગમાદિ નયોની મૂળભૂત માન્યતા-**

નૈગમાદિ સાતે નયોની મૂળભૂત માન્યતા નીચે પ્રમાણે છે. જુઓ-

| | | |
|---|---|---|
| ૧ | નૈગમનય- | વસ્તુના સામાન્ય અને વિશેષ એમ ઉભય અર્થને જણાવે છે. |
| ૨ | સંગ્રહનય- | માત્ર સામાન્ય અર્થને જ સ્વીકારે છે. |
| ૩ | વ્યવહારનય - | લોકવ્યવહારમાં ઉપયોગમાં આવતા એવા વિશેષ અર્થને જ બતાવે છે. |

૪ ઋજુસૂત્રનય - કેવળ વર્તમાન ક્ષણને જ સ્વીકારે છે. વર્તમાન ક્રિયાના ઉપયોગી અર્થનું જ નિરૂપણ કરે છે. (એ ચારે અર્થ પ્રધાન નય તરીકે પ્રસિદ્ધ છે.)

૫ શબ્દનય - રૂઢિ દ્વારા શબ્દોની પ્રવૃત્તિને સ્વીકારે છે.

૬ સમભિરૂઢનય- વ્યાખ્યા દ્વારા શબ્દોની પ્રવૃત્તિને માને છે.

૭ એવંભૂતનય - ક્રિયાશીલ વર્તમાનને સ્વીકારે છે. અર્થાત્ વસ્તુ જ્યારે ક્રિયાશીલ હોય, ત્યારે જ તેને તે વસ્તુ તરીકે માન્ય રાખે છે.

(એ ત્રણે શબ્દપ્રધાન નય તરીકે પ્રસિદ્ધ છે.)

## સાતે નયમાં દૃષ્ટાંતની ઘટના

નૈગમાદિ સાતે નયમાં દૃષ્ટાંતની ઘટના નીચે પ્રમાણે છે.

ભાષ્યમાં ત્રણ દૃષ્ટાંત પ્રતિપાદન કરવામાં આવ્યા છે. પહેલું નિલયનું, બીજું પ્રસ્થકનું અને ત્રીજું ગામનું તે આ પ્રમાણે-

(૧) દૃષ્ટાંત પહેલું ઘરનું-

(૧) પ્રશ્ન - એક વિદ્વાન્ માણસે બીજા વિદ્વાન્ માણસને પૂછયું કે "તમે ક્યાં રહો છો ?"

પ્રત્યુત્તર- ત્યારે બીજા વિદ્વાન્ માણસે જવાબ આપ્યો કે "હું લોકમાં રહું છું"

(૨) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) લોક તો ત્રણ છે. ઉર્ધ્વલોક, તીર્ચ્છાલોક અને અધોલોક "તેમાં તમે કયાં રહો છો?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કેઃ) "હું તીર્ચ્છા લોકમાં રહું છું."

(૩) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) તીર્ચ્છા લોકમાં અનેક દ્વીપ સમુદ્ર છે. "તેમાં તમે કયા દ્વીપમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું જમ્બુદ્વીપમાં જ રહું છુ."

(૪) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) જમ્બૂદ્વીપમાં અનેક ક્ષેત્રો છે. "તેમાં તમે કયા ક્ષેત્રમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું ભરત ક્ષેત્રમાં રહું છું."

(૫) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) ભરત-ક્ષેત્રમાં છ ખંડ છે. "તેમાં તમે કયા ખંડમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યુ કે-) "હું મધ્ય ખંડમાં રહું છું."

(૬) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) મધ્યખંડમાં અનેક દેશ છે. "તેમાં તમે કયા દેશમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું ભારત હિંદુસ્તાન દેશમાં રહું છુ."

(૭) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) ભારત-હિંદુસ્તાન દેશમાં અનેક વિભાગો છે. "તેમાં તમે કયા વિભાગમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું ગુજરાત વિભાગમાં રહું છુ."

(૮) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) ગુજરાત વિભાગમાં અનેક નગર, શહેર છે. "તેમાં કયા નગર-શહેરમાં રહો છો ?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું રાજનગર-અમદાવાદમાં રહું છું."

(૯) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) અમદાવાદમાં અનેક પોળ છે. "તેમાં તમે કઈ પોળમાં રહો છો?"

પ્રત્યુત્તર - (વિશુદ્ધ નૈગમવાળાએ કહ્યું કે-) "હું પાંજરા પોળમાં રહું છું."

(૧૦) પ્રશ્ન - (અશુદ્ધ નૈગમવાળાએ પૂછયું કે-) પાંજરા-પોળમાં અનેક ઘર છે "તેમાં તમે કયા ઘરમાં રહો છો ?"

પ્રત્યુત્તર - "હું જિનમંદિર ઉપાશ્રય-જ્ઞાનશાળાની પાસે આવેલા ઘરમાં રહું છું."

અહીં સુધી નૈગમનય ઘટી શકે છે. ત્યાર પછી સંગ્રહ નયવાળાએ કહ્યું કે- "હું મારા પોતાના શરીરમાં રહું છુ."

વ્યવહારનયવાળાએ કહ્યું કે - "હું આસન-ગાદી પર બેઠો છું."

ૠજુસૂત્રનયવાળાએ કહ્યુ કે - "હું મારા આત્માના અસંખ્યાતા પ્રદેશમાં રહું છુ."

શબ્દનયવાળાએ કહ્યું કે - "હું મારા સ્વભાવમાં રહું છું."

સમભિરૂઢ નયવાળાએ કહ્યું કે - "હું મારા ગુણમાં રહું છું."

એવંભૂતનયવાળાએ કહ્યું કે - "હું જ્ઞાન-દર્શન-ગુણમાં રહું છું." છવટે "મારો આત્મા છે તેટલા પ્રદેશોમાં હું રહું છું."

આ પ્રમાણે પ્રત્યેક પદાર્થમાં પ્રત્યેક નય પોતપોતાની અપેક્ષા સ્વીકારે છે એ સ્પષ્ટ જણાઈ આવે છે.

**(૨) દૃષ્ટાંત બીજું પ્રસ્થકનું-**

પ્રસ્થક-એટલે લાકડાનું ધાન્ય માપવાનું માપ વિશેષ.

કોઈ એક સુથાર કાષ્ઠ લાવવા માટે ઘેરથી નીકળી જંગલ તરફ ચાલ્યો જાય છે. રસ્તામાં કોઈએ પૂછ્યું કે- "શું લેવા જાવ છો?" ત્યારે તેણે કહ્યું કે- "હું પ્રસ્થક લેવા જાઉં છું." ત્યાર પછી તે જંગલમાં જઈને લાકડું કાપી રહ્યો છે. તે સમયે પૂછ્યું કે- "શું કાપો છો?" ત્યારે કહ્યું કે- "હું પ્રસ્થક કાપું છું." લાકડું લઈને પોતાના ઘેર આવતાં પૂછ્યું કે- "શું લાવ્યા?" ત્યારે પણ કહ્યું કે- "હું પ્રસ્થક લાવ્યો." આ પ્રમાણે લાકડાંને ચીરતાં, છોલતાં, ઘડતાં અને પ્રસ્થકનો આકાર બનાવતાં સુધી પ્રશ્ન પૂછતાં પણ જવાબમાં તે સુથાર પ્રસ્થક શબ્દથી જ સંબોધી રહ્યો છે.

પ્રસ્થક બન્યા પછી પણ પ્રશ્ન પૂછતાં જવાબમાં પૂર્વની જેમ પ્રસ્થક શબ્દનો જ પ્રયોગ કરી રહ્યો છે.

આ દૃષ્ટાંતમાં સુથારે સર્વ સ્થળે પ્રસ્થકનું જે ઉચ્ચારણ કર્યું છે તે નૈગમનયને આશ્રયીને છે. આમાં વિશેષની પ્રધાનતા જણાઈ આવે છે.

**(૩) દૃષ્ટાંત ત્રીજું ગામનું-**

તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની યાત્રાએ નીકળેલો છરી પાળતો સંઘ અનેક સ્થળે મુસાફરી કરતાં કરતાં જ્યારે પાલીતાણાની સરહદમાં પ્રવેશ કરે ત્યારે તેઓમાંથી પહેલ વહેલો યાત્રાર્થે આવેલો એવો કોઈ યાત્રાળુ જાણકાર અન્ય

યાત્રિકને પૂછે કે, ભાઈ આપણે ક્યાં આવ્યા ? જવાબમાં કહે કે પાલીતાણા-શત્રુંજય મહાતીર્થમાં.

નગરની નિકટમાં આવતાં, નગરમાં પ્રવેશ કરતાં, ચૌટામાં આવતાં ધર્મશાળામાં જતાં તળેટીએ પહોચતાં, સિદ્ધગિરિ ઉપર ચઢતાં અને દાદા શ્રી આદિનાથ ભગવાનના દરબારે પહોંચતાં સુધી પ્રશ્નના જવાબમાં પાલીતાણા શત્રુંજયમહાતીર્થમાં આવ્યા એમ કહે.

આ રીતે ઉપર જણાવેલ સર્વ સ્થળે પ્રશ્નના પ્રત્યુત્તરમાં "પાલીતાણા-શત્રુંજય મહાતીર્થમાં આવ્યા" એમ જે કહેવાયું છે તે નૈગમનયને આધારે સમજવું.

સાતે નયની ઘટનાવાળું પ્રદેશનું દ્રષ્ટાંત પણ નીચે પ્રમાણે છે.

એક સ્થળે અનેક વિદ્વાનો ભેગા થઈને પરસ્પર જ્ઞાનચર્ચા કરી રહ્યા હતા. તેમાં કોઈએ પૂછયું કે આ પ્રદેશ કયા દ્રવ્યનો છે ?

જવાબમાં - (૧) નૈગમવાળાએ કહ્યું કે- "એ પ્રદેશ છ એ દ્રવ્યનો છે." કારણ કે કે-તે આકાશપ્રદેશમાં છ એ દ્રવ્યની સાથે છે.

(૨) સંગ્રહનયવાળાએ કહ્યું કે- એમ નહીં. સર્વલોકમાં એક સમય સમાન હોવા છતાં પણ તે એક આકાશ દ્રવ્યના પ્રદેશમાં જુદો નથી. કાળદ્રવ્ય તો અપ્રદેશ છે. માટે "કાળદ્રવ્ય સિવાય પાંચ દ્રવ્યનો આ પ્રદેશ છે." એમ સમજવું.

(૩) વ્યવહાર નયવાળાએ કહ્યું કે- "જે દ્રવ્ય મુખ્યપણે દેખાય છે તેનો જ આ પ્રદેશ છે."

(૪) ઋજુસૂત્રનયવાળાએ કહ્યું કે- "જે દ્રવ્યનો ઉપયોગ હોય તે દ્રવ્યનો આ પ્રદેશ છે."

(૫) શબ્દનયવાળાએ કહ્યું કે- "જે દ્રવ્યનું નામ લેશો તે દ્રવ્યનો આ પ્રદેશ કહેવાય."

(૬) સમભિરૂઢ નયવાળાએ કહ્યું કે- "એક આકાશ પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે, અધર્માસ્તિકાયનો એક પ્રદેશ છે, જીવના અનંત પ્રદેશ છે અને પુદ્‌ગલના પણ અનંત પ્રદેશ છે."

(૭) એવંભૂતનયવાળાએ કહ્યું કે- "આ પ્રદેશને જે દ્રવ્યની ક્રિયા ગુણ પર્યાયના અંગીકાર સાથે દેખાય તે સમયે તે પ્રદેશ તે દ્રવ્યનો છે એમ કહી શકાય."

આ સિવાય પણ આવતા સાતે નયની ઘટનાના દૃષ્ટાંતો-ઉદાહરણોમાં પણ ઘટના કરવા પૂર્વક સમજી લેવું.

આત્મામાં સાત નયની ઘટના-

જીવ-આત્મામાં નૈગમાદિ સાત નયની ઘટના નીચે પ્રમાણે છે જુઓ-

(૧) નૈગમનય કહે છે કે - "જે ગુણ પર્યાયવંત શરીર યુક્ત હોય તે જીવ-આત્મા કહેવાય છે." આથી આ નૈગમનયે શરીરમાં જીવ-આત્મા સિવાય જે અન્ય પુદ્‌ગલ અને ધર્માસ્તિકાય વગેરે દ્રવ્ય પડેલા છે તે સર્વનો જીવ-આત્મામાં સમાવેશ કર્યો.

(૨) સંગ્રહનય કહે છે કે - "જે અસંખ્યાત પ્રદેશી હોય તે જીવ કહેવાય છે." આથી આ સંગ્રહનયે એક આકાશપ્રદેશ ઓછો કર્યો. અન્ય સર્વ દ્રવ્ય એમાં ગણ્યા.

(૩) વ્યવહારનય કહે છે કે - "જે વિષયવાસના સહિત શરીરવંત છે તે જીવ કહેવાય છે." આથી આ વ્યવહારનયે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકશાસ્તિકાય તથા અન્ય પુદ્‌ગલ ઓછા કર્યા. માત્ર જીવમાં પાંચ ઈન્દ્રિયો, મન અને લેશ્યાના પુદ્‌ગલો માન્યા.

વલી વ્યવહાર નયથી મોક્ષના અસ્તિત્વનો અને અશરીરી આત્માનો પણ નિષેધ થયો.

(૪) ઋજુસૂત્રનય કહે છે કે - "જે ઉપયોગવંત હોય તે જીવ-આત્મા છે" આથી ઋજુસૂત્રનયે ઈન્દ્રિય વગેરેના વિષયનો પણ અભાવ બતાવ્યો. તેથી જ્ઞાન-અજ્ઞાનનો ભેદ કાયમ રહ્યો.

(૫) શબ્દનય કહે છે કે - "જીવ એટલે નામ જીવ, સ્થાપના જીવ દ્રવ્ય જીવ અને ભાવજીવ." આથી શબ્દનય જીવના ગુણ-નિર્ગુણનો ભેદ કરી શક્યો નહીં.

(૬) સમભિરૂઢનય કહે છે કે - "જ્ઞાનાદિ ગુણવાળો જે હોય તે જીવ કહેવાય છે." આથી સમભિરૂઢનયે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે સાધક ગુણનો સમાવેશ કરી લીધો.

(૭) એવંભૂતનય કહે છે કે - "અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર શુદ્ધ સત્તાવંત જે છે તે જીવ કહેવાય છે." આથી એવંભૂતનયે સિદ્ધાવસ્થાના ગુણ ગ્રહણ કર્યા.

એ પ્રમાણે જીવ આત્મામાં ઘટતી સાત નયની ઘટના સમજવી.

## ધર્મમાં સાત નયની ઘટના-

ધર્મમાં નૈગમાદિ સાતનયની ઘટના નીચે પ્રમાણે ઘટી શકે છે. જુઓ-

(૧) નૈગમનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - વિશ્વના સર્વ પ્રાણી ધર્મને ચાહે છે, માટે સર્વ છે.
આથી નૈગમનયે અંસરૂપ ધર્મને ધર્મ એવું નામ કહ્યું.

(૨) સંગ્રહનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે- "જે વડીલોએ ચલાવ્યો તે ધર્મ." આથી અનાચારનો ત્યાગ અને કુલાચારને ગ્રહણ કરવાનું સંગ્રહનયે જણાવ્યું.

(૩) વ્યવહારનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - "સુખનું જે કારણ તે ધર્મ." આથી વ્યવહારનયે પુણ્યકરણીને ગ્રહણ કરવાનું બતાવ્યું.

(૪) ઋજુસૂત્રનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - "ઉપયોગ યુક્ત વૈરાગ્યરૂપે જે પરિણામ તે ધર્મ." આથી ઋજુસૂત્રનયે સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વેની સ્થિતિના પરિણામનો સમાવેશ થતો જણાવ્યો.

(૫) શબ્દનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - "ધર્મનું મૂળ સમ્યકત્વ - સમકિત છે, માટે સમ્યક્ત્વ-સમકિત એ જ ધર્મ."

(૬) સમભિરૂઢનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - "જીવ-અજીવાદિ નવતત્ત્વને તથા ષટ્ દ્રવ્યને જાણી જે આત્મસત્તાને ઓળખે અને પર વસ્તુનો ત્યાગ કરે તેવા શુદ્ધ પરિણામ તે ધર્મ." આથી સમભિરૂઢનય સાધક સિદ્ધના પરિણામને સ્વીકારે છે.

(૭) એવંભૂતનય - ધર્મના સમ્બન્ધમાં કહે છે કે - "શુક્લ ધ્યાન રૂપાતીતના અતિવિશુદ્ધ પરિણામ તથા ક્ષપક શ્રેણી વિગેરે

કર્મક્ષયનું જે કારણ તે ધર્મ." અર્થાત્ - જીવ આત્માનો મૂળ સ્વભાવ જે મોક્ષરૂપી કાર્યને કરે તે ધર્મ કહેવાય છે. એ પ્રમાણે ધર્મમાં ઘટતી સાતનયની ઘટના જાણવી.

સાતે નયથી ઘટતું સિદ્ધપણું -

નૈગમાદિ સાતે નયથી સિદ્ધપણું ઘટાવી શકાય છે. તે આ પ્રમાણે-

(૧) નૈગમનય કહે છે કે - સંસારી સર્વ જીવ આત્માના આઠ રુચક પ્રદેશ સિદ્ધાત્માના જેવા નિર્મળ છે, માટે સંસારના પણ સર્વ જીવ સિદ્ધ છે.

(૨) સંગ્રહનય કહે છે કે - સંસારી સર્વ જીવ આત્માની સત્તા સિદ્ધાત્માની સમાન છે. આથી સંગ્રહનયે દ્રવ્યાર્થિકનયની અવસ્થાને સ્વીકારી અને પર્યાયાર્થિકનયથી કર્મ યુક્ત અવસ્થાને ટાળી.

(૩) વ્યવહારનય કહે છે કે - વિદ્યા લબ્ધિ વગેરે વડે કરીને જે સિદ્ધ થયા તે સિદ્ધ. આથી વ્યવહારનયે બાહ્યતપ ક્રિયાદિકને સ્વીકારી.

(૪) ઋજુસૂત્રનય કહે છે કે - જેણે નિજાત્માની સિદ્ધપણાની સત્તા પીછાની અને ધ્યાનના ઉપયોગમાં પણ તેજવર્ત- તો હોય તે તે સમયે સિદ્ધ કહેવાય. આ ઋજુસૂત્રનયે સમ્યક્ત્વવંતને અર્થાત્ સમકીતી જીવ-આત્માને સિદ્ધની સમાન કહ્યો.

(૫) શબ્દનય કહે છે કે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિપેક્ષાએ કરીને જે આત્માના શુદ્ધ શુકલ ધ્યાનના પરિણામ તે સિદ્ધ.

(૬) સમભિરૂઢનય કહે છે કે - જે જીવ-આત્મા કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાત ચારિત્રાદિક ગુણે કરીને યુક્ત હોય તે સિદ્ધ.

(૭) એવંભૂતનય કહે છે કે - જે જીવ-આત્માએ સકલ કર્મનો ક્ષય કર્યો છે, અનંતજ્ઞાનાદિક આઠ ગુણે કરીને સમલંકૃત છે અને લોકના અંતે જે બિરાજમાન છે તે સિદ્ધ.

એ પ્રમાણે સાતે નયથી સિદ્ધપણું ઘટાવ્યું.

**પ્રભુ ભક્તિમાં નૈગમાદિ સાતે નયની ઘટના -**

શ્રીચંદ્રપ્રભસ્વામી ભગવાનના સ્તવનમાં મુનિરાજ શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રભુભક્તિપૂર્વક નૈગમાદિ સાતે નયની ઘટના નીચે પ્રમાણે કરી છે.

જુઓ-

**શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનનું સ્તવન**

શ્રીચંદ્રપ્રભ જનપદસેવા, હેવાએ જે હલિયાજી;
આતમ અનુભવ ગુણથી મલિયા, તે ભવભયથી ટલિયાજી.
॥શ્રી ચંદ્રપ્રભ૦ ૧॥

દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિઃકામોજી.
॥શ્રી ચંદ્રપ્રભ૦ ૨॥

ભાવ સેવ અપવાદે નૈગમ, પ્રભુગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી.
॥શ્રી ચંદ્રપ્રભ૦ ૩॥

વ્યવહારે બહુમાન જ્ઞાનનિજ, ચરણે જિન ગુણ રમણાજી;
પ્રભુગુણ આલંબી પરિણામે, ઋજુપદધ્યાને સ્મરણાજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૪||

શબ્દે શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;
બીએ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભુત તે અમમેજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૫||

ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૬||

ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમશક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૭||

ભાવ સયોગિ અયોગિ શૈલેશે, અંતિમ દુગનય જાણોજી;
સાધનતાએ નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના વખાણોજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૮||

કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;
આત્મભાવ તે ભાવદ્રવ્યપદ, બાહ્યપ્રવૃત્તિ નિસર્ગેજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૯||

કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કારજ સિદ્ધે કારણતાવ્યય, શુચિ પરિણામિક ભાવોજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૧૦||

પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી.

||શ્રી ચંદ્રપ્રભ૦ ૧૧||

## નય સમ્બન્ધી સંક્ષિપ્ત પ્રશ્નોત્તરી-

નયનું જ્ઞાન સંક્ષેપમાં જાણવા માટે નય સમ્બન્ધી પ્રશ્નોત્તરી નીચે પ્રમાણે છે.

(૧)

પ્રશ્ન - નય કોને કહેવાય ?

ઉત્તર - અનેક ધર્મવાળી વસ્તુમાં અન્ય અપેક્ષાઓનો વિરોધ કર્યા વિના એક અપેક્ષાએ વસ્તુને જાણવી કે કહેવી તેનું નામ "નય" કહેવાય છે. અર્થાત્ વસ્તુના એક દેશને જાણવાવાળું જે જ્ઞાન તેને "નય" કહેવામાં આવે છે.

(૨)

પ્રશ્ન - નય એક છે કે અનેક ?

ઉત્તર - નય એક નથી પણ અનેક છે.

"विशेषावश्यक-भाष्य" માં કહ્યું છે કે - "जावन्तो वयणपहा, ज्ञावन्तो वा नया विसदाओ ।।"

અર્થ : અથવા અપિ શબ્દથી - જેટલા વચનના વ્યવહારો છે તેટલા નય છે.

(૩)

પ્રશ્ન - સર્વ નયોનું જ્ઞાન કઈ રીતે થઈ શકે ?

ઉત્તર - સર્વનયોનું સમ્પૂર્ણજ્ઞાન સર્વજ્ઞ સિવાય અન્ય કોઈને પણ થઈ શકતું નથી. આમ છતાં પણ જ્ઞાની ભગવંતોએ છદ્મસ્થ જીવોને નયોનું સ્વરૂપ સમજાય અને વિશ્વમાં સત્ય વ્યવહાર ચાલે એમ સમજી, તે સર્વ નયોની પૃથગ્ પૃથગ્ વહેંચણી કરવા પૂર્વક તેઓનો મુખ્ય સાત નયમાં સમાવેશ કર્યો છે. તેના દ્વારા નયનું જ્ઞાન થઈ શકે છે.

(૪)

પ્રશ્ન - તે સાત નયના નામ કહો ?

ઉત્તર - (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય, (૪) ઋજુસૂત્રનય, (૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય અને (૭) એવંભૂતનય.

(૫)

પ્રશ્ન - સાત નય પૈકી પહેલાં નૈગમનયનું સ્વરૂપ શું ?

ઉત્તર - નિગમ એટલે લોક અથવા સંકલ્પ તેમાંથી જેનો પ્રાદુર્ભાવ-ઉત્પત્તિ છે તે "નૈગમનય" કહેવાય છે.

"न विद्यते एको गमो यस्य स नैगमः ।"

જેનો એક એક ગમ જણાતો નથી તે નૈગમ.

અર્થાત્ વસ્તુને જાણવા માટેનો માર્ગ એક નથી પણ અનેક છે એ રીતે કહેનાર જે જે નય તે "નૈગમનય" કહેવાય છે. વસ્તુના બોધમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એમ બન્ને ધર્મને પ્રધાનપણે માનનાર આ "નૈગમનય" છે. શબ્દાર્થના જ્ઞાનનું દેશથી કે સર્વથી ગ્રહણ કરનાર આ "નૈગમનય" છે.

વિશ્વના સર્વ વ્યવહારમાં આ નૈગમની મુખ્યતા-પ્રધાનતા છે.

પ્રશ્ન - આ નગમનયના પ્રકાર કેટલા ? અને તે કયા કયા?

ઉત્તર - તેના ત્રણ પ્રકાર છે. (૧) ભૂત, (૨) ભવિષ્ય અને (૩) વર્તમાન.

પ્રશ્ન - ભૂત નૈગમ એટલે શું ?

ઉત્તર - ભૂતકાળમાં થઈ ગયેલી વસ્તુનો વર્તમાનરૂપે જે વ્યવહાર કરવો છે.

જેમકે-તે જ આ ચૈત્ર સુદ તેરસનો દિવસ છે કે જે દિવસે શ્રી મહાવીર સ્વામી ભગવાન જન્મ્યા હતા.

તે જ આ દિવાળીનો દિવસ છે કે જે દિવસે શ્રી મહાવીર સ્વામી ભગવાન નિર્વાણ પામ્યા હતા. અર્થાત્ મોક્ષમાં પધાર્યા હતા.

પ્રશ્ન - ભવિષ્ય નૈગમ એટલે શું ?

ઉત્તર - ભવિષ્યમાં હજી થવાનું છે, તેનું થઈ ગયા રૂપે જે કહેવું તે.

જેમકે - તેરમે સયોગી ગુણસ્થાનકે વર્તતા એવા અરિહંત દેહાતીત નથી થયા, પણ થવાના છે તે થયા રૂપે "અર્હંત સિદ્ધ થયા જ" એમ જે કહેવામાં આવે તો તે વ્યાજબી છે એમ આ ભાવી નૈગમ નય કહે છે.

પ્રશ્ન - વર્તમાન નૈગમ એટલે શું ?

ઉત્તર - કરવા માંડેલું કાર્ય હજી થોડું થયું છે, પૂર્ણ થયું નથી, ત્યાં જે કહેવું કે કાર્ય થયું તે.

જેમકે - ચૂલા ઉપર ભોજનમાં ચડાવેલા ચોખા હજુ પૂરા રંધાયા ન હોય છતાં રંધાયા કહેવું.

પ્રશ્ન - નૈગમનયને કેટલા નિક્ષેપા અભિમત છે ?

ઉત્તર - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપા નૈગમનયને અભિમત છે.

પ્રશ્ન - નૈગમનયને અનુસરનારા કયા કયા દર્શને છે ?

ઉત્તર - આ નયને અનુસરનારા નૈયાયિક દર્શન અને વૈશેષિક દર્શન બન્ને છે. એ બન્ને દર્શનો વ્યવહારને ઉપયોગી પદાર્થોનું પ્રતિપાદન કરે છે. તેથી કરીને તેમની માન્યતા નૈગમનયને આધારે માન્ય કરવા લાયક છે.

આ બન્ને દર્શનો નૈગમનય સિવાય અન્ય નયોના વિચારોને મિથ્યા માનતા હોવાથી એ બન્ને (નૈયાયિક અને વૈશેષિક દર્શન) મિથ્યા છે.

પ્રશ્ન - નૈગમનયને માનનાર અને તે પ્રમાણે ચાલનાર સમ્યગ્-દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ કહેવાય ?

ઉત્તર - નૈગમનયને અનુસરનાર જો અન્ય નયોનો વિરોધ ન કરે તો તે સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે અને નૈગમનય વિના અન્ય નયોનો જે વિરોધ કરે તો તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

(૬)

પ્રશ્ન - સાત નય પૈકી બીજા સંગ્રહનયનું સ્વરૂપ શું ?

ઉત્તર - "સમ" એટલે સમ્યક" પ્રકાર અને "ગ્રહ" એટલે ગ્રહણ" કરવું અર્થાત્- જે સમ્યક્ પ્રકારે ગ્રહણ કરાય તેને સંગ્રહ નય કહેવામાં આવે છે.

"संगृहणातीति संग्रहः ।" "જે સંગ્રહ કરે તે સંગ્રહ સંગ્રહનય કહેવાય છે. "अर्थानां सर्वैकदेशग्रहणं संग्रहः।" "સર્વ સામાન્ય એક દેશ વડે કરીને પદાર્થોનો જે સંગ્રહ કરવો તે બન્નેની ઉપયોગિતા સ્વીકારી છે ત્યારે આ સંગ્રહનયમાં વિશેષને ગૌણ કરી માત્ર સામાન્યને મુખ્ય-પ્રધાન તરીકે માનેલ છે.

આથી આ સંગ્રહનય સામાન્ય ધર્મ વડે સર્વ વસ્તુઓનો એકમાં સમાવેશ કરે છે.

જેમકે - (૧) કોઈ એક શેઠે પોતાના નોકરને કહ્યું કે- "દાતણ લાવો" ત્યારે તે નોકર દાતણ, પાણીનો લોટો અને રૂમાલ વિગેરે લાવ્યો. અહીં શેઠે તો દાતણ જ મંગાવ્યું હતું, છતાં નોકર સર્વનો

સંગ્રહ કરી ઉપર્યુક્ત પાણીનો લોટો અને રૂમાલ વિગેરે પણ સાથે લઈ આવ્યો તે સંગ્રહનયને આશ્રયીને છે.

(૨) કોઈ એક શ્રીમન્ત ગૃહસ્થ દુકાનેથી જમવાને માટે પોતાના ઘેર આવ્યો. જમવા માટે શેત્રંજી ઉપર બેસી રસોઈયાને કહ્યું કે - "રામચંદ્ર ! ભોજન લાવો" સાંભળતાની સાથે રસોઈઆએ રસોડામાં તૈયાર કરેલ દુધપાક, પુરી, શાક, ભજીયાં, ભાત, કઢી, પાપડ વિગેરે વસ્તુઓ લાવી, શેઠની પાસે પાટલા ઉપર રહેલ થાળી-વાટકીમાં પીરસી. શેઠે સાનંદ ભોજન કર્યું.

અહીં ભોજનમાં ખાવાની સર્વ વસ્તુઓનો જે સમાવેશ થાય છે તે આ સંગ્રહનયને આશ્રયીને છે.

(૩) શહેરમાંથી કેટલાક મિત્રો બહારના બગીચામાં ગયા. ત્યાં એક મિત્રે કહ્યું કે - ફળ લાવો. ત્યાં બીજા મિત્રે બગીચામાંથી કેરી, કેળાં, પપૈયું, નારંગી, મોસંબી, ચીકુ, દાડમ, સફરજન, સીતાફળ, ફનસ, અનેનસ, શ્રીફળ વિગેરે લાવીને આપ્યાં.

અહીં ફળમાં સર્વ ફળોનો સંગ્રહ કરવામાં આવ્યો એ સંગ્રહનયના આધારે.

(૪) કેવલ દ્રવ્ય કહેવાતી તેમાં જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ પ્રમાણે સર્વ દ્રવ્યનો સંગ્રહ થાય છે. એ સંગ્રહનયના આધારે.

(૫) કેવલ જીવાસ્તિકાય કહેવાથી તેમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક ઈત્યાદિ સર્વ જીવોનો સમાવેશ થાય છે એ સંગ્રહનયના આધારે. ઉપરોક્ત ઉદાહરણો-દ્રષ્ટાંતોથી સંગ્રહનય સર્વ વસ્તુઓનો સંગ્રહ કરે છે, એ વાત સ્પષ્ટ સિદ્ધ થાય છે.

પ્રશ્ન - સંગ્રહનયના કેટલા પ્રકાર છે અને કયા કયા ?

ઉત્તર - સામાન્ય સંગ્રહ (ઓઘ સંગ્રહ) અને વિશેષ સંગ્રહ એમ બે પ્રકાર (ભેદ) સંગ્રહનયના છે. અથવા પરસંગ્રહ અને અપર સંગ્રહ એમ બે પ્રકાર (ભેદ) સંગ્રહનયના છે.

પ્રશ્ન - સંગ્રહનયને નિક્ષેપા કેટલા અભિમત છે ?

ઉત્તર - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચારે નિક્ષેપા સંગ્રહનયને અભિમત છે.

પ્રશ્ન - સંગ્રહનયને અનુસરનારા કયા કયા દર્શન છે ?

ઉત્તર - આ સંગ્રહનયને અનુસરનારા "સાંખ્ય દર્શન" અને "(અદ્વૈત) વેદાન્ત દર્શન" છે.

સાંખ્ય દર્શન પાંચ ભૂત પાંચ તન્માત્રામાં, પાંચ તન્માત્રાદિ સોળ પદાર્થો અહંકારમાં અહંકાર બુદ્ધિમાં અને બુદ્ધિ પ્રકૃતિમાં શમી જાય છે.

એ પ્રમાણે સાંખ્ય દર્શન સમ્પૂર્ણ વિશ્વને પ્રકૃતિ અને આત્મામાં સંગૃહીત કરી લે છે એ સંગ્રહનયને આશ્રયીને છે. વળી વિશ્વના સર્વ પદાર્થોને બ્રહ્મસ્વરૂપ માની "ब्रह्मसत्यं जगन् मिथ्या" પ્રમાણે અદ્વૈત વેદાન્ત દર્શન જે કહે છે તે પણ સંગ્રહનયને અવલંબીને જ. આ બન્ને દર્શનો સંગ્રહનય સિવાય અન્ય નયોની માન્યતા માનતા ન હોવાથી એ (સાંખ્ય અને વેદાન્ત) બન્ને દર્શનો મિથ્યા છે.

(૭)

પ્રશ્ન - સાત નયૈ પૈકી ત્રીજા વ્યવહારનયનું સ્વરૂપ શું ?

ઉત્તર - वि-विशेषण, अवहरति-प्ररुपयाति, पदायन् इति व्यवहारः । વિશેષે કરીને જે પદાર્થોનું નિરૂપણ કરે છે તે "વ્યવહારનય" કહેવાય છે.

લોકવ્યવહારને અનુસરતો જે અધ્યવસાયવિશેષ તે "વ્યવહારનય" કહેવાય છે.

સર્વ દ્રવ્યના વિનિશ્ચયાર્થે જે વહેંચણ કરે છે, તે "વ્યવહાર-નય કહેવાય છે.

આ વ્યવહારનય વસ્તુનું બાહ્ય સ્વરૂપ દેખી તેના ભેદ કરે. તેમાં બાહ્ય દેખાતા ગુણને જ માને પણ અંતરગત સત્તાને માને નહીં.

જ્યારે સંગ્રહનય સામાન્ય ધર્મને માની સર્વને એક બીજામાં સમાવે છે ત્યારે તેનાથી વિપરીત આ વ્યવહારનય વિશેષધર્મને મુખ્ય કરી સર્વ પદાર્થોને છૂટા પાડી સમજાવે છે.

આ વ્યવહારનયમાં આચાર અને ક્રિયા મુખ્ય છે. તેમાં અંતરંગ પરિણામનો ઉપયોગ નથી. જ્ઞાન રૂપ ધ્યાનના પરિણામ વિના નૈગમનય અંશગ્રાહી છે અને સંગ્રહનય સત્તાગ્રાહી છે.

એ જ પ્રમાણે આ વ્યવહારનયમાં પણ ક્રિયાની પ્રાધાન્યતા-મુખ્યતા છે.

વ્યવહારનયથી વ્યવસ્થા અનેક પ્રકારે ઘટી શકે છે. જુઓ તે આ પ્રમાણે -

વ્યવહારથી જીવ-આત્માના બે ભેદ છે. (૧) મુક્ત અને (૨) સંસારી. તેમાં સંસારીના બે ભેદ છે. (૧) અયોગી અને (૨) સયોગી. તેમાં સયોગીના બે ભેદ છે. (૧) કેવળી અને (૨) છદ્મસ્થ. તેમા છદ્મસ્થના બે ભેદ છે. (૧) ક્ષીણમોહ અને (૨) ઉપશાંતમોહ, તેમાં ઉપશાંતમોહના બે ભેદ છે. (૧) અકષાયી અને (૨) સકષાયી, તેમાં સકષાયીના બે ભેદ છે.

(૧) શ્રેણીપ્રતિપન્ન અને (૨) શ્રેણી અપ્રતિપન્ન, તેમાં શ્રેણી અપ્રતિપન્નના બે ભેદ છે. (૧) અપ્રમત્ત અને (૨) પ્રમત્ત. તેમાં પ્રમત્તના બે ભેદ છે. (૧) સર્વવિરતિ અને (૨) અવિરતિ. તેમાં અવિરતિના બે ભેદ છે. (૧) સમ્યકત્વી અને (૨) મિથ્યાત્વી. તેમાં મિથ્યાત્વીના બે ભેદ છે. (૧) ભવ્ય અને (૨) અભવ્ય. તેમાં ભવ્યના બે ભેદ છે. (૧) ગ્રંથીભેદી અને (૨) ગ્રંથીઅભેદી. તેમાં ગ્રંથીભેદીના બે ભેદ છે. (૧) પરિત (એટલે અલ્પસંસારી) અને (૨) અપરિત (એટલે બહુ સંસારી). એ પ્રમાણે જે જીવ જેવો દેખાય છે તેને તેવો આ વ્યવહારનય માને છે.

આજ પ્રમાણે વ્યવહારનયથી અજીવ પુદ્ગલ દ્રવ્યમાં પણ ઘટના કરી શકાય છે. જુઓ તે આ પ્રમાણે - પુદ્ગલ દ્રવ્યના બે ભેદ છે. (૧) અણુ અને (૨) સ્કંધ. તેમાં સ્કંધના બે ભેદ છે. (૧) સૂક્ષ્મસ્કંધ અને (૨) બાદરસ્કંધ. એ બન્નેના વળી બબ્બે ભેદ છે. (૧) સચિત્તસ્કંધ અને (૨) અચિત્તસ્કંધ. વળી એ બન્નેના પણ બબ્ને ભેદ છે. (૧) જીવગૃહીત અને (૨) અજીવગૃહીત. આમાં પણ જે જેવો દેખાય છે તેને તેવો આ વ્યવહારનય માને છે.

ઉપરોક્ત જીવ અને પુદ્ગલના ઉદાહરણો ઉપરથી આ વ્યવહારનય સર્વ પદાર્થોને વિશેષ કરીને વર્ણવે છે. એમ સ્પષ્ટ જણાઈ આવે છે.

પ્રશ્ન - વ્યવહારનયના કેટલા ભેદ છે ?

ઉત્તર - વ્યવહારનયના બે ભેદ છે. (૧) "સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર" અને (૨) "વિશેષ સંગ્રહ ભેદક વ્યવહાર."

તેમાં સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર એક પ્રકારે છે અને વિશેષ સંગ્રહ ભેદક વ્યવહાર અનેક પ્રકારે છે.

પ્રશ્ન - શુદ્ધ વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે ગુણ એક રૂપ હોવા છતાં પણ સમજાવવાને માટે તેના જુદા-જુદા ભેદ કરીને જે કહેવું તે "શુદ્ધ વ્યવહારનય" કહેવાય છે.

અથવા - નીચેનાં ગુણસ્થાનકને છોડી ઉપરના ગુણ સ્થાનક જવું તેને પણ "વ્યવહારનય" કહેવામાં આવે છે.

પ્રશ્ન - અશુદ્ધ વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - જે ક્રિયા કરવાથી જીવ ઉંચ સ્થિતિમાંથી નીચે પડે અને તે દ્વારા રાગ-દ્વેષ-અજ્ઞાનની અભિવૃદ્ધિ થાય તે "અશુદ્ધ વ્યવહારનય" કહેવાય છે.

પ્રશ્ન - શુભ વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - જે ક્રિયા કરવાતી જીવને અનેક પ્રકારના પુણ્યરૂપ શુભકર્મનો બંધ થાય તે "શુભ વ્યવહારનય" કહેવાય છે.

પ્રશ્ન - અશુભ વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - જે ક્રિયા કરવાથી જીવને અનેક જાતના પાપરૂપ અશુભ કર્મનો બંધ થાય તે "અશુભ વ્યવહારનય" કહેવાય છે.

પ્રશ્ન - ઉપચરિત વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - આત્માથી શરીર કુટુંમ્બાદિક પૌદ્‌ગલિક પદાર્થો ભિન્ન છે, છતાં પણ અજ્ઞાનતાથી આત્મા-જીવ તેમાં મમત્વ ભાવને ધારણ કરે છે. તે "ઉપચરિત વ્યવહારનય" કહેવાય છે.

પ્રશ્ન - અનુપચરિત વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - દેહાદિક પૌદ્ગલિક પદાર્થો જો કે આત્માથી જુદા છે તો પણ ક્ષીરનીરની પેઠે આત્માની સાથે કર્મ મળેલા છે તેથી કરીને આત્મા દેહાદિક પૈદ્ગલિક પદાર્થોને પોતાના કરી જે માને છે તે "અનુપચરિત વ્યવહારનય" કહેવાય છે.

પ્રશ્ન - વ્યવહારનયને નિક્ષેપા કેટલા અભિમત છે ?

ઉત્તર - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપા વ્યવહારનયને અભિમત છે.

(૮)

પ્રશ્ન - સાતનય પૈકી ચોથા ઋજુસૂત્રનયનું સ્વરૂપ શું ?

ઉત્તર - "ઋજુ" એટલે સરલ વર્તમાનકાળની વસ્તુ અને "સૂત્ર" એટલે ગુંથવું-જાણવું. અર્થાત્ વર્તમાન કાળમાં વર્તતી વસ્તુને જ જે જાણે તે "ઋજુસૂત્રનય" કહેવાય છે.

"ऋजु-पांजलं वर्तमानक्षणं सूत्रयतीति ऋजुसूत्रः ।"

"જે વિચારણા વર્તમાન કાળને ગુંથે તે અથવા "ઋજુ" એટલે સરલપણે પદાર્થનું જે નિરૂપણ કરે તે "ઋજુસૂત્રનય" કહેવાય છે.

કોઈ સ્થળે "ઋજુસૂત્ર" ને સ્થાને "ઋજુશ્રુત" પણ જોવામાં આવે છે ત્યાં "ઋજુ" એટલે અવક્રસરલ અને "શ્રુત" એટલે બોધ એવો અર્થ થાય છે.

અર્થાત્ - જીવને અવક્ર-સરલપણે જે બોધ કરે તે "ઋજુ-શ્રુતનય" કહેવાય છે.

સારાંશ એ સમજવો કે - ભૂતકાળ અને ભાવીકાળમાં પદાર્થની જે સ્થિતિ વર્તતી હોય તેનું લક્ષ્ય રાખ્યા સિવાય

વર્તમાનકાળમાં જે સ્થિતિ વર્તતી હોય તે પદાર્થ-વસ્તુને જે માને તે "ઋજુસૂત્રનય" કહેવાય છે.

આ ઋજુસૂત્રનય ભૂત અને ભવિષ્યકાળના પર્યાયોનો ત્યાગ કરીને કેવલ વર્તમાનકાળના પર્યાયોને જ સ્વીકારે છે.

જેમકે - હાલ રાજસ્થાનના મરુધર પ્રદેશમાં આવેલ પાલી શહેરમાં નાગોરના દલપતભાઈ નામના ધર્મનિષ્ઠ એક શ્રાવક છે. ગૃહસ્થવેષમાં હોવા છતાં પણ તેના અંતરંગ પરિણામ ભલેને મુનિના જેવા હોય તો પણ અંતમુનિ નહીં કહેતાં ગૃહસ્થ કહેવો. એ જ પ્રમાણે સાધુના વેષમાં રહેલ કોઈ મુનિ સાધુના આચાર નહીં પાળતાં ગૃહસ્થના પરિણામ રાખે તો પણ તેને ગૃહસ્થ નહીં કહેતાં મુનિ કહેવો એમ ઋજુસૂત્રનયની માન્યતા છે. વળી આ નય વર્તમાન સમયગ્રાહી છે. તે પદાર્થના નવા નવા રૂપાંતરો તરફ લક્ષ્ય ખેંચે છે.

દાખલા તરીકે-સોનાના બનાવેલ કડા, કુંડળ, કંઠી, વીંટી વગેરે જે પર્યાયો છે તે તરફ આ નયની દૃષ્ટિ છે. પર્યાયો સિવાય સ્થાયી દ્રવ્ય તરફ આ નયની દૃષ્ટિ રહેતી નથી.

તેથી એમ સમજી શકાય છે કે પર્યાયો વિનેશ્વર હોવાને લીધે સર્વદા સ્થાયી દ્રવ્ય આ ઋજુસૂત્રનયની દ્રષ્ટિએ નથી જ.

પ્રશ્ન - ઋજુસૂત્રનયના કેટલા પ્રકાર છે ?

ઉત્તર - આ ઋજુસૂત્રનયના બે પ્રકાર છે.

(૧) સૂક્ષ્મઋજુસૂત્ર અને (૨) સ્થૂલઋજુસૂત્ર. તેમાં સૂક્ષ્મ-ઋજુસૂત્ર નયપર્યાય માત્રને ક્ષણસ્થાયી માને છે. કોઈપણ પર્યાય એક ક્ષણથી વિશેષ રહી શકતો જ નથી. બીજે સમયે તો એ પર્યાય બદલાઈ જાય છે.

સ્થૂલ ઋજુસૂત્રનય-વર્તમાન પર્યાય અનેક સમય સુધી રહે છે એ પ્રમાણે માને છે દાખલા તરીકે જીવ-આત્માના દેવ, મનુષ્યાદિક અનેક પર્યાયો છે. તે પૈકી દેવપર્યાયમાં જીવ જઘન્યથી દશ હજાર વર્ષ સુધી અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સુધી રહે છે. મનુષ્ય પર્યાયમાં જઘન્યથી અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સુધી રહે છે. એ પ્રમાણે આ સ્થૂલ ઋજુસૂત્રનય સ્વીકારે છે.

પ્રશ્ન - ઋજુસૂત્રનયને અનુસરનાર ક્યું દર્શન છે ?

ઉત્તર - ઋજુસૂત્રનયને અનુસરનાર બૌદ્ધ દર્શન છે. "यत् सत् तत् क्षणिकम्" -જે સત્ છે ક્ષણમાત્ર સ્થાયી છે. એ પ્રમાણે બૌદ્ધ દર્શનની માન્યતા આ સૂક્ષ્મ ઋજુસૂત્રનયને આધારે છે. અન્ય નયોનું ખંડન કે વિરોધ આ ઋજુસૂત્રનય કરતો નથી. બૌદ્ધ દર્શન તો અન્ય નયોનું ખંડન છે. પોતાનું જ સત્ય છે અને અન્યનું મિથ્યા છે. એમ માને છે માટે તે બૌદ્ધ દર્શન મિથ્યા છે.

પ્રશ્ન - ઋજુસૂત્રનયને કેટલા નિક્ષેપા અભિમત છે ?

ઉત્તર - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપા એ ઋજુસૂત્રનયને અભિમત છે.

(૯)

પ્રશ્ન - સાતનય પૈકી પાંચમા શબ્દનયનું સ્વરૂપ શું ?

ઉત્તર - "शब्यते-आहूयतेऽनेनाभिप्रायेणार्थः इति शब्दः ।" શબ્દ દ્વારા જે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તે "શબ્દનય" કહેવાય છે.

"शब्यते-वचनगोचरीक्रियते वस्तु येन स शब्दः ।"

જેના વડે પદાર્થ વચનના વિષયભૂત જે કરાય તે "શબ્દનય" કહેવાય છે.

વિશ્વમાં સર્વ વ્યવહારો ભાષાના આધારે ચાલે છે. કોઈપણ પદાર્થનું કથન કરવું હોય તો શબ્દ સિવાય થઈ શકતું નથી. અરૂપી પદાર્થો વચનથી કહી શકાતા નથી છતાં પણ તેની અમુક સંજ્ઞા કરી શબ્દથી કહેવાય છે.

આ નય શબ્દથી વાચ્ય વસ્તુને જ મુખ્ય રૂપે ગ્રહણ કરે છે વ્યાકરણ-વ્યુત્પત્તિ દ્વારા સિદ્ધ થયેલા સર્વ શબ્દોને સ્વીકારે છે. પ્રકૃતિ-પ્રત્યયાદિકથી પણ અર્થમાં રૂઢ થયેલા એવા સર્વ શબ્દોને પણ માન્ય રાખે છે. જ્યાં લિંગભેદ કે વચનભેદ થયેલા હોય ત્યાં સમાન અર્થ છે એમ આ શબ્દનય સ્વીકારતો નથી. એવા સ્થળમાં તો અર્થભેદ માને છે.

ઋજુસૂત્રની જેમ લિંગ, વચન, કાલાદિના ભેદથી શબ્દને અભિન્ન નહીં માનતાં આ નય ભિન્ન જુદા માને છે.

પ્રશ્ન - આ શબ્દનય કયા નિક્ષેપાને અભિમત છે ?

ઉત્તર - આ નય ઋજુસૂત્રની જેમ ચારે નિક્ષેપાને નહીં માનતાં, માત્ર ભાવ નિક્ષેપાને જ સત્ માને છે. અર્થાત્ - આ શબ્દનય ભાવનિક્ષેપને અભિમત પદાર્થોનો મુખ્યપણે બોધ કરે છે. જેમકે -"જિન" શબ્દમાં ચારે નિક્ષેપા ઘટે છે.

જેનું જિન એવું નામ આપ્યું હોય તે "નામજિન" મૂર્તિ-પ્રતિમા-બિમ્બમાં કે ચિત્રપટમાં જે જિનની સ્થાપના કરેલ હોય તે સ્થાપનાજિન, જે જીવો ભવિષ્યજિન થવાના છે તે જીવો દ્રવ્યજિન અને જેઓ ભૂમિતલ ઉપર કેવલીપણે વિચરતા હોય તે ભાવજિન કહેવાય છે.

ઉપરોક્ત એ ચારે નિક્ષેપામાંથી માત્ર ભાવજિનને જ આ શબ્દનય માને છે. નામજિન, સ્થાપનાજિન કે દ્રવ્યજિનને નહીં.

પ્રશ્ન - યોગરૂઢ શબ્દો કોનો કહેવાય છે ?

ઉત્તર - યોગ અને રૂઢ એમ બે શબ્દો મળીને "યોગરૂઢ શબ્દ" બનેલ છે.

જે શબ્દોમાં અવયવશક્તિ અને સમુદાયશક્તિ એમ બન્ને શક્તિની અપેક્ષા રહેતી હોય તે શબ્દો, "યોગરૂઢ શબ્દો" કહેવાય છે.

એવા યોગરૂઢ શબ્દોમાં અવયવશક્તિ અને સમુદાયશક્તિ એ બન્ને શક્તિઓ સ્વ અર્થ સમજાવવા ઉપરાંત અર્થને સંકોચવાનું પણ કાર્ય કરે છે.

જેમકે દૃષ્ટાંત તરીકે "પંકજ" શબ્દ છે. પંક અને જ એ બન્ને મળીને પંકજ શબ્દ બનેલ છે. "પંકે-જઃ પંકાજ્જાયત ઈતિ વા પંકજ" એ પ્રમાણે વ્યુત્પત્તિ હોવાથી કાદવમાં ઉત્પન્ન થનાર અથવા કાદવથી ઉત્પન્ન થનાર એવો તેનો અવયવાર્થ છે. આથી "પંકજ" શબ્દ અવયવશક્તિ દ્વારા કાદવથી ઉત્પન્ન થનાર કમળને સમ્બોધે છે. સમુદાયશક્તિ પણ તેનો અર્થ કમળને જ સમ્બોધે છે. અર્થાત્ બન્ને શક્તિ "પંકજ" શબ્દનો અર્થ કમળ જ કરે છે.

બન્ને શક્તિઓ સાથે હોવાથી અને પરસ્પર અર્થમાં સંકોચ કરેલો હોવાથી કાદવમાં ઉત્પન્ન થતાં એવાં દેડકાં, સેવાલ વગેરેનો તથા વિશેષરૂપે ઉત્પન્ન થતાં જળ-કમળ, સ્થળ-કમળાદિકનો પણ સંકોચ કરાવીને કાદવમાં ઉત્પન્ન થતાં એવા કમળને જ "પંકજ" શબ્દ જણાવી રહ્યો છે.

તેથી કરીને તે યોગરૂઢ શબ્દ કહેવાય છે. એ પ્રમાણે જે જે શબ્દો અવયવશક્તિ અને સમુદાયશક્તિ એમ બન્ને શક્તિથી એક જ અર્થને જણાવતા હોય તે તે શબ્દો સર્વે "યોગરૂઢ શબ્દો" સમજવા.

પ્રશ્ન - યૌગિકરૂઢ શબ્દો કોને કહેવાય છે ?

ઉત્તર - યૌગિક અને રૂઢ એમ બે શબ્દો મળીને "યોગિકરૂઢ" શબ્દ બનેલ છે. તેમાં યૌગિક શબ્દનો અર્થ અવયવશક્તિજન્ય, અને રૂઢ શબ્દનો અર્થ સમુદાયશક્તિજન્ય થાય છે. જે શબ્દ યૌગિક છે અને રૂઢ પણ છે તે "યૌગિકરૂઢ" કહેવાય છે.

જ્યારે યોગરૂઢ શબ્દ અવયવ અને સમુદાય એમ બન્ને શક્તિથી એક જ અર્થને જણાવે છે, ત્યારે આ યૌગિક રૂઢ શબ્દ અવયવશક્તિથી જે અર્થ જણાય તે અર્થ અને સમુદાયશક્તિથી જે અર્થ જણાય તે અર્થ એ બન્ને ભિન્ન હોય છે એમ સ્પષ્ટપણે કહે છે.

યોગરૂઢ અને યૌગિકરૂઢમાં એટલો જ ફેરફાર છે.

યૌગિકરૂઢમાં અનેક શબ્દો આવે છે. તેમાં "ઉદ્‌ભિદ્" શબ્દ પણ છે. "ભિદ્" ધાતુ અને "ઉત્" ઉપસર્ગથી બનેલ છે. "ઉત્ ઉર્ધ્વં ભિનત્તીતિ ભિદ્" એટલે ઉપરના તલને ભેદીને જે બહાર નીકળે તે "ઉદ્‌ભિદ્" કહેવાય છે.

હવે અહીં અવયવાર્થથી "ઉદ્‌ભિદ્" શબ્દનો અર્થ વૃક્ષ થાય છે અને સમુદાયશક્તિથી તેનો અર્થ "ઉદ્‌ભિદ્" નામનો યજ્ઞ થાય છે. સમુદાયશક્તિથી કરેલા યજ્ઞ અર્થમાં અવયવશક્તિની અંશમાત્ર પણ અપેક્ષા નથી. વેદમાં એવું વાક્ય પણ આવે છે કે “पशुकाम उद्‌भिदा यजेत !” પશુની અભિલાષાવાળો

"ઉદ્‌ભિદ્" નામના યજ્ઞને કરે.

આ પ્રમાણે "ઉદ્‌ભિદ્" શબ્દ બન્ને અર્થને બતાવી રહ્યો છે. અવયવશક્તિથી વૃક્ષરૂપ અર્થને અને સમુદાયશક્તિથી યજ્ઞરૂપ અર્થને. એક જ "ઉદ્‌ભિદ્" શબ્દ વૃક્ષરૂપ અર્થને અને યત્રરૂપ અર્થને એમ જુદા જુદા અર્થને જણાવતો હોવાથી તે "ઉદ્‌ભિદ્" શબ્દ "યૌગિકરૂઢ શબ્દ" કહેવાય છે.

એ પ્રમાણે જે જે શબ્દો યૌગિક શક્તિથી સ્વતંત્ર અર્થને અને રૂઢિ શક્તિથી પણ સ્વતંત્ર અર્થને જણાવતા હોય તે તે શબ્દો સર્વે "યૌગિકરૂઢ" સમજવા.

આ શબ્દનયનો વિષય વ્યાપક એટલે વિસ્તારવાળો છે.

(૧૦)

પ્રશ્ન-સાત નય પૈકી છટ્ટા સમભિરૂઢ નયનું સ્વરૂપ શું છે ?

ઉત્તર - સ, અભિ અને રુઢ એ ત્રણે મળીને "સમભિરૂઢ" શબ્દ બનેલો છે. તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે-

“सं-सम्यक् प्रकारेण अभि-समीपं (अर्थस्य)
रोहतीति समभिरुढः ।”

અર્થ :- સારી રીતે (અર્થની) સમીપે જે જાય તે "સમભિરૂઢ નય" કહેવાય છે.

જેમાં અમુક ગુણ પ્રગટયા હોય અને ભવિષ્યમાં વિશેષ ગુણ પ્રગટાવાનો સંભવ હોય તેને જે એકરૂપ કહે તે "સમભિ-રૂઢ નય" કહેવાય છે. ચાર પ્રકારના શબ્દો પૈકી માત્ર યૌગિક શબ્દો જે રીતે કહે છે તે રીતે પ્રત્યેક શબ્દોના અવયવાર્થને જ મુખ્ય માની શબ્દનો વ્યવહાર કરનાર આ "સમભિરૂઢ નય" છે. તે અર્થની પ્રધાનતાએ વ્યવહાર કરે છે.

આ નય શબ્દભેદે પણ અર્થભેદ માને છે અને પર્યાય શબ્દોનું અર્થથી અભેદપણું છે તેની ઉપેક્ષા કરે છે.

જુઓ દૃષ્ટાંત પહેલું -

૧. इन्दनात् इन्द्रः -ઐશ્વર્યને લઈ ઈન્દ્ર.

૨. शकनात् शक्रः -શક્તિને લઈ શક્ર.

૩. पूर्दारणात् पुरन्दरः -પૂ. નામના રાક્ષસનો વિનાશ કરવાથી પુરંદર.

૪. शच्याः पतिः शचिपतिः - શચિનો પતિ શચિપતિ.

આમાં ઈન્દ્ર, શક્ર, પુરંદર અને શચિપતિ એ સર્વે પર્યાય વાચક શબ્દો છે. તેમાં એકાર્થપણું હોવા છતાં પણ તેને ગૌણ કરી શબ્દ પર્યાયના ભેદે તેના અર્થનું પણ ભિન્નપણું આ નય માને છે.

જુઓ દૃષ્ટાંત બીજું -

૧. जयति रागादिशत्रून् इति जिनः-

રાગ વગેરે અંતરશત્રુઓને જીતે છે માટે "જિન" કહેવાય.

२ अर्हति पूजामित्यर्हन्-

પૂજાને યોગ્ય હોવાથી "અર્હત્" કહેવાય.

३ तीर्थं चतुर्विधसंघ प्रथमगणधरं वा करोति ।

१ "तित्थं भंते ? तित्थं, तित्थंकरे तित्थं ! गोयमा ? अरिहा ताव नियमा ।"

२. "तित्थंकरे, तित्थं पुण चाउवण्णे समणसंघे, पढमगणहरे वा ॥"

પ્રશ્ન - હે ભગવંત ! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે ?

ઉત્તર - હે ગૌતમ ! અરિહંત તો નિશ્ચયપૂર્વક તીર્થંકર છે, અને તીર્થ તો ચતુર્વિધ શ્રમણ સંઘ અથવા પ્રથમ ગણધર છે.

तीर्थंस्थापयतीति तीर्थंकरः ।

અર્થ :- તીર્થને, ચતુર્વિધ સંઘને અથવા પ્રથમ ગણધરને કરતા હોવાથી એટલે સ્થાપન કરતા હોવાથી તીર્થંકર કહેવાય છે.

આમાં જિન, અર્હત્, તીર્થંકર વગેરે એ સર્વે શ્રી જિનેશ્વર ભગવાન માટે વપરાતા પર્યાયવાચક શબ્દો છે. તેમાં એકાર્થપણું હોવા છતાં પણ તેને ગૌણ કરી, આ નય શબ્દ-પર્યાયના ભેદે તેના અર્થનું ભિન્નપણું માને છે.

જુઓ દૃષ્ટાંત ત્રીજું -

ઘટ, કુંભ, કુટ, કલશ ઈત્યાદિ શબ્દો પણ પટ, મઢ, સ્તમ્ભ વગેરે શબ્દોની જેમ ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિવાળા હોવાથી તે જુદા-જુદા અર્થના વાચક છે. કારણ કે, એક શબ્દથી એક જ વસ્તુ વાચ્ય થઈ શકે પણ એક અર્થમાં અનેક શબ્દની પ્રવૃત્તિ ન હોઈ શકે.

જેમકે ઘટ શબ્દથી ઘટ વાચ્ય બની શકે, પણ કલશ કે કુંભ વાચ્ય થઈ શકે નહીં.

એ જ પ્રમાણે કુટ શબ્દથી કુટ વાચ્ય થઈ શકે, પણ કુંભ કે ઘટ વાચ્ય થઈ શકે નહીં. તેથી કરીને કહેવાય છે કે - "ઘટનાત્ ઘટઃ" "કુટનાત્ કુટઃ" ઈત્યાદિ.

આ સમભિરૂઢ નયનો વિષય વ્યાપ્ય એટલે અલ્પ વિસ્તારવાળો છે.

પ્રશ્ન-સાત નય પૈકી સાતમા એવંભૂત નયનું સ્વરૂપ શું છે ?

ઉત્તર - એવમ્ અને ભૂત એ બે શબ્દોથી બનેલો એવંભૂત શબ્દ છે. એવમ્ એટલે એ પ્રકારે અને ભૂત એટલે યથાર્થ.

"शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविशिष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवं भूतः ।"

જે ક્રિયાને લઈને શબ્દની પ્રવૃત્તિ થાય છે, તે જ ક્રિયા વિશિષ્ટ અર્થને પ્રકાશે ત્યારે જ "એવંભૂત નય" કહેવાય છે.

આ નયની માન્યતા એવા પ્રકારની છે કે જે શબ્દોનો જે અર્થમાં ઉપયોગ કરવામાં આવે તે અર્થને તે પદાર્થ તે સમયે યથાર્થ અનુભવતો હોય તો જ તેને માટે તે શબ્દ વાપરવો જોઈએ.

અર્થાત્ - પોતાનું કામ કરતી એવી પ્રત્યક્ષ-સાક્ષાત્ દેખાતી વસ્તુને તે વસ્તુ તરીકે માનવાનું આ એવંભૂત નય સૂચવે છે.

ઉદાહરણ તરીકે જુઓ -

(૧) જ્યારે રાગ-દ્વેષાદિક અભ્યંતર શત્રુઓને જીતતા હોય ત્યારે જ "જિન" કહેવાય.

(૨) જ્યારે સુર-અસુર-નરેન્દ્રાદિકથી પૂજાતા હોય ત્યારે જ "અર્હત્" કહેવાય.

(૩) જ્યારે દેવોએ રચેલા દિવ્ય સમવરણમાં બિરાજી ચતુર્વિધ શ્રમણ સંઘની અને પ્રથમ ગણધરની સ્થાપના કરતા હોય ત્યારે જ "તીર્થંકર" કહેવાય.

(૪) જ્યારે ઐશ્વર્ય અનુભવવાની ક્રિયા કરતો હોય ત્યારે જ "ઈન્દ્ર" કહેવાય.

(૫) જ્યારે શક્તિક્રિયામાં પરિણત હોય ત્યારે જ "શક્ર" કહવાય.

(૬) જ્યારે પુરને વિદારવામાં પ્રવર્તેલો હોય ત્યારે જ "પુરંદર" કહેવાય.

(૭) જ્યારે છત્ર-ચામરાદિકથી શોભતો હોય ત્યારે જ "રાજા" કહેવાય.

એ પ્રમાણે અન્ય ઉદાહરણોમાં પણ જાણવું. આ એવંભૂત નયનો વિષય વ્યાપ્ય એટલે અલ્પ વિસ્તારવાળો છે.

એ રીતે એવંભૂત નયનું સ્વરૂપ સમજવું.

(૧૨)

પ્રશ્ન - શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ નયોની ઘટના દૃષ્ટાંતમાં કેવી માન્યતા છે ?

ઉત્તર - (૧) જેમાં જળ-પાણી ભરી શકાય, ગોળાકાર-વાળો, સાંકડા મુખવાળો અને મોટા પેટવાળો જે હોય તેને "ઘટ" કહેવામાં આવે છે.

કળશ-કુંભ વગેરે એ ઘટના પર્યાયવાચક શબ્દો છે.

એ પ્રમાણે શબ્દ નયની માન્યતા છે.

(૨) જળ-પાણી તે "જળાધાર" કહેવાય, પણ ઘટ ન કહેવાય. શબ્દ કરે તો જ "ઘટ" કહેવાય. પૃથ્વીને પૂરે તો જ "કુંભ" કહેવાય.

ઘટ-કળશ-કુંભને એક જ વસ્તુ માટે વપરાતા શબ્દો પણ ભિન્નાર્થક છે.

એ પ્રમાણે સમભિરૂઢ નયની માન્યતા છે.

(૩) જ્યારે કોઈ ચંચલ નેત્રવાળી પનીહારી નારીની કેડ ઉપર જળ-પાણીથી ભરેલો જે સમયે હોય અને છલકાતા છલકાતા શબ્દ-અવાજ કરતો જતો ત્યારે જ તેને "ઘટ" કહેવામાં આવે છે.

જ્યારે પૃથ્વીને પૂરતો હોય ત્યારે જ "કુંભ" કહેવામાં આવે છે.

કુંભારના નીભાડામાં પડયો હોય કે ઘરના ખૂણામાં પડેલો હોય ત્યારે તે નથી કહેવાતો "ઘટ" કે નથી કહેવાતો "કળશ".

એ પ્રમાણે એવંભૂત નયની માન્યતા છે.

(૧૩)

પ્રશ્ન - દ્રવ્ય કોને કહેવાય ?

ઉત્તર - મૂળ પદાર્થને "દ્રવ્ય" કહેવાય છે.

ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. અર્થાત્ ગુણ અને પર્યાય જેને હોય તે "દ્રવ્ય" કહેવાય છે.

(૧૪)

પ્રશ્ન - પર્યાય કોને કહેવાય છે ?

ઉત્તર - દ્રવ્યના પરિણામને "પર્યાય" કહેવામાં આવે છે.

અર્થાત્ - ઉત્પત્તિ અને વિનાશને જે પામે તે "પર્યાય" કહેવાય છે.

(૧૫)

પ્રશ્ન - દ્રવ્યાર્થિક નય કોને કહેવાય ?

ઉત્તર - આ જ દ્રવ્ય છે અર્થ કે પ્રયોજન જેનું તે "દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

દ્રવ્યનો ગુણ મુખ્યપણે અને ગૌણપણે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયથી સત્તાને જે ગ્રહણ કરે તેને "દ્રવ્યાર્થિકનય" કહેવામાં આવે છે.

(૧૬)

પ્રશ્ન - પર્યાયાર્થિક નય કોને કહેવાય ?

ઉત્તર - પર્યાય છે પ્રયોજન જેનું, અથવા પર્યાય જ છે અર્થ જેનો તે "પર્યાયાર્થિક નય" કહેવાય છે.

અર્થાત્ - જે પર્યાયને ગ્રહણ કરે તેને "પર્યાયાર્થિક નય" કહેવામાં આવે છે.

(૧૭)

પ્રશ્ન - દ્રવ્યાર્થિકનયના કેટલા ભેદ છે ? અને તે કયા કયા ?

ઉત્તર - દ્રવ્યાર્થિકનયના દશ ભેદ છે. તે આ પ્રમાણે-

(૧) નિત્યદ્રવ્યાર્થિકનય - સર્વ દ્રવ્ય નિત્ય છે એમ જે જણાવે તે "નિત્યદ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૨) એક દ્રવ્યાર્થિકનય - અગુરુલઘુ અને ક્ષેત્રની અપેક્ષા સિવાય મૂળગુણને પિંડરૂપે જે ગ્રહણ કરે તે "એક દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૩) સત્ દ્રવ્યાર્થિકનય - જ્ઞાનાદિકગુણો વડે કરીને સર્વ જીવો સમાન છે, માટે સર્વ જીવો ગુણ વડે કરીને એક જે કહેવાય તે "સત્ દ્રવ્યાર્થિકનય" કહેવાય છે. વળી સ્વદ્રવ્યાદિકને જે ગ્રહણ કરે તે પણ "સત્ દ્રવ્યાર્થિક" કહેવાય છે.

(૪) વક્તવ્ય દ્રવ્યાર્થિકનય - દ્રવ્યમાં કહેવા લાયક ગુણને જે સ્વીકારે તે "વક્તવ્ય દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૫) અશુદ્ધ દ્રવ્યાર્થિકનય - આત્માને જે અજ્ઞાની કહેવો તે "અશુદ્ધ દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૬) અન્વય દ્રવ્યાર્થિકનય - સર્વ દ્રવ્યો ગુણ અને પર્યાય વડે કરીને સહિત છે એમ જે કહેવું તે "અન્વય દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૭) પરમ દ્રવ્યાર્થિકનય - સર્વ જીવદ્રવ્યની મૂળ સત્તા એક છે એમ જે કહેવું તે "પરમ દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૮) શુદ્ધ દ્રવ્યાર્થિકનય - સર્વ જીવોના આઠ પ્રદેશો વિશુદ્ધ-નિર્મળ છે એમ જે માનવું તે "શુદ્ધ દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૯) સત્તા દ્રવ્યાર્થિકનય - સર્વ જીવોના અસંખ્યાતા પ્રદેશ સમાન જે માનવા તે "સત્તા દ્રવ્યાર્થિકનય" કહેવાય છે.

(૧૦) પરભાવગ્રાહક દ્રવ્યાર્થિકનય - આત્મા સાનંદરૂપ છે, માટે ગુણ ગુણી દ્રવ્યને એક જાણવું તે "પરભાવગ્રાહક દ્રવ્યાર્થિનય" કહેવાય છે.

(૧૮)

પ્રશ્ન - પર્યાયાર્થિક નયના કેટલા ભેદ છે ?

ઉત્તર - પર્યાયાર્થિક નયના છ ભેદ છે. તે આ પ્રમાણે -

(૧) દ્રવ્યપર્યાય - જીવને ભવ્યપણું અને સિદ્ધપણું જે કહેવું તે "દ્રવ્યપર્યાય" કહેવાય છે.

(૨) દ્રવ્ય વ્યંજન પર્યાય - દ્રવ્યના પ્રદેશનું જે માન કરવું તે "દ્રવ્ય વ્યજન પર્યાય" કહેવાય છે.

(૩) ગુણ પર્યાય - એક ગુણમાંથી અનેકપણું થાય તે "ગુણ પર્યાય" કહેવાય છે.

જુઓ - ધર્માસ્તિકાય દ્રવ્ય પોતાના ચલણ ગુણે કરીને ગતિપરિણત અનેક જીવ અને પુદ્‌ગલને ચલાવવામાં સહાય કરે છે. એ જ પ્રમાણે અધર્માસ્તિકાય દ્રવ્ય પણ પોતાના સ્થિતગુણે કરીને સ્થિર પરિણામને પામેલ અનેક જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાય કરે છે.

(૪) ગુણ વ્યંજન પર્યાય - એક ગુણના અનેક ભેદ જે થાય તે "ગુણ વ્યંજન પર્યાય" કહેવાય છે.

(૫) સ્વભાવ પર્યાય - એટલે અગુરુલઘુપણું.

(૬) વિભાવ પર્યાય - જેથી જીવ ચારે ગતિમાં નવા નવા ભવને ધારણ કરે તે "વિભાવ પર્યાય" કહેવાય છે.

વળી જેથી પુદ્ગલમાં સ્કંધપણું હોય તે પણ "વિભાવ પર્યાય" કહેવાય છે.

ઉપરોક્ત એ છએ પર્યાયોમાંથી પહેલા પાંચ પર્યાય સર્વ દ્રવ્યમાં હોય છે. છેલ્લો છટ્ઠો વિભાવ પર્યાય તે જીવ અને પુદ્ગલ એ બે જ દ્રવ્યમાં હોય છે.

બીજી રીતે પણ પર્યાયના છ ભેદ કહ્યા છે તે આ પ્રમાણે -

(૧) અનાદિ નિત્ય પર્યાય - જે દ્રવ્ય અનાદિકાળથી પર્યાય રૂપે રહેલ હોય તે "અનાદિ નિત્ય પર્યાય" કહેવાય છે.

જેમકે પુદ્ગલ દ્રવ્યનો પર્યાય, મેરુપર્વતાદિ.

(૨) સાદિ નિત્ય પર્યાય - જે દ્રવ્યની આદિ કહેવાતી હોય તો પણ તે દ્રવ્ય નિત્ય પર્યાયરૂપે જે રહે તે "સાદિ નિત્ય પર્યાય" કહેવાય છે.

જેમ કે - જીવ, દ્રવ્ય જ્યારે સકલ કર્મનો ક્ષય કરવાપૂર્વક સિદ્ધપણું પ્રાપ્ત કરે છે ત્યારે તેની આદિ થાય છે અને પછી તે સિદ્ધપણું નિત્ય પર્યાય રૂપે સર્વદા રહે છે.

(૩) અનિત્ય પર્યાય - પ્રત્યેક સમયે પર્યાયની જે ઉત્પત્તિ અને વિનાશ થાય તે "અનિત્ય પર્યાય" કહેવાય છે.

(૪) અશુદ્ધ અનિત્ય પર્યાય - દ્રવ્યના જે પર્યાય અનિત્ય પણ હોય અને અશુદ્ધ પણ હોય તે "અશુદ્ધ અનિત્ય પર્યાય" કહેવાય છે.

જેમકે - સંસારમાં વર્તી રહેલા જીવના જન્મ અને મરણ જે થાય છે તે જીવ દ્રવ્યના અનિત્ય અને અશુદ્ધ પર્યાય છે.

(૫) ઉપાધિ પર્યાય - જેથી જીવ દ્રવ્યને ઉપાધિ વધે તે "ઉપાધિ પર્યાય" કહેવાય છે.

જેમકે - જીવને કર્મના સમ્બન્ધથી ઉપાધિ વધે છે.

(૬) શુદ્ધ પર્યાય - મૂળ પર્યાય તો સર્વ દ્રવ્યને એક જ સરિખા જે હોય તે "શુદ્ધ પર્યાય" કહેવાય છે.

(૧૯)

પ્રશ્ન - નૈગમાદિક સાતે નયોમાંથી દ્રવ્યાર્થિક નય કેટલા કહેવાય છે ?

ઉત્તર - નૈગમાદિક સાતે નયોમાંથી નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણે નયો "દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

(૨૦)

પ્રશ્ન - નૈગમાદિક સાતે નયોમાંથી પર્યાયાર્થિક નય કેટલા કહેવાય છે ?

ઉત્તર - નૈગમાદિક સાતે નયોમાંથી ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચારે નયો "પર્યાયાર્થિક નય" કહેવાય છે.

(૨૧)

પ્રશ્ન - નિશ્ચયનય કોને કહેવાય ?

ઉત્તર - "तत्त्वार्थग्राही नयो निश्चयः ।"

તત્ત્વ અર્થ એટલે વાસ્તવિક અર્થ, યુક્તિસિદ્ધ પદાર્થ, તેને ગ્રહણ કરનાર જે નય તે "નિશ્ચય નય" કહેવાય છે.

અર્થાત્ - જે નય મૂળભૂત પદાર્થોને માન્ય રાખે અને સમજાવે તેને "નિશ્ચયનય કહેવામાં આવે છે.

(૨૨)

પ્રશ્ન - વ્યવહારનય કોને કહેવાય ?

ઉત્તર - "लोकाभिमतार्थग्राही व्यवहारः ।"

લોકાભિતમ એટલે લોક-વ્યવહારમાં પ્રસિદ્ધ પદાર્થ, તેને ગ્રહણ કરનાર જે નય તે "વ્યવહારનય" કહેવાય છે.

અર્થાત્ - જે નય લોકપ્રસિદ્ધ પદાર્થોને માન્ય રાખે અને સમજાવે તેને "વ્યવહારનય" કહેવામાં આવે છે.

(૨૩)

પ્રશ્ન - સૂત્રમાં મૂલ નયો કેટલા કહ્યા છે ?

ઉત્તર - "सत्तमूलनया प्रन्नत्ता" એ પ્રમાણે સૂત્ર છે. તેમાં મૂલ નયો સાત કહ્યા છે. શિષ્ટમંત સાત નયોમાં સર્વનો સમાવેશ છે. દ્રવ્યાર્થિક નયના દશ ભેદો અને પર્યાયાર્થિક નયના છ ભેદો પણ એ સાતે નયોમાં સમાઇ જાય છે.

(૨૪)

પ્રશ્ન - નયપણું ક્યારે કહેવાય ?

ઉત્તર - કોઇપણ નય ગૌણપણે અન્ય નયના વિષયને માન્ય રાખે તો જ તેનું નયપણું કહેવાય.

(૨૫)

પ્રશ્ન - સુનય કોને કહેવાય ?

ઉત્તર - સુનય ગૌણ ભાવે પણ બીજા નયના વિષયને માન્ય રાખે છે, માટે તે "સુનય" કહેવાય છે.

(૨૬)

પ્રશ્ન - સુનય કેવો છે ?

ઉત્તર - પોતાના અર્થને સ્વીકારનાર અને અન્યના અર્થનો તિરસ્કાર નહિ કરનાર એવો "સુનય" છે.

(૨૭)

પ્રશ્ન - કુનય કોને કહેવાય છે ?

ઉત્તર - કુનય ગૌણભાવે પણ બીજા નયના વિષયને માન્ય રાખતો નથી, માટે તે "કુનય-દુર્નય" કહેવાય છે.

(૨૮)

પ્રશ્ન - કુનય કેવો હોય છે ?

ઉત્તર - પોતાના અર્થને સ્વીકારનાર અને અન્યના અર્થનો તિરસ્કાર કરનાર એવો "દુર્નય" છે.

(૨૯)

પ્રશ્ન - નયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - પોતાને ઈષ્ટ અંશને માન્ય રાખી અન્ય નયોના અભિપ્રાયનો અપલાપ કરનાર નયને "નયાભાસ" કહેવામાં આવે છે.

(૩૦)

પ્રશ્ન - નયાભાસના કેટલા પ્રકાર છે ? અને તેના નામ કયા કયા છે ?

ઉત્તર - નયા ભાસના મુખ્યપણે સાત પ્રકાર છે. તેના નામ નીચે પ્રમાણે છે.

(૧) નૈગમાભાસ, (૨) સંગ્રહાભાસ, (૩) વ્યવહારાભાસ (૪) ઋજુસૂત્રાભાસ, (૫) શબ્દાભાસ, (૬) સમભિરૂઢાભાસ અને (૭) એવંભૂતાભાસ.

(૩૧)

પ્રશ્ન - નૈગમાભાસ કોને કહેવાય ?

ઉત્તર - ધર્મદ્વયને ધર્મીદ્વયને અથવા ધર્મ-ધર્મીને એકાંત જે ભિન્ન ભિન્ન માને તે "નૈગમાભાસ" કહેવાય છે.

(૩૨)

પ્રશ્ન - સંગ્રહાભાસ કોને કહેવાય ?

ઉત્તર - વિશેષ માત્રનો પરિહાર કરી, એકાંત સામાન્ય જે માનવું તે "સંગ્રહાભાસ" કહેવાય છે.

અથવા પર્યાયનો નિષેધ કરી એકાંત દ્રવ્યને માનવું તે પણ "સંગ્રહાભાસ" કહેવાય છે.

(૧) પરસંગ્રહાભાસ અને (૨) અપરસંગ્રહાભાસ એમ બે પ્રકારે સંગ્રાહાભાસ છે.

(૩૩)

પ્રશ્ન - વ્યવહારાભાસ કોને કહેવાય ?

ઉત્તર - અપરમાર્થિક દ્રવ્યપર્યાયના વિભાગને ગ્રહણ કરનાર જે હોય તે "વ્યવહારાભાસ" કહેવાય છે.

(૩૪)

પ્રશ્ન - ઋજુસૂત્રાભાસ કોને કહેવાય ?

ઉત્તર - દ્રવ્યનો સર્વથા અપલાપ એટલે નિષેધ કરી વર્તમાન પર્યાયને જે ગ્રહણ કરે તે "ઋજુસૂત્રાભાસ" કહેવાય છે.

(૩૫)

પ્રશ્ન - શબ્દાભાસ કોને કહેવાય ?

ઉત્તર - કાલાદિ વડે ભેદ કરીને ભિન્ન ભિન્ન શબ્દના અર્થનું પણ એકાન્ત ભિન્નપણું જે માને તે "શબ્દાભાસ" કહેવાય છે.

(૩૬)

પ્રશ્ન - સમભિરૂઢાભાસ કોને કહેવાય ?

ઉત્તર - પર્યાયધ્વનિના અભિધેય જુદા જુદા જ એમ એકાંત કહેનાર જે હોય તે "સમભિરૂઢાભાસ" કહેવાય છે.

(૩૭)

પ્રશ્ન - એવંભૂતાભાસ કોને કહેવાય ?

ઉત્તર - શબ્દમાં જે ક્રિયાનો વાચ્યાર્થ હોય, અને તે ક્રિયા યુક્ત જે વસ્તુ હોય, તેને જ એ શબ્દ લગાડાય એ ક્રિયા શૂન્યને નહીં જ, એવા પ્રકારનો નિષેધ જે કરે તે "એવંભૂતા ભાસ" કહેવાય છે.

નગમાદિકએ સાત નયાભાસ જણાવ્યા. હવે એ સિવાયના અન્ય નયાભાસપણ જણાવાય છે.

(૩૮)

પ્રશ્ન - દ્રવ્યાર્થિકાભાસ કોને કહેવાય ?

ઉત્તર - દ્રવ્યને જ ગ્રહણ કરી પર્યાયનો જે પ્રતિ ક્ષેપ કરનાર હોય તે "દ્રવ્યાર્થિકાભાસ" કહેવાય છે.

(૩૯)

પ્રશ્ન - પર્યાયાર્થિકાભાસ કોને કહેવાય ?

ઉત્તર - પર્યાયને જ ગ્રહણ કરી દ્રવ્યનો જે પ્રતિક્ષેપ કરનાર હોય તે "પર્યાયાર્થિકાભાસ" કહેવાય છે.

(૪૦)

પ્રશ્ન - અર્થનયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - અર્થને જ ગ્રહણ કરી શબ્દનો જે પ્રતિક્ષેપ કરનાર હોય તે "અર્થનયાભાસ" કહેવાય છે.

(૪૧)

પ્રશ્ન - શબ્દનયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - શબ્દને જ ગ્રહણ કરી અર્થનો જે પ્રતક્ષેપ કરનાર હોય તે "શબ્દનયાભાસ" કહેવાય છે.

(૪૨)

પ્રશ્ન - અર્પિતનયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - અર્પિતને જ સ્વકારી અનર્પિતાનો જે અનાદર કરનાર હોય તે "અર્પિતનયાભાસ" કહેવાય છે.

(૪૩)

પ્રશ્ન - અનર્પિતાભાસ કોને કહેવાય ?

ઉત્તર - અનર્પિતને જ સ્વીકારી અર્પિતનો જે અનાદર કરનાર હોય તે "અનર્પિત નયાભાસ કહેવાય છે.

ઉત્તર - આ અંગે "આવશ્યક સૂત્ર" માં કહ્યું છે કે-

“इक्किक्को य सयविहो, सत्तसया णया हवंति एमेव ।
अण्णो विहु आएसो, पंचेव सया णयाणं तु ॥”

અર્થાત્ - એકેકના સો ભેદ એટલે નૈગમાદિ એ સાતનયના સર્વ મળી ૭૦૦ ભેદ થાય છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| (૧) નૈગમનયના | ૧૦૦ ભેદ |
| (૨) સંગ્રહનયના | ૧૦૦ ભેદ |
| (૩) વ્યવહારનયના | ૧૦૦ ભેદ |
| (૪) ઋજુસૂત્રનયના | ૧૦૦ ભેદ |
| (૫) શબ્દનયના | ૧૦૦ ભેદ |
| (૬) સમાભિરૂઢનયના | ૧૦૦ ભેદ |
| (૭) એવંભૂતનયના | ૧૦૦ ભેદ |
| | ૭૦૦ |

એ સાતે નયના સર્વ મળી ૭૦૦ ભેદ એટલે ઉત્તર-ભેદ સમજવા.

છેલ્લા શબ્દાદિ ત્રણ નયને એક શબ્દનયમાં જ જો ગણીએ

તો નૈગમાદિકનયોના પાંચ ભેદ થતાં તે દરેકના સો સો ભેદ કરતાં ૫૦૦ ભેદ થાય છે.

(૪૪)

પ્રશ્ન - વ્યવહારાભાસ કોને કહેવાય ?

ઉત્તર - લોક વ્યવહારને જ આગળ કરી તત્ત્વનો જે પ્રતિક્ષેપ કરનાર હોય તે "વ્યવહારાભાસ" કહેવાય છે.

(૪૫)

પ્રશ્ન - નિશ્ચયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - તત્ત્વનો જ અભ્યુપગમ કરી વ્યવહારનો જે નિષેધ કરનાર હોય તે "નિશ્ચયાભાસ" કહેવાય છે.

(૪૬)

પ્રશ્ન - જ્ઞાનનયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - જ્ઞાનનો જ આગ્રહ કરી ક્રિયાનો જે નિષેધ કરનાર હોય તે "જ્ઞાનનયાભાસ" કહેવાય છે.

(૪૭)

પ્રશ્ન - ક્રિયાનયાભાસ કોને કહેવાય ?

ઉત્તર - ક્રિયાનો જ આગ્રહ કરી જ્ઞાનનો જે પ્રતિક્ષેપ કરનાર હોય તે "ક્રિયાનયાભાસ" કહેવાય છે.

(૪૮)

પ્રશ્ન - એ સર્વેનયાભાસ કેવા છે ?

ઉત્તર - સ્વ ઈષ્ટ અંશને માન્ય રાખી બીજા નયોના અભિપ્રાયનો આપલાપ કરનારા છે.

(૪૯)

પ્રશ્ન - નૈગમાદિ સાતે નયના ઉત્તરભેદો કેટલા છે ?

(૫૦)

પ્રશ્ન - નૈગમાદિ એ સાતે નયોમાં સ્થૂલ અને સૂક્ષ્મ કોને કોને સમજવા ?


આ અંગે કહ્યું છે કે-

"एषु पूर्वः पूर्वो नयः प्रचुरगौचरः,
परः पर स्तु परिमितविषयः ।"

ઉત્તર - એ સાતે નયમાં પૂર્વ પૂર્વ નય જે છે તે સ્થૂલ (પ્રચુર ગોચર) છે, અને ઉત્તરોત્તર નય છે તે સૂક્ષ્મ (પરિમિત-વિષય) છે.

અર્થાત્-નૈગમનયથી સંગ્રહનય, સંગ્રહનયથી વ્યવહારનય, વ્યવહારનયથી ઋજુસૂત્રનય, ઋજુસૂત્રનયથી શબ્દનય, શબ્દનયથી સમભિરૂઢનય અને સમભિરૂઢનયથી એવંભૂતનય ઉત્તરોતર સૂક્ષ્મ છે.

એ પ્રમાણે નય સમ્બન્ધી સંક્ષિપ્ત પ્રશ્નોત્તરી જાણવી.



## ઉપસંહાર

નયની આ વિચારણા અતિ સૂક્ષ્મ છે. બુદ્ધિથી ચિંતન મનન કરવા યોગ્ય છે.

કોઈપણ વસ્તુનું જ્ઞાન બે રીતે થઈ શકે છે. એક પ્રમાણથી અને બીજું નયથી.

શ્રી ઉમાસ્વાતિવાચક વિરચિત "तत्त्वार्थाधिगमसूत्र" માં પણ કહ્યું છે કે -

"प्रमाण-नयैरधिगमः ।" (अ० १, सू० ६)

-પ્રમાણ અને નય વડે જ્ઞાન થાય છે.

શાસ્ત્રકાર ભગવંતોએ નયને પ્રમાણનો અંશ માન્યો છે. પ્રમાણમાં પણ આગમ અથવા શ્રુત (શાસ્ત્ર) પ્રમાણનો એ અંશ છે.

સ્યાદ્વાદ (અનેકાન્તવાદ) અને નય એ બન્ને વચ્ચેનો સમ્બન્ધ સિંધુ અને બિંદુ જેવો છે.

જેમ બિંદુ એ સિન્ધુ નથી. તેમ સિન્ધુથી જુદું પણ નથી. સિન્ધુનો (સમુદ્રનો) એ એક અંશ છે.

એ જ પ્રમાણે નય એ સ્યાદ્વાદ-એનેકાન્તવાદથી ભિન્ન નથી, સસ્યયાદ્વાદ સ્વરૂપ નથી, પણ સ્યાદ્વાદનું એ એક અંગ છે.

સર્વ નદીઓ જેમ સાગરમાં મળે છે તેમ એ સર્વ નદી અરુપી નયો સ્યાદ્વાદ-અનેકાન્તવાદરુપી સિન્ધુમાં ભળી જાય છે.

આ સાતે નય પ્રત્યેક વસ્તુ માટે પોતપોતાની માન્યતાના અભિપ્રાયો ધરાવે છે. એ અભિપ્રાયો એકબીજાથી ભિન્ન હોવા છતાં પણ, એ જ સાતે નયો ભેગા થઈને સ્યાદ્વાદ-અનેકાન્તવાદ

શ્રુતરૂપી આગમ-સિદ્ધાંતની સેવા કરે છે.

જેમ જુદા-જુદા સ્વભાવના અને પરસ્પર વિરોધ કરતાં એવા એક રાજાના કે રાજ્યના સેવકો પણ તે રાજાની કે રાજ્યની સેવા કરતા હોય છે, તેમ એ સાતે નયો પણ સ્યાદ્વાદ-અનેકાન્તવાદ શ્રુતરૂપી આગમ-સિદ્ધાંતની સેવા કરતા હોવાથી સમગ્રપણે સ્યાદ્વાદ-અનેકાન્તવાદના સેવકો છે.

એ જ વાતનું સમર્થન કરતો જુઓ આ શ્લોક -

"सत्थे समिंति सम्मं, वेगवसाओ नया विरुद्धा वि ।
निश्च ववहारिणो इव राओ दासाण वसवत्ती ।।"

અર્થાત્- પરસ્પર વિરુદ્ધવર્ત્તી એવા નય પણ એકત્ર થયે સમ્યકત્વ થાય છે, એક જિનને વશવર્તી થવાથી રાજાના જુદા-જુદા અભિપ્રાયવાળા સેવકો નોકરોની પેઠે.

જેમ માણસો કોઈ કારણોસર પરસ્પર એક બીજા લડતા ઝગડતા તેઓ ન્યાય કરાવવા માટે નિષ્પક્ષપાત ન્યાયાધીશ પાસે એકઠા થઈને જાય અને પક્ષપાત રહિત ન્યાયાધીશ યુક્તિપૂર્વક ઝઘડાને મટાડી પરસ્પર લડતા-ઝગડતા એકઠા થઈને ન્યાય કરાવવા માટે નિષ્પક્ષપાત ન્યાયાધીશ એવા જિનેશ્વર પ્રભુ પાસે આવતાં તેઓને યુક્તિપૂર્વક સમજાવી, વિરોધ ટાળી અને ઝગડાને સમાવી પરસ્પર તેઓનો મેળાપ કરાવે છે. વળી પરસ્પર વિરોધી ભિન્ન ભિન્ન નયોરુપી વિષની કણીયું પણ શ્રી જિનેશ્વર રુપ પ્રૌઢ મંત્રવાદીના સાપેક્ષવાદરૂપ પ્રયોગથી અવિરોધરૂપ નિર્વિષપણાને પામે છે અને હઢ-કદાગ્રહાદિકરૂપ કોઢાદિકના રોગથી અત્યંત પીડા પામતા એવા પ્રાણીને અમૃતરૂપે પરિણમે છે.

પ્રાંતે "જૈન દર્શનમાં નયવાદની વિશિષ્ટતા" એ હેડીંગવાળા આ લેખમાં મારા મતિદોષથી જાણતાં કે અજાણતાં કાંઇ પણ વિપરીત કે અસ્પષ્ટ લખાયું હોય, તેનો ત્રિકરણયોગે મિચ્છામિ દુક્કડં આપતો વિરમું છું.

**વીર સં. ૨૪૯૭**

**વિક્રમ સં. ૨૦૨૭**

**ફાગણ સુદિ ૪, રવિવાર**

**તા. ૨૮-૨-૭૧**

**: સ્થળ :**

**શ્રી જૈસલમેર તીર્થ, મહાવીર ભવન (રાજસ્થાન)**

(જૈસલમેર તીર્થમાં શ્રી ધર્મનાથ આદિ, શ્રી વિમલનાથ આદિ અને શ્રી ગોડીપાર્શ્વનાથ આદિ જિન બિમ્બોની પ્રતિષ્ઠાનો દિવસ)

**-: લેખક :-**

શાસન સમ્રાટ્-સૂરિચક્રવર્તિ-તપોગચ્છાધિપતિ-ભારતીય ભવ્ય વિભૂતિ સ્વ. પૂ. આ. **શ્રીમદ્‌વિજય નેમિસૂરીશ્વરજી** મ. ના પટ્ટાલંકાર સાહિત્ય સમ્રાટ્-વ્યાકરણ વાચસ્પતિ-શાસ્ત્ર વિશારદ-કવિરત્ન સ્વ. પ.પૂ. આ. **શ્રીમદ્‌વિજય લાવણ્ય સૂરીશ્વરજી** મ. ના પટ્ટધર શાસ્ત્રવિશારદ-કવિદિવાકર-વ્યાકરણ રત્ન પ.પૂ. આ. **શ્રીમદ્‌વિજય દક્ષસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર સાહિત્યરત્ન-શાસ્ત્ર વિશારદ-કવિભૂષણ આચાર્ય **શ્રીમદ્‌વિજય સુશીલસૂરિ.**

।। श्रीरस्तु ।। शुभं श्री संघस्य ।।

श्री सुशील-साहित्य प्रकाशन समिति
उद्देश्य
सम्यग्ज्ञान का प्रचार-प्रसार
नमो नाणस्स


## ટ્રસ્ટ મંડલ

| | |
|---|---|
| ★ સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી | જોધપુર |
| ★ શા. હસ્તિમલજી દેવીચંદજી મુઠલિયા | તખતગઢ (મુંબઈ) |
| ★ સંઘવી શ્રી પ્રકાશચંદ્રજી ગેનમલજી મરડીયા | જાવાલ (ચૈન્નઈ) |
| ★ સંઘવી શ્રી માંગીલાલજી ચુનીલાલજી | તખતગઢ (ચૈન્નઈ) |
| ★ શા. નૈનમલજી વિનયચંદ્રજી સુરાણા | સિરોહી (મુંબઈ) |
| ★ શા. માંગીલાલજી તાતેડ | મેડતાસિટી (ચૈન્નઈ) |
| ★ શા. દેવરાજજી દીપચંદજી રાઠૌડ | જવાલી (પાલી) |
| ★ શા. રમણીકલાલજી મિલાપચંદજી | નોવી (સુરત) |
| ★ શા. પારસમલજી સરાફ | બિલાડા |
| ★ શા. ગણપતરાજજી ચોપડા | પચપદરાસિટી (મુંબઈ) |
| ★ શા. સુખપાલચંદજી ભંડારી | જોધપુર |


## કાર્યાલય


**શ્રી સુશીલ-સાહિત્ય પ્રકાશન સમિતિ**
C/o. સંઘવી શ્રી ગુણદયાલચંદજી ભંડારી
રાઈકા બાગ, પુરાની પુલિસ લાઈન પાસે
મુ.પો. જોધપુર - 342 006 (રાજ.)
Ph. : (0231) 2511829, 2510621



Printing by : Ambica Card Centre, A'bad-4. Ph.: (O) 2160989 (R) 7439106